કુમાર

માઘ '૮૪

અંક ૫૦



ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર રાવળ



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક–પ્રકાશક** બચુભાઈ રાવત,
કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.


તમારો ગ્રાહક નંબર

વર્ષ ફરવાને લીધે બદલાયો
હશે: માટે અંકના રૅપર ઉપર
જોઈ તે નોંધી લેજો અને કોઇ-
પણ જાતના પત્રવ્યવહાર વખતે
તે સાથે લખવો ન ચુકતા.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણુ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



સત્યવીર શ્રદ્ધાનંદજી

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૫ અંક ૨ માહ ૧૯૮૪

અવિચલ સ્વરાજ્યે

: ખંડ શિખરિણી :

વનોની કુંજોએ,
હિમાદ્રિ શૃંગોએ અજર ધ્રુવ રાષ્ટ્રધ્વજ ફરે;
મહાબ્ધિના મોજે અનવિરત સ્વાતંત્ર્ય ગરજે:
દિશ સકલ ચૈતન્ય ચમકે.

પ્રતાપી વીરોના,
મુનિ દ્રષ્ટાઓના શબ્દ બહુ બોલે ગગનમાં;
ઘુમંતા આત્માઓ ભરતભૂમિ – વાતાવરણમાં:
અભિનવ મહાપ્રાણ જનમાં.


પ્રજાનાં અંગાંગે,
રસાળા રોમાંચે પળવિપળ ચંડી વીજ ચઢે;
નવી દૃષ્ટિ માંહે સુરઅસુરનો વિગ્રહ વધે:
હૃદયહૃદયે ઐક્ય પ્રગટે.

પછી ગેહે ગેહે,
અને યજ્ઞે યજ્ઞે થનગન થતો જ્યોતિ બળશે;
સહસ્રો બત્રીશા અલખ બલિદાને ભભકશે:
કણકણ ભભૂતિ મળી જશે.

અહો ! એ આશામાં,
વિશાળી શ્રદ્ધામાં જીવિતભર કર્તવ્ય ભરવું;
સ્વધર્મી યુદ્ધાના કવચસજ કો સૈનિક હવું:
અવિચલ સ્વરાજ્યે લય થવું !

દેશળજી પરમાર





વિદ્યા દદાતિ વિનયમ્
વિનયાત્ યાતિ પાત્રતામ્

ખરી વિદ્યાનું સહજ પરિણામ વિનય છે. વિનય એટલે સ્વભાવમાં અમુક જાતની સંસ્કારિતા—ફિનિશ. એવી સંસ્કારિતામાંથી જ માણસાઈ પ્રગટે છે.

આપણને હાલ મળતી વિદ્યાથી કેવી જાતની માણસાઇ પ્રગટી રહી છે તેના નમુના રૂપ નીચેનું બ્યાન એક મિત્રે સ્વાનુભવથી લખી મોકલ્યું છે. તે પરથી આપણને મળતી વિદ્યા ખરી વિદ્યા છે કે નહિ તેનો વાંચનાર વિચાર કરશે, તો આખી પ્રજાને લાભ થશે.

'કૉલેજમાં નહિ જવા પામેલાઓ તથા હાઇસ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્થિતિ જોઈ ઘણીવાર બોલે છે કે 'વાહ, ખરી લહેર હોય તો કૉલેજિયનોને જ.' પણ એમને કૉલેજિયનોનાં અંગત જીવનની જાણ નથી હોતી. એ તો ત્રણ-ચાર વર્ષ એમના સંસર્ગમાં આવેલા હોય તે જ જાણે. તેમાં યે જે હૉસ્ટેલમાં રહેલા હોય તે વધારે જાણે. સરસ વાળ ઓળેલા, મોંએ હેઝેલ્ટાઇન, પૉલિશ કરેલાં બુટ, ઉજળાં અસ્ત્રીબંધ કપડાં;— આ બધું જોઇ બીજાને જરૂર એમ લાગે કે આ લોકો ખરી લહેર કરે છે. પણ આવી લહેરો એ વિદ્યાર્થીઓ કેવી રીતે ઉડાવે છે તે જોઇએ.

કૉલેજિયન એટલે નાગરિક—ગૃહસ્થ, કૉલેજિયન એટલે વિશ્વાસપાત્ર માણસ, કૉલેજિયન એટલે દેશને માટે લાગણી ધરાવતો તરુણ એમ બીજા માનતા હોય તો તેમાં ગંભીર ભુલ છે. અત્યારના કૉલેજિયનો (બધા નહિ તો ઘણાખરા) તો કોઇ ઓર જ છે. એમની વાતો લખું તો અજાયબ થશે.

અપશબ્દ બોલતાં તો જરા પણ અચકાય નહિ. એવી (તદ્દન બીભત્સ) વાતો મોટેથી ખુલ્લી રીતે હૉસ્ટેલની રૂમોમાં થયા જ કરે. એમાંની ઘણીખરી વાતો કૉલેજમાં ભણતી કન્યા—વિદ્યાર્થીનિની હોય. આપણી રૂમમાં કોઇ આપણા વડીલોને લાવતાં પણ અચકાઇએ. એક વખત મારા વડીલ મહેમાન તરીકે મારી રૂમમાં આવ્યા. મારે તેમને કહેવું પડ્યું કે 'સભાળજો બોલતાં; મારા મહેમાન આવેલા છે.'

બહાર પણ કૉલેજિયનોની આબરૂ નથી રહી. મારે બહાર મકાન ભાડે રાખવું હતું. દરેક જણ કહે કે 'અમારે કૉલેજિયનોને ભાડે નથી આપવું. કોઈ કુટુંબ સાથે રહેવા આવે તો આપીએ. કૉલેજિયનોનો અમને વિશ્વાસ નહિ.'

એક ભાઇ એવા છે કે પોતે ગરીબ હોવાથી કૉલેજમાં માફી છે, પણ શોખીન પુરેપુરા છે. કોટ, પાટલુન, ટાઇ વગર ન ચાલે. સીનેમા નાટક જોવા જોઈએ. પૈસા ક્યાંથી કાઢવા? મહીનામાં આઠ દસ દિવસ ન જમી કલબનું બીલ બચાવે. આઠદસ દિવસ ન જમે એટલે સહેજે ચારપાંચ રૂપિયા બચે. આ બચેલા રૂપિયામાંથી શોખ મારે. પિતાની સ્થિતિનો વિચાર કરનાર ઘણા થોડા હશે. એક ભાઇના પિતાશ્રીને ૫૦ થી ૬૦ રૂા. નો પગાર છે. ભાઈ પાસે ખમીસ પહેરવા નહિ.

અશક્યતાઓનો પરાજય
એટલે પ્રગતિ

એક ધોબી પાસેથી આવે ત્યારે બીજું આપે. એક ખમીસે તેટલો વખત ચલાવે. પણ આ ભાઇ નાટકમાં ત્રણ રૂપિયા ખરચ કરતાં ન ચુકે.

શિયાળામાં એક મહીના સુધી નહિ નહાનારા પણ પડ્યા છે. અઠવાડિયે અથવા ત્રણચાર દિવસે નહાનારા તો ઘણા જ. નિયમિત કસરત કરનાર એક બે. ખાવાપીવાની બાબતમાં તો ઘણાખરા બેદરકાર. શું ખાવું તેનો વિચાર જ નહિ.

અત્યારના આવા કૉલેજિયનો પાસેથી દેશ માટે સારી આશા રાખવી એ તદ્દન નકામું છે. બીચારા પોતાની જાતને નથી સંભાળી શકતા તે દેશને શું સંભાળે?

હમણાં બી. એ. પાસ થએલા એક ભાઇ ત્રીસપાંત્રીસની નોકરી શોધવા માટે અહીં આવેલા છે, પણ ક્યાંયે પત્તો ખાતો નથી. હિંદુસ્તાન જ એવો દેશ લાગે છે કે જ્યાં ગ્રૅજ્યુએટની આ દશા છે. સ્ટેશન પરના મજુરને દરરોજના અઢીથી ત્રણ રૂપિયા મળતા હશે. મારા ગામનો ચેવડાવાળો કહેતો કે 'મને દરરોજના ૨ થી ૩ રૂપિયા મળે છે.' કડિયા, દરજી, સુતાર, વણકર, રંગારા વગેરે થયા હોત તો યે મહીને ઠીકઠીક કમાત.

પહેલી ટર્મમાં વાંચનાર થોડા. દિવસે વાંચનાર પણ થોડા. ઘણાખરા રાત્રે ઉજાગરા કરીને જ વાંચનાર. છેલ્લે મહીને મહેનત કરવાના. મરડી તોડીને પણ પરીક્ષા પસાર કરવી. વાંચતાં થાકે એટલે ચાનો કપ લેવો. ઉંઘ આવે તો પણ પરાણે જાગી વાંચવું. દિવસના વખત મળે ત્યારે ભેગા થઈ વાતોના ગપાટા મારવા. (વાતો અગાઉ લખી તેવી.) આવું વાતાવરણ હવે તો હૉસ્ટેલોનું છે. કેટલાકોની જીંદગી પણ બગડે છે. બીચારા ફેશનની ફિશિયારીમાં એવા તો પરતંત્ર થયા છે કે કલબના રસોયા ખવડાવે તે ખાય: જેવુંતેવું, બગડેલું, સડેલું.

નોકર પાય તેવું પાણી પીએ—ગળ્યા વગરનું પાણી. કારણ કે ગામમાંથી શાક અને બીજી ચીજો લાવતાં અને પોતાનું પાણી ગળતાં શરમ આવે. ક્લબે ગળે ખાનારા હૉસ્ટેલો ને ક્લબના મહારાજોને કોઇ કાંઈ કહી ન શકે; કારણ કે પોતામાં બધું હાથે કરવાની તાકાત નથી. આવું જોઇ કેટલીક વખત તો દયા આવે છે. . . . . હવે ઘણું થયું.”

છાત્રાલય સંમેલનમાં આ સવાલની ચર્ચા મુકવામાં આવે અને યૂનિવર્સિટી તથા કૉલેજના સંચાલકોનું ધ્યાન એ તરફ દોરી કૉલેજ જીવનના આદર્શોની જવાબદારી જાહેર પ્રજા તરફથી તેમના પર જ મુકવામાં આવે તો જ કૉલેજનાં હૉસ્ટેલો સુધરી શકે. આપણને પશ્ચિમનું ખર્ચાળ જીવન જોઇતું નથી; આપણને તો પશ્ચિમની વિદ્યા ને ક્રિયાશક્તિની જરૂર છે. એ ખર્ચાળ ટેવો જ આપણને અનેક પાપો તરફ દોરે છે. અને જે સંસ્થા આવી ટેવો નિભાવી લેતી હોય તેને ટકાવી રાખવાનું ભયંકર પ્રાયશ્ચિત્ત આવતી પ્રજાને જ ભોગવવું પડશે.

માબાપના પરસેવા પર તાના કરી કૉલેજનો ખર્ચ કરી રહેલા વિદ્યાર્થીઓ જીવનમાં આગલી ટેવો નિભાવવા જ્યાં જ્યાં નોકરી કે ઓદ્ધો મેળવે છે ત્યાં તેઓ મોટે ભાગે અન્યાય, પ્રમાદ ને દુષ્ટતાથી પૈસો મેળવે છે. એવા માણસો ઉપર હવે ધીમેધીમે ગરીબ અને ઉદ્યમી પ્રજાની આંખ કરડી થવા માંડી છે. એમની સહનશીલતાની અવાધ આવતાં પોતાને કચડનારા વર્ગનો તેઓ સદંતર નાશ ઇચ્છે તો શું આશ્ચર્ય!

યૂનિવર્સિટીની વિદ્યાએ આપણા દેશની આર્થિક ને માનસિક સ્થિતિમાં શો ફાળો આપ્યો તેનો વિચાર કરીએ છીએ ત્યારે, તેના મોહમાં શરીર આયુ ને દ્રવ્યની ખુવારી કરી રહેલાં માબાપો ને વિદ્યાર્થીઓ માટે એક હાય નીકળે છે.

જેમની આંખ ઉઘડી હોય તેઓ દેશની કેળવણીમાં ફેરફારો કરનારી ઝુંબેશોમાં સામેલ થાઓ.

દેશની યુવકપ્રવૃત્તિ

ગયો (જાન્યુઆરી) માસ જાણે યુવક-ઉત્સવોનો જ હતો. સુરત અને અમદાવાદે એ માસમાં યુવકસપ્તાહ ઉજવ્યાં; મુંબાઇમાં આ ઈલાકાના યુવકોની પરિષદ ભરાઈ; અને નાતાલમાં મદ્રાસમાં ભરાએલા અખિલ ભારત યુવક પરિષદના પડછંદ પણ આ માસ દરમ્યાન ગાજ્યા જ કર્યા હતા.


ગુજરાતના સિપાહી ઇન્દુલાલે સુરતના સપ્તાહ વેળા ત્યાંના શહેરીઓને જે સાદ દીધો છે તેમાં, આ પ્રવૃત્તિની શરૂઆત કેમ થઇ, બીજા દેશોમાં તે કેમ ચલાવવામાં આવે છે અને આપણા યુવકોનું શું કર્તવ્ય છે તે એમણે બહુ સારી રીતે બતાવેલું હોવાથી તેનો ઉપયોગી ભાગ અમે બીજે ઉતારીએ છીએ. કહેવાની જરૂર નથી કે અમે એમનાં એ વચન, તથા અમદાવાદ યુવકસપ્તાહ વેળા શ્રી ઍન્ડ્રૂઝે કાઢેલા નીચેના ઉદ્ગાર સાથે પુરા સંમત છીએ કે યુવાનોએ સત્ય, સેવા અને સાહસ જીવનમાં ઉતારવાં જોઇએ.

સુરત અને મુંબઈનાં સંમેલનોના અમે સાક્ષી થઇ શક્યા નથી. અમદાવાદે સાતે દિવસ સ્ત્રીઓ, બાળકો, ચર્ચા, વ્યાયામ, આનંદબજાર, નાટ્યપ્રયોગો અને પૂર્ણાહુતિ એમ વિવિધ વિષયો માટે ઠરાવીને તે તે દિવસના કાર્યક્રમ યોજ્યા હતા. ત્યાંના સ્થાનિક યુવકસંઘનાં પ્રમુખ સ્ત્રી હોવાને કારણે સ્ત્રીઓએ ઠીક ભાગ લીધો હતો અને બાળકોનો દિવસ પણ સારો ઉજવાયો ગણાય. આ સપ્તાહ વેળા યુવક-રંગભૂમિ ઉપર નાટ્ય અને અભિનયની સાથે પહેલી જ વાર નૃત્ય પણ ઉતારી શકાયું એ તેની વિશિષ્ટતા છે, અને ગુજરાતી યુવકોમાં તેની પહેલ કરીને તે પ્રથમ આણી ઉતારવાનું માન આપણા ઉગતા ચિત્રકાર ભાઈ કનુ દેસાઇને વરે છે. અમે ઇચ્છીએ છીએ કે કલાનું એ અગત્યનું અંગ આપણી પ્રજામાં વધુ વિકસે અને ફેલાય.

પરંતુ અમારો અંતરનો અભિપ્રાય અમારે જણાવવો જોઇએ કે વરસે દહાડે સાત દહાડાના આમ ઉત્સવો ઉજવી બેસી રહેવું એ યુવક પ્રવૃત્તિનું મુખ્ય સ્વરૂપ નથી; ન હોવું ઘટે. એ એક સ્વરૂપ હશે, પણ ખરૂં સ્વરૂપ નથી. યુવકોની પ્રવૃત્તિનું મુખ્ય ધ્યેય તો પડેલી પ્રજામાં પ્રાણસંચાર કરવાનું, ઉંઘતાંને જાગૃત કરવાનું, અંધકારમાં પ્રકાશ ફેલાવવાનું અને ઘેરેઘર ઘુમી વળી ઉલ્લાસનો મંત્ર ફુંકવાનું છે. આપણો પછાત વર્ગ અંધકારમાં સબડે છે તેમની સેવા પાછળ કેટલા યુવકોએ ભેખ લીધો? આપણા સમાજ, કેળવણી, વેપાર અને રાજકારણનાં બંધનોનું જડામૂળ કાઢવા કેટલા યુવકો હોમાયા? આપણાં નિર્માલ્ય શરીર માટે નવાં ખોળિયાં ઘડવા કેટલા નવા અખાડાઓ પ્રગટાયા? આપણાં અનાથ ને ભુંસાઈ જતાં ગામડાંઓની પુનર્રચના પાછળ કેટલા બત્રીશાઓ દટાયા? એ હિસાબ જ્યારે યુવક પ્રવૃત્તિઓ આપતી થશે—જ્યારે વસન્તની નવફુટતી કુંપળો પેરે શહેરેશહેર ગામેગામ ને પોળેપોળ અખાડાઓ ફુટી નીકળ્યા હશે; જ્યારે ફુટતી આવતી મુછો વાળા કલ્લોલતા નવલોહીઆઓ ખભે પોટલાં ને હાથમાં લાકડીઓ લઇ ટોળાંબંધ આપણાં ગામડાંઓમાં અઠવાડિયાંઓ સુધી ઉભરાતાં હશે; જ્યારે દેશના એકેએક વિભાગમાં—ગામડાના ચોરામાં, રાત્રિશાળામાં, ઉદ્યોગશાળામાં, મજુર લત્તાઓમાં કે પછાતવર્ગોના આશ્રમોમાં એકેક જોધારમલ્લ મઠપતિ થઇ પોતાની પ્રવૃત્તિ પાછળ ભેખ લઇ દટાઇ ગયો હશે; અને જ્યારે દેશની હાકલ પડતાંને વાર દેશનાં છ કરોડ ઘરમાંથી એકેક યુવાન સામી ત્રાડ દેતો બહાર નીકળી એ છ કરોડની સામટી ત્રાડે ભારતના આભને ધણધણાવવા તૈયાર હશે ત્યારે—તે દહાડે જ આપણો જયવારો છે; તે દહાડે જ આપણાં મોં ઉજળાં થવાનાં છે.

અમેરિકન પ્રજાઘડતરના આરંભકાળનો અગ્રણી

બેન્જામિન ફ્રાંકલિન



સત્તરમી સદીની શરૂઆતમાં 'મે ફ્લાવર' વહાણમાં બેસી મુઠ્ઠીભર શ્રદ્ધાળુ કુટુંબો તોફાની આટલાંટિક પાર કરી એ અરધી દુનિયા જેવડા વિશાળ ઉજ્જડ સરખા ખંડને આરે લાંગરે છે, અને આજ વીસમી સદીની શરૂઆતમાં એ અફાટ દેશનો એકેએક માણુસ, પત્થર, —રે તણખલું સુદ્ધાં, મહત્તા સમૃદ્ધિ અને પ્રગતિનાં પુરમાં છે. એમણે યુદ્ધો ખેડયાં ને સ્વતંત્રતા સરજાવી; એમણે એ આખો ખંડ ખેડયો ને સમૃદ્ધિ સરજાવી; એમણે જીવનના વિવિધ અનુભવો ખેડયા ને પોતાની સંસ્કૃતિ સરજાવી—માત્ર ત્રણ સો વર્ષમાં: અને તે કોઈની સહાય વિના, કોઇના આશરા વિના; કેવળ આત્મશ્રદ્ધાના બળ ઉપર લડીને, અડગ ધૈર્યથી ને અતુલ શૌર્યથી. પરિણામે આજે એ દુનિયાની પ્રજામાં સૌથી મોખરે છે: બળમાં ને આરોગ્યમાં, સમૃદ્ધિમાં ને સત્તામાં, વિજ્ઞાનમાં ને પ્રગતિમાં.

જગતભરની પ્રજાઓમાં આજ સૌને મોખરે ચાલતી અમેરિકાની પ્રજાએ ફક્ત ત્રણ સદીમાં જે અદ્ભુત પ્રગતિ કરી છે તે નિર્દેષતો ઉપલો ઉતારો ગયા અંકની મિજલસમાંથી અમે આ ઉપર એટલા માટે કરીએ છીએ કે, આજ બીજે જ મહીને અમે આ સામે એ પ્રજાના ઘડતરના અગ્રણી સરખા એક મહા બુદ્ધિશાળી અને વિચક્ષણ પુરુષવરનું જે આછું ચરિત્ર આપીએ છીએ તે સમજવામાં એક સુર મળે. એક અજાણ્યા અફાટ મુલકમાં આવીને એ પ્રજાએ તદ્દન નવેસરથી પોતાનું પ્રજાજીવન ઘડયું એ આરંભકાળના તેના અગ્રણી પુરુષોમાં બેન્જામિન ફ્રાંકલિનનું નામ આગળ તરતું છે. કુદરતના એક ભીષણ શસ્ત્ર સમી ભયંકર શક્તિ જે વિજળી તેને, પૃથ્વી પર ઉતારી માનવ ઉપયોગમાં લેવાના સફળ અખતરાઓ એણે જાનના જોખમે કર્યાં હતા, અને પોતાના એ માનીતા 'બેન ફ્રાંક'ના એ સાહસને સંભારીસંભારીને ત્યાંની પ્રજા આજે ફુલતી છાતીએ એના વિષે બોલે છે કે 'એણે રાજાઓના હાથમાંથી રાજદંડ ઝુંટવ્યા અને આકાશમાંથી વિજળીને ઝુંટવી અવની પર આણી ઉતારી.'

કેવળ આપબળે ગરીબીના કાદવમાંથી બહાર આવી પોતાના દેશના ઘડતરમાં અનેક રીતે અમૂલ્ય ફાળો આપનાર એ સમર્થ પુરુષના ચરિત્રની માત્ર આછી રેખા જ અમે અહીં આપી શકીએ છીએ. પરંતુ કોઇ નાનામાં નાનો માણસ પણ અનુસરવાનો પ્રયત્ન કરી શકે એવું, એ મુદ્રક મુત્સદ્દી ને શોધક, લેખક રાજનીતિનિપુણ અને વિજ્ઞાનીનું અતિ પ્રેરક ચરિત્ર વિસ્તૃત ગ્રંથ રૂપે ઘણાં વર્ષ પહેલાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીએ બહાર પાડયું છે તે પ્રત્યેક પ્રેરણા-પિપાસુને વાંચી જવાની અમારી આગ્રહપૂર્વક ભલામણ છે.

આજથી આશરે અઢી સો વર્ષ પહેલાં, આજે સુધરેલી ગણાતી દુનિયામાં ઉદરનિર્વાહ માટે પ્રજાને અવનવા માર્ગો શોધવાની જરૂર પડી. અંગ્રેજ, ફ્રેંચ, પોર્ટુગીઝ અને વલંદાઓ જળમાર્ગે વેપારને અર્થે નવા દેશોની શોધમાં નીકળી પડયા. આ વેપારી પ્રજાને પોતાના જ દેશમાં રહી પોતાના દેશને તેમજ દુનિયાને ઉપયોગી થાય એવી વિજ્ઞાનની નવી શોધો કરી તેના ઉપયોગથી જીવનનિર્વાહ ચલાવવાનું એ કાળે નહોતું સુઝયું. તેમને તો સમુદ્રમાર્ગે વેપાર ખેડવાનું વધુ સુલભ અને અનુકુળ હોઇ પરદેશ ખેડી પરદેશની પ્રજાને સ્વદેશનો માલ વેચી, અને સ્વદેશની પ્રજાને પરદેશનો માલ વેચી વચ્ચેથી કમિ-

શન ખાવાનું જ સુઝયું હતું. યૂરોપના દેશોને માટે હિન્દુસ્તાન આવાં કામ માટે બહુ જ સારૂં સ્થળ હતું.

યૂરોપની પેઠે અમેરિકામાં પણ ત્યાં તરતની જઇ વસેલી પ્રજાને ઉદરપુરણનો પ્રશ્ન ભારે ને ભારે કપરો થતો જતો હતો. પણ એ પ્રજાને માટે હિંદુસ્તાન દેશ ઘણો દૂર હોવાને લીધે, તેમજ વિના હરકતે અગર તો ઓછામાં ઓછી મુશ્કેલીથી પોતાનો પગ-પેસારો થઈ શકે એવો બીજો કોઇ દેશ તેમની નજીક-માં ન હોવાને કારણે અમેરિકનોને પોતાના નિર્વાહ માટે કુદરતની સાથે લડી લીધા સિવાય બીજો કંઇ આરો નહોતો. આથી અમેરિકાના ઘણાખરા વિચારકો કુદરતની શક્તિ અને કુદરતી બનાવોનો, પોતાને અનુકુળ પડે એવી રીતે કેમ ઉપયોગ થઈ શકે એ પ્રશ્નના વિચારમાં ઉંડા ઉતરતા જતા હતા. કેટલાક વિદ્વાનો વિજળી અને તેમાં રહેલી અદ્દભુત શક્તિની શોધમાં રોકાયા હતા. આ વિદ્વાનોના પ્રયોગો હજી તો પ્રાથમિક દશામાં જ હતા. ઍમ્બરના લાકડા સાથે બિલાડીનું ચામડું ઘસવાથી વિજળી ઉત્પન્ન થઇ શકે એટલું તેઓ હજી જાણી શકયા હતા. આવી પ્રારંભકાળની મુશ્કેલીભરી સ્થિતિમાં અમે-રિકાની પ્રજાને કોઇ નવે માર્ગે દોરી તેના પ્રજા-જીવનને ટકાવે અને ખીલવે એવા એક મહાન નરની બહુ જ જરૂર હતી.

અઢારમી સદીની શરૂઆતમાં, આમ, અમેરિકન પ્રજાની ખરી જરૂરતની ઘડીએ બોસ્ટનમાં એવા એક નરનો જન્મ થયો. અમેરિકાની પ્રજામાં નવયુગ પ્રવર્તાવી જેણે પ્રજાના વહેણને પ્રગતિની દિશામાં વાળ્યું અને જેના પૂજ્ય નામનું સ્મરણ આજ પણ અમેરિકનો આભાર અને અભિમાનપૂર્વક કરે છે. એ મહાન નરનું નામ બેન્જામિન ફ્રાંકલિન.

બોસ્ટન ગામના એક ખુણામાં ઈ. સ. ૧૭૦૬ ની સાલમાં એ જન્મ્યો ત્યારે તેનાં માતપિતાને કે તેનાં ૧૬ ભાંડુઓમાંથી કોઇને ખબર નહોતી કે તેમને ત્યાં ભવિષ્યમાં દુનિયાની એક મહાનમાં મહાન વિભૂતિ થવા સર્જાએલ અને અમેરિકાની પ્રજાને પ્રગતિને પંથે મુકનાર વ્યક્તિનો જન્મ થયો હતો. આજે તો કોઇ પણ અમેરિકનને કાને બેન્જામિન ફ્રાંકલિનનું નામ પડતાં તેની નજર આગળ એક મહાન યુગપ્રવર્તક, ચાણકય બુદ્ધિવાળી, વિચક્ષણ રાજનીતિજ્ઞ અને પોતાનાં બુદ્ધિચાતુર્યથી પ્રજાના આંતરિક કલહ-કંકાસને દૂર કરી શાંતિ અને સુલેહનો પેગામ પહોં-ચાડનારી વિભૂતિ ખડી થાય છે.

તેના જીવનની દરેક બાજુ અત્યંત બોધક અને રસિક છે. આનું કારણ કેટલાક માને છે તેમ એ કોઇ મોટો સંત પુરુષ હતો એ નહિ પણ એ આ-પણા જેવો જ અદનો માનવી હતો અને તેનામાં ઉદાર, ઉદાત્ત અને ચંચળ દિલ હતું, એ છે.


તેનામાં ગમે ત્યાંથી ગમે તે પ્રયત્ને જ્ઞાન મેળવી લેવાની ભારે ધગશ હતી અને વારંવાર આત્મ-પરીક્ષણ કરવાની અપ્રતિમ શક્તિ હતી. એ ઉપરાંત, ભાગ્યે જ કોઇમાં હોય એવો એક ઉત્તમ ગુણ તેનામાં એ હતો કે તે પોતાની કોઇ પણ માન્યતા લોકો પાસે એવી તો સચોટ રીતે રજુ કરતો કે ગમે તેવો સાધારણ માણસ પણ સહેલાઇથી સમજી શકે.

ગરીબ માબાપનાં સત્તર છોકરાંઓમાંનો એક હોઇને તેને વડીલોપાર્જિત વારસો તો બીલકુલ નહોતો મળ્યો. આથી તેને જીવનમાં આપબળે જ આગળ ધપવાનું હતું. બેન્જામિન નાનું છોકરૂં મટી સહેજ મોટો થયો ન થયો એટલામાં તો તેણે તેના ભાઇ જેમ્સના છાપખાનામાં ઉમેદવારી કરીને જીવનની શરૂઆત કરી. આ છાપખાનામાં રહીને મુદ્રણકલાની ઝીણામાં ઝીણી માહિતી તેણે મેળવી લીધી. જેમ્સે પણ આ ધંધાની દરેકે દરેક ઝીણવટમાં તેને એવો તો પાવરધો કરી દીધો કે ભવિષ્યમાં વિજ્ઞાનની શોધ કરવામાં વાપરવાં પડતાં સાધનોનો ઉપયોગ કરવો એ તો તેને મન રમતવાત થઇ પડી. ઉપરાંત, તેની જ્ઞાન મેળવવાની ઇચ્છા એટલી તો પ્રબળ હતી કે જ્યાંથી મળી શકે ત્યાંથી એકાદ સહેલી કે અઘરી ચોપડી મેળવી તેનો અભ્યાસ કર્યા પછી જ તે છોડતો. પુસ્તક વાંચ્યા પછી તેનું મનન કરતો અને તે ઉપરથી સુઝના વિચારો ટપકાવી લેતો. પરિણામે વર્ષો પછી પણ તેના પત્રો અને નિબંધો એવા તો સચોટ અને સુસ્પષ્ટ જણાયા છે કે દુનિયાના બીજા દેશોના સમકાલિન વિજ્ઞાનશાસ્ત્રીઓમાં તેનું સ્થાન સદા ઉંચું જ રહ્યું છે.

૧૭ વર્ષની ઉમરે આ છાપખાનાના ચેલકાએ

વિજ્ઞાનને ઘરગથ્થુ કરનાર મહાન અમેરિકન બેન ફ્રૅંકલિન—જેની કુશાગ્ર બુદ્ધિએ

તેના ફળદ્રુપ ભેજાએ વિના મહેનતે તરવાનો એક નવો જ નુસખો શોધી કાઢ્યો.



પહેલી જ વાર એક ભારે શોધ કરી. તેને તરવાનો બહુ શોખ હતો. તરવાની ચડસાચડસીમાં બીજા તરવૈયાથી હમેશાં આગળ વધવાની મહત્ત્વાકાંક્ષાને લીધે તેણે એક મોટી પતંગ બનાવી અને તેના ઉપર સુસવતા પવનની શી અસર થાય છે તે જોવાનો પ્રયોગ કર્યો. આ પ્રયોગનું વર્ણન તેના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે :

'પાણી ઉપર ચત્તા સુઇને હાથમાં લાકડી (પતંગને બાંધેલી) પકડી રાખતાં મને જણાયું કે હું પાણી ઉપર બહુ જ સહેલાઇથી આગળ વધતો હતો. આ વખત પછી તરવાનો આ જાતનો અખતરો ફરીથી નથી કર્યો; છતાં હું ધારૂં છું કે કૅલેથી ડોવર સુધી આ રીતે તરવું અશક્ય નથી.'

તેના આ અખતરાનો અમલ હજી સુધી કોઇએ કર્યો નથી, પણ આજે જો તે જીવતો હોત તો આત્મસંતોષને ખાતર પણ પોતાનો પ્રયોગ ઉચિત અમલમાં મુકી એ બતાવી આપત કે પોતાની શોધ વિજ્ઞાનની દૃષ્ટિએ ખોટી નથી.

તરવામાં બુચ કે તુંબડાના ઉપયોગ વિષે ફ્રાંકિલનને જરા યે શ્રદ્ધા નહોતી. 'આ વસ્તુઓ તમે પાણીમાં હાથપગ હલાવતાં શીખો ત્યાં સુધી તમને પાણીની સપાટી ઉપર રાખવામાં ઉપયોગી થશે ખરી, પણ જ્યાં સુધી પાણી તમને સપાટી ઉપર રાખી શકશે એટલો વિશ્વાસ તમારામાં ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તમે તરવામાં નિષ્ણાત નહિ બનો.' તેની કુશાગ્ર બુદ્ધિમાંથી નવીનવી સૂચનાઓ તો નીકળ્યા જ કરે. તરતાં શીખવા વિષે આ રહી તેની સૂચના: 'પાણી ઉંડું થતું જાય એવી જગ્યા શોધી તેમાં છાતીપુર પાણી સુધી ચાલો. કાંઠા તરફ મોઢું ફેરવી તમારી અને કાંઠાની વચ્ચે એકાદ ઇંડું ફેંકજો. ઇંડું તરત જ બુડી જશે પણ નજરે દેખાશે ખરૂં. છતાં અંદર ડુબકી માર્યા વગર હાથેથી ઉપાડી ન શકાય એટલું તે ઉંડું હશે. ઈંડાને લેવા સારૂ પાણીમાં આંખ ઉઘાડી રાખી હાથ અને પગથી ઇંડા સુધી પહોંચવા પ્રયત્ન કરતાં તમને જણાશે કે પાણી તમને ઉપર રાખવા પ્રયત્ન કરતું હોવાથી તમારી ગતિ રોકાય છે. બરાબર આ જ ક્ષણે પાણીમાં પડો ત્યારે શું કરવું એની તમારા પ્રયત્નોથી જ તમને ખબર પડી રહેશે.'

જેમ્સના હાથ નીચે ચાર વર્ષ સુધી છાપખાનાની કડકમાં કડક કેળવણી અને અનુભવ લીધા પછી ફ્રાંકિલનની સતેજ બુદ્ધિનાં પોષણ અને વિકાસને માટે જે સંજોગો અને વાતાવરણની જરૂર હતી તે બોસ્ટનમાં મળવાં મુશ્કેલ હતાં. આથી સત્તર વર્ષની ઉમરે તેણે બોસ્ટન છોડી પેન્સિલવેનિયા પ્રાંતના ફિલાડેલ્ફિયા શહેરમાં આવવા વિચાર કર્યો.

આ વખતે ફિલાડેલ્ફિયામાં તેને માટે સારામાં સારૂં અને અનુકુળ આવે એવું વાતાવરણ હતું. ત્યાં અવારનવાર આવતા કે કાયમ વસતા વિદ્વાનો વિજ્ઞાનની વિવિધ શાખાઓના અભ્યાસમાં રોકાઇ ગયા હતા. એ જમાનામાં ફિલાડેલ્ફિયા દુનિયામાં વિજ્ઞાનનું મુખ્ય મથક થઇ પડ્યું હતું. ફ્રાંકિલન ત્યાં જઇ વિદ્વાનોના પ્રયોગો અને તેનાં પરિણામો ખુબ રસપૂર્વક નિહાળતો અને તેમને મદદ પણ કરતો. એવા સંજોગોમાં સહેજે સમજી શકાય કે ફ્રાંકિલન ઇચ્છે તો પણ એ વિજ્ઞાનથી વિમુખ ન રહી શકે.

ફિલાડેલ્ફિયાને રસ્તે વહાણ ભાંગી જતાં ફ્રાંકિલન ખુબ માંદો પડ્યો. તેમાંથી સાજા થવા માટે તેણે પોતાની ઉપર કેવો પ્રયોગ અજમાવ્યો તે વિષે તે લખે છે: 'સાંજ પડતાં મને ખુબ તાવ આવ્યો હોય એમ લાગતાં તરત જ હું સુઇ ગયો. પણ થોડી જ વાર પછી એક જગ્યાએ વાંચેલું યાદ આવ્યું કે ઠંડું પાણી ખુબ પીધું હોય તો તાવને ફાયદો થાય છે. આ ઉપાય અજમાવી જોયો અને પરિણામે આખી રાત ખુબ


આ જગતનું સાચું ને વ્યવહારૂ જ્ઞાન આપી અમેરિકન પ્રજાનું ઘડતર કર્યું.

પરસેવો આવ્યો. સવારે તાવ તો ક્યાંય ભાગી ગયો અને નદી ઓળંગી પગરસ્તે મેં મારી મુસાફરી પાછી શરૂ કરી.' આ વખતથી તે કાયમને માટે ઠંડા પાણીના આંતર અને બાહ્ય ઉપચારમાં ખુબ માનતો થઇ ગયો. આ શહેરમાં પણ છાપખાનાના આ ભુતને પીપળો મળી ગયો. કીમર નામના એક ગૃહસ્થના જેવાતેવા છાપખાનામાં તેને ઉમેદવારી મળી. પણ ફ્રાંકલિનની બાહોશીથી કીમરનો ધંધો ઠીક ચાલ્યો અને ફ્રાંકલિનના લખવા પ્રમાણે, કીમરને પોતાના પ્રયત્નથી નિરામિષાહારી બનાવ્યા પછી કીમરની સાથે તેને ફાવી પણ ઠીક ગયું.

એક વખત દુકાનમાં પેન્સિલવેનિયાના ગવર્નર સાહેબને આવેલ જોઇ કીમર નમીનમીને અનેક સલામો ભરતો સામો ગયો. પણ ગવર્નર સાહેબના આગમનનું કારણ પોતે નહિ પણ પોતાનો નોકર ફ્રાંકલિન છે એમ ભાન થતાં કીમર તો ડઘાઈ જ ગયો! ગવર્નર સાહેબ સર વિલિયમ કિથ બૅન્જામિનનો એક પત્ર જોઇને ખુબ ખુશ થઈ જઈ મળવા આવ્યા હતા. તેમની આ મુલાકાતને પરિણામે બૅન્જામિને લંડન જઇ ત્યાંથી એક સુંદર મુદ્રણાલય ઉભું કરવામાં જોઇતો સામાન ખરીદી લાવવો એમ નક્કી થયું. પણ કિથે વચન આપ્યા પ્રમાણે વિલાયતમાં ઓળખાણ કરાવી આપનાર પત્રો ફ્રાંકલિનને ન મળવાથી આખરે તે પુરી બદામ વગરનો થઇ ગયો અને ઇંગ્લંડમાં રોજગાર શોધવા માટે ફરીને પોતાના તે જુના ધંધા તરફ વળ્યો.

પરંતુ બ્રિટિશ છાપખાનામાં રહીને તેણે બીબાં ગોઠવવાના કામમાં ઘણી જ ઝડપ મેળવી લીધી, એટલું જ નહિ પણ બીબાં ઢાળવાનું કામ પણ તેણે જાણી લીધું. બીજાઓ થાકી ગયા હોય ત્યારે પણ તેની કામ ઉપરની સતત હાજરી અને બીબાં ગોઠવવાની અસાધારણ ઝડપને લીધે તેની આર્થિક સ્થિતિ સુધરવા લાગી. વળી 'ધ હૉર્ન્સ' નામની વિજ્ઞાનરાસકોની એક કલબમાં તે જતો હોવાથી ત્યાં આવતા વિદ્વાનોના સહવાસને લીધે તેની જ્ઞાન-પિપાસાને પણ ખુબ પોષણ મળવા લાગ્યું. એક વખત સર આઇઝૅક ન્યૂટનની ઓળખાણ કરાવી આપવાનું એક મિત્રે વચન આપતાં જ તેમને મળવાની પૂર્વતૈયારી તરીકે તેણે વિજ્ઞાનનાં અનેક પુસ્તકો ઉથલાવી માર્યાં. (જોકે કંઇ કારણવશાત પાછળથી આ મેળાપ બંધ રહ્યો હતો એમ જણાય છે!)

વિલાયતની પ્રજાની નજરે તે ઝટ ચડ્યો તેનું મુખ્ય કારણ તરવાની કળાનું તેનું જ્ઞાન હતું. બહુ જ નાની ઉમરમાં પાણી ઉપર શરીરનું સમતોલપણું કેમ જાળવવું, શરીરને પાણીમાં જુદાજુદા સંજોગોમાં કેમ રાખવું વગેરે અનેક બાબતોનો તેને ખુબ અભ્યાસ હતો. એક વાર કેટલાક મિત્રોની સાથે મુસાફરીમાં તેણે તરવાના અનેક પ્રયોગો કરીને તેના સાથીઓને દંગ કરી દીધા હતા. તેના આ પ્રયોગોને પરિણામે યૂરોપની એક તરવાની ફરતી શાળાના મુખી તરીકે રહેવાનો સુયોગ ફ્રાંકલિનને મળી ગયો પણ આ જગ્યા તેને અનુકુળ ન આવવાથી તે પોતાના સ્વદેશ પહોંચવા જેટલી પણ સંપત્તિ વગરનો થઇ પડ્યો. એવામાં યૂરોપની મુસાફરી કરતા એક



'ફ્રાંકલિન સ્ટવ'નો તેણે જાતે કરેલો સ્કેચ

સખત ઠંડીના દિવસોમાં ઓરડાની હવા ગરમ રાખવા માટે જુની ઢબની જે શગડીઓ એ વખતે અમેરિકામાં વપરાતી તેનાથી ધુમાડો બહુ થતો. ફ્રાંકલિને શગડીની પછવાડે એક વધારાની પીઠ (ચિત્રમાં નં. B) ઉમેરીને જે સુધારો કર્યો તેને લીધે ધુમાડો પરભાર્યો ચિમનીમાંથી નીકળી જવા લાગ્યો ને શગડીની ગરમી આખા ઓરડાને એકસરખી પહોંચવા લાગી.

દુનિયાનું ધ્યાન એક નવા જ અજાયબ ક્ષેત્ર તરફ દોરનાર અગ્રણી વિજ્ઞાની

અમેરિકન વેપારીની કારકુની તેને મળી ગઇ અને એ રીતે તે અમેરિકા જવા ઉપડયો. રસ્તામાં મુસાફરી દરમ્યાન બનતા દરેકેદરેક બનાવની તે નોંધ રાખતો, જે પાછળથી તેના અભ્યાસમાં બહુ જ ઉપયોગી થઇ પડી હતી. રસ્તામાં તેણે અનેક જાતનાં પંખી અને માછલાંઓનો અભ્યાસ કર્યો. ૧૭૨૬ના સપ્ટેમ્બરની ૩૦મી તારીખે લંડન ટાઇમ મુજબ સવારે પાંચ વાગ્યે દેખાવામાં આવનાર ચંદ્રગ્રહણ જોવા સારૂ એક આખી રાત વહાણ ઉપર જાગતો બેઠો. ગ્રહણનાં અવલોકનને પરિણામે તેણે જોયું કે ૨૯મી તારીખે રાત્રે ૧૧ વાગ્યે વહાણ ઉપર ગ્રહણ લાગતું દેખાયું અને બે વાગ્યે અર્ધો ચંદ્ર ગ્રસ્ત થએલ દેખાયો. 'આ બંને વખતની સરેરાશ કાઢતાં ૧૨–૩૦નો સમય નીકળ્યો. આથી લંડનથી ૪॥ કલાક પાછળ એટલે કે પશ્ચિમ રેખાંશ ૬૭½ અંશ જેટલે દુર વહાણ હતું.' વહાણવટાંનાં શાસ્ત્રને લગતાં જ્ઞાનનો ભવિષ્યમાં તેને કંઇ જ ઉપયોગ થશે કે કેમ તેની શંકા હતી, પણ તેના મગજમાં એકાદ ખુણો તો એવો હોવો જ જોઇએ કે જેમાં કદાચ ભવિષ્યમાં ખપ પડે તે માટે આ જ્ઞાનને રાખી મુકાય.

અમેરિકા આવ્યા પછી છાપખાનાના એ ભુતને વેપારીની ડાળ અનુકુળ ન આવી અને થોડા જ વખતમાં તે માંદો પડયો. સાજા થઇને તેણે પોતાના શેઠ સાથેનો સંબંધ છોડી દઇ ફરીને કીમરનો આશરો શોધ્યો.

કીમરના છાપખાનામાં રહીને તેણે લંડનમાં મેળવેલા અનુભવોનો ઉપયોગ કરવા માંડયો. ફિલાડેલ્ફિયામાં બીબાં પાડનાર કોઇ ન હોવાથી બહુ મુશ્કેલી પડતી. આથી તેણે ચાલુ અક્ષરોને સીસા ઉપર મુકી ખાડા પાડયા અને કામચલાઉ મેટ્રિસ તૈયાર કરી. આ જ અરસામાં તેણે ચિત્રો કોતરવાનું કામ અને શાહીની મિલાવટનું કામ પણ શીખી લીધું. ટુંકમાં અહીં રહીને ફ્રાંકિલન કીમરનો ભારેમાં ભારે ઉપયોગી માણસ થઇ પડયો. યંત્રકળાના શિક્ષણની તૈયારીનું આ તેના જીવનમાં બીજું પગલું મંડાયું.

થોડા વખત પછી તેણે એક ભાગીદારની સાથે રહીને પોતાની માલિકીનું છાપખાનું શરૂ કર્યું. અહીં ધંધાને અંગે તે પુષ્કળ કામમાં દબાએલો રહેતો. આ જ અરસામાં એણે એક વર્તમાનપત્ર ખરીદી તેને 'પેન્સિલવેનિયા ગૅઝેટ 'નું નામ આપી પોતે ચલાવવા માંડયું. આ 'પેન્સિલવેનિયા ગૅઝેટ' તે આજનું અમેરિકાનું માલેતુજાર અને બહોળામાં બહોળા ફેલાવાવાળું અઠવાડિક 'ધ સૅટર ડે ઇવનિંગ પોસ્ટ.'

આટલાં બધાં કામના દબાણમાં તેના પોતાના આત્માના આનંદના વિષયનું જ્ઞાન સંપાદન કરવા માટે વખત મળવો મુશ્કેલ જ હોય એમ સહેજે કલ્પી શકાય. પણ બરાબર આ જ વખતમાં તેણે જંટો નામની ડઝનેક સભ્યોની એક મંડળી કાઢી. દર શુક્રવારે કંઇ ને કંઇ નવું સાંભળવા કે સંભળાવવા ભેગી થતી એ કલબનો તે નેતા થઇ પડયો. જંટોમાં કોઇ પણ ઉપયોગી સવાલ ઉપર ચર્ચા થઇ શકતી, છતાં ફ્રાંકિલનની પ્રેરણાને લીધે તેનું વલણ વિજ્ઞાન તરફ વધારે વળવા લાગ્યું દરેક સભામાં લગભગ આવી જાતના સવાલો વંચાતા: 'તમે વાંચેલા પુસ્તકમાં કંઈ પણ ખાસ ધ્યાન ખેંચે એવું --ખાસ કરીને ઇતિહાસ, નીતિ, કાવ્ય, પદાર્થવિજ્ઞાન, મુસાફરી, યંત્રકળા કે જ્ઞાનની એવી બીજી કોઇ શાખાને લગતું જંટો સમક્ષ મુકવા કે ચર્ચવા જેવું કંઇ આવ્યું છે ?' આ તેનો પહેલો સવાલ હતો. ત્યાં વંચાતા નિબંધોની ચર્ચાને પણ ફ્રાંકિલન ઘણી વાર વિજ્ઞાનની દિશા તરફ લઇ જતો. આ કલબમાં ફ્રાંકિલનનું જ ફળદ્રુપ ભેજું કામ કરતું હોવાથી તેણે પોતે જ કેટલાક સવાલો ઉપજાવી કાઢવા પડતા અને જવાબ પણ તેણે જ આપવા પડતા. આમ કોઇ મોટાં વિદ્યાલયોના અધ્યાપકોનાં ભાષણોની મદદ વગર, પોતાના સાથીઓ (જેમાં સુતાર, નકશા દોરનાર, ગણિતીઓ, મોજણીદાર વગેરે હતા) ને અભ્યાસનાં વિસ્તૃત ક્ષેત્રમાં તે લઈ જતો.


આ વખતે દેશમાં કાગળની નોટો છાપવાનો પ્રશ્ન ઉભો થયો, અને તેણે એક નિબંધ લખી કાયદા ઘડનારા આગળ તે રજુ કરી કાગળની નોટો છાપીને બહાર પાડવાની હિમાયત કરી તથા નોટો માટે જુદીજુદી ડીઝાઇનો જાતે તૈયાર કરી બતાવીને આ કામનો કંટ્રાકટ મેળવ્યો.

આ ભારે વ્યવસાયના દિવસોમાં તેણે મિસ રીડ



પાણીઘાટે

ફોટો ✽ બલવન્ત ભટ્ટ



ગરવો ગઢ ગિરનાર

ફોટો : નારાયણભાઈ વારા : જામનગર

સાથે લગ્ન કર્યું. આ લગ્ન તેનાં ચાલુ કામને જરા પણ નડતરરૂપ ન થતાં ઉલટું અનેક છોકરાંનો પિતા થવાથી તે કેળવણીના નવા જ ક્ષેત્ર તરફ વળ્યો. અને એ ક્ષેત્રમાં તેની પ્રવૃત્તિને પરિણામે તેણે એક નાની એવી શાળા સ્થાપી. આ શાળા થોડા જ વખતમાં ફિલાડેલ્ફિયા કૉલેજના રૂપમાં પરિણમી અને આજે તે પેન્સિલવેનિયા યુનિવર્સિટી તરીકે કાયમ છે. તે ફ્રાંકિલને ઉત્પન્ન કરેલી સંસ્થા હોવાથી તેના અભ્યાસક્રમમાં ખાસ કરીને ખેતી, પદાર્થવિજ્ઞાન, ગણિત, રસાયન, શરીરશાસ્ત્ર, કુદરતી અને યાંત્રિક ફિલસુફી વગેરે વિષયો ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. તે વખતે જે શુષ્ક જેવાં પાઠ્ય પુસ્તકો હતાં તેનો વિચાર કરતાં આ અભ્યાસક્રમ કંઇ જેવોતેવો ન ગણાય.

'જંટો' રૂપી શસ્ત્ર અને વર્તમાનપત્ર રૂપી દારૂગોળાના ઉપયોગથી લોકોમાં એણે અનેક નવા વિચારો ફેંકવા માંડ્યા. ભવિષ્યમાં અમેરિકાનું મોટામાં મોટું ગ્રંથાલય થવા સર્જાએલું એકાદ નાનું પુસ્તકાલય શરૂ કરવું હોય કે રાજ્યને માટે લશ્કર અને દારૂગોળાની વ્યવસ્થા ઉભી કરવી હોય કે ફિલાડેલ્ફિયા માટે પહેલવહેલું બંબાખાતું—તેનાં આગ ઓલવવાના તાત્કાલિક ઉપયોગમાં લેવા માટે ચામડાંની બાલટીઓથી માંડીને નાનામોટા દરેક સાધનવાળું—ઉભું કરવું હોય તો તેની રીત એક જ હતી. પહેલાં તે વિચાર ઉત્પન્ન કરે અને પછી એ જ વિચારને લોકો પાસે પોતાના જ વિચાર તરીકે નહિ પણ એક મિત્રની સૂચના તરીકે રજુ કરે.

ફ્રાંકિલનના ધાર્મિક વિચારો અમુક એક પંથ તરફ વળવાને બદલે તટસ્થ વૃત્તિવાળા હતા. એનામાં એક ગુણ બહુ મોટો હતો અને તે આત્મપરીક્ષણનો. તેણે નૈતિક સંપૂર્ણતાએ પહોંચવા માટે એક યોજના કરી હતી ને સદ્દગુણોની એક યાદી તૈયાર કરી હતી. અને બધા સદ્દગુણો એક સામટા તો ન લાવી શકાય માટે એક પછી એક સદ્દગુણ તરફ ખાસ ધ્યાન આપવાનું તેણે ઠરાવ્યું હતું. આ કામ માટે કોરાં પાનાંની એક નાની નોંધપોથી બાંધી પહેલે પાને Temperance (મિતાહાર) લખ્યું અને નીચે એક આડી તથા ઉભી લીટી દોરી વાર તથા બીજા સદ્દગુણો માટે ખાનાં પાડ્યાં. જો એકાદ રવિવારે તેને ખાત્રી થાય કે આજે તે મિતાહારી નથી રહી શક્યો, અને 'સુસ્તી આવે તેટલું જમવું નહિ, મગજ તર થઈ જાય તેટલું પીવું નહિ' એ મિતાહારના પોતાના આદર્શનો ભંગ થયો છે એમ જણાય તો તરત જ તેના ખાનામાં એ કાળું ટપકું કરતો. એ આખા અઠવાડિયા દરમિયાન બીજા સદ્દગુણો તરફ ઓછું ધ્યાન રાખી મિતાહાર તરફ વિશેષ ધ્યાન આપતો. બીજે અઠવાડિયે એ જ રીતે 'નિશ્ચય' 'એકનિષ્ઠા' 'ન્યાય' 'વિવેક' 'ઉદ્યોગ' 'શુદ્ધ ચારિત્ર્ય' 'વ્યવસ્થા' એમાંના એકાદ સદ્દગુણનો વારો આવી જતો અને આખરે જ્યાંજ્યાં બિંદુઓ આવ્યાં હોય તે જોડીને તે એક નકશો તૈયાર કરતો. આમ કરવામાં બધા સદ્દગુણોની પરિપૂર્ણતાએ પહોંચવા માટે એક પણ કાળું ટપકું ન આવવું જોઇએ એવો તેનો આદર્શ હતો. આ આદર્શને તે કદિ ન પહોંચી શક્યો. પાછળથી આ પ્રયોગ વર્ષમાં એક વાર અને પછી અનેક વર્ષે એક વાર તે અમલમાં મુકતો અને છેવટે અશક્ય લાગવાથી આ પ્રયોગને તેણે છોડી પણ દીધેલો; છતાં તેની એ નોંધપોથી તો હમેશાં તેની સાથે જ રહેતી, જેથી ઇચ્છા થાય ત્યારે તેનો ઉપયોગ થઇ શકે.

પોતાની ત્રુટીઓ દૂર કરવા તરફ આટલો બધો જાગૃત રહેનાર માણસ 'વ્યવસ્થા'નો ગુણ ન કેળવી શક્યો એ જાણીને સૌને નવાઈ લાગશે. ફ્રાંકિલનને આ ગુણ કેળવવો એ અશક્ય લાગ્યું અને તેથી એ કહે છે તેમ આટલી ખામીથી તેને ચલાવી લેવું પડ્યું. આને વિષે તે એક દૃષ્ટાંત રજુ કરે છે: 'એક માણસે ફરશી વેચાતી લીધી. એ લઇને તે એક લુહારને ત્યાં સજાવવા ગયો. લુહાર ફરશી સજવા બેઠો અને ફરશીના માલિકને સરાણનું ચક્કર ફેરવવા કહ્યું. ચક્કર ફેરવતાં ફેરવતાં તે માણસ થાકી જવાથી આખરે કંટાળીને લુહાર પાસેથી ફરશી પાછી લઇને તેણે ચાલવા માંડ્યું અને મન સાથે વિચાર કરવા લાગ્યો કે મને આવી બુઠી ફરશી જ ગમે છે!' આવા ટુચકાઓ તો ફ્રાંકિલન પાસે અનેક હતા.

તેણે બનાવેલ 'પુઅર રિચર્ડ' નામનાં પંચાંગને પાનેપાને ફ્રાંકિલનની આવી વાણી ઉભરાતી હતી. આ પંચાંગ એટલાં બધાં લોકપ્રિય થઇ પડ્યાં હતાં કે તેની અનેક ભાષાઓમાં આવૃત્તિઓ બહાર પડી.

આવાં કથનોથી લોકો તેનાં ખુબ વખાણ કરવા લાગ્યા અને ખાસ કરીને ફ્રેંચ પ્રજા તો આ પંચાંગને પાને-પાને ટાંકેલાં ગૃહવ્યવસ્થા, કરકસર અને બુદ્ધિનાં અનેક સુવાક્યોથી એટલી બધી મોહી પડી કે ઘણાં વર્ષો પછી ફ્રાંક્લિન જ્યારે પારીસ ગયો ત્યારે ત્યાં તેનું ખુબ સન્માન થયું. આ પંચાંગની યોજના તેને પહેલવહેલી સુઝી ત્યારે તેની મદદે ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી, વાયુશાસ્ત્રી કે જ્યોતિષી—જેઓ વરસાદ, વાયુ, ગ્રહણ, કુદરતી આફતો વગેરે અગાઉથી ગણત્રી કરીને નક્કી કરી શકે—એવા કોઇ ન હતા. ખરૂં કહીએ તો ફ્રાંક્લિન પોતે જ સર્વજ્ઞ બન્યો અને પંચાંગ તૈયાર કર્યું! બેશક 'પુઅર રિચર્ડ' પાનેપાને જુના તત્ત્વવેત્તાઓનાં ઉપયોગી કથનોના ઉતારાઓથી ભરપુર હતું, પણ ફ્રાંક્લિનના વિશાળ વાચન અને તેની રસિક વૃત્તિને લઇને આ ઉતારાઓ તદ્દન નવા જેવા જ દેખાતા.


પંચાંગમાં કહેલા બનાવોની ચોક્કસાઇને ખાતર તેને વિજ્ઞાનના વિષયમાં વધુ ને વધુ ઉંડા ઉતરવું પડયું. એક વખત એને ગ્રહણ જોવું હતું પણ ઇશાન ખુણામાંથી આવતાં પવનનાં તોફાનને લઇ તે ગ્રહણ જોઇ ન શક્યો. પાછળથી તેના ભાઇના લખવા ઉપરથી જણાયું કે બોસ્ટનમાં એ ગ્રહણ બરોબર સ્પષ્ટ દેખાયું હતું. આ વાત પહેલાં તો તેના મગજમાં જ ન ઉતરે. પણ પાછળથી મિત્રોને જુદાજુદા વિભાગમાં પવનનાં તોફાનની હકીકત પુછાવી જોતાં તથા પવનનાં વાવાઝોડાં અવલોકચાં પછી તેને માલુમ પડયું કે બોસ્ટન ઇશાન ખુણામાં હોવા છતાં તે વખતે ત્યાં તોફાન નહિ હોય અને ગ્રહણ સ્પષ્ટ દેખાયું હશે!

આ બાબત ફ્રાંક્લિન એવો ખુલાસો આપે છે કે એક બંધ નળીમાં પાણી ભર્યા પછી તેનો એક છેડો ઉઘાડીને પાણીને બહાર નીકળવા દેવામાં આવે તો પાણીનો પ્રવાહ બંધ છેડા તરફથી ખુલ્લા છેડાની દિશામાં હોય છે છતાં તે પ્રવાહની ગતિની દિશા તો ખુલ્લા છેડા તરફથી શરૂ થઇ બંધ છેડા તરફની—એટલે પ્રવાહની દિશાથી ઉંધી—દિશામાં હોય છે! આમ વાવાઝોડાંનો નિયમ નક્કી કરવામાં ફ્રાંક્લિને પહેલ કરી છે, અને એ સિદ્ધાંત આજે લગભગ સર્વમાન્ય તરીકે સ્વીકારાયો છે. પોતે શોધી કાઢેલા સિદ્ધાંતોનો ઇજારો તે પોતે ન રાખતાં લોકો પાસે એવી તો સચોટ અને સ્પષ્ટ રીતે રજુ કરતો કે બધા લોકો એ શોધનો લાભ લઇ શકે.

આગળ જતાં ફ્રાંક્લિન ફિલાડેલ્ફિયાનો પોસ્ટમાસ્તર પણ થયો હતો. આ જગ્યાએ રહીને યે તેનું મગજ તો જુદીજુદી શોધો તરફ એટલું ને એટલું જ સતેજ રહેતું. અમેરિકાથી વિલાયત ટપાલને પહોંચતાં જે વખત સાધારણ રીતે લાગવો જોઇએ તેથી વધુ વખત ન્યૂ યોર્કથી જતાં ટપાલી વહાણોને લાગતો. લંડનથી હ્રોડ દ્વિપ જતાં વેપારી વહાણોના કરતાં ફૅાલમાઉથથી ન્યૂ યોર્ક આવતાં ટપાલી વહાણોને સફરમાં ૧૪ દિવસ વધુ લાગતા. આની ફરિયાદ અવારનવાર આવ્યા જ કરતી.

તત્ત્વત: બંને જાતનાં વહાણોનો વેગ એક સરખો જ રહેતો અને તેમની મુસાફરીના ગાઉમાં પણ વધુ ફેર નહોતો, છતાં આવી ફરિયાદ કેમ આવે છે તેનો વિચાર ફ્રાંક્લિને કરવા માંડ્યો. સ્વાભાવિક રીતે જ તેણે આ કોયડાનો ઉકેલ શોધવા માંડ્યો. અનેક અનુભવીઓની સાથે પત્રવહેવાર શરૂ કર્યો. એક નાવિકે તેના પ્રશ્નનો ખુલાસો કરતાં જણાવ્યું કે ફૅાલમાઉથથી ન્યૂ યોર્ક તરફ જતાં વહાણોને વચ્ચે એક જળપ્રવાહ નડે છે. દરેક નાવિક આ વાત જાણે છે, પણ કોઇને તે પ્રવાહ છોડી બીજે રસ્તે જવાનું ગળે ઉતરતું જ નથી. આ હકીકત જાણ્યા પછી તરત જ દરિયાનો નકશો તૈયાર કરી દરેક વહાણ સારૂ એ જળપ્રવાહ છોડીને બીજો રસ્તો તેણે દોરી કાઢ્યો. થોડા જ વખતમાં આ રસ્તો દરેક નકશા ઉપર દોરાઇ ગયો. પરિણામે હ્રોડ દ્વિપ ઉપર ન્યૂ યૉર્કનું સર્વોપરિપણું કાયમનું થઇ ગયું અને આ એક જ કામને લીધે આજે અમેરિકાની એક સેન્ટની ટપાલની ટિકિટો ઉપર ફ્રાંક્લિનનું મ્હોરૂં છપાય છે.

પણ ફ્રાંક્લિન આટલેથી જ સંતોષાય એવો ન હતો. જળપ્રવાહનું કારણ પણ તેણે શોધવું જ રહ્યું. તેણે જાહેર કર્યું કે અમેરિકાને પૂર્વ કિનારે પવનના પ્રવાહને લઇ પાણીનો ભરાવો થવાને પરિણામે આ જળપ્રવાહ બને છે. તેણે અનેક વખત મુસાફરી કરતાં પાણીના વર્ણમાં ફેરફાર જોયો હતો. આ પાણીમાં જુદીજુદી જગ્યાએ થર્મોમીટર મુકી તેણે પાણીની ગરમીનું પ્રમાણ મેળવી લીધું અને છેવટે દુનિયાને



ફ્રાંકલિનની સ્કેચબુકમાંની નોંધો

પોતે જે થોડીઘણી દરિયાઈ સફરો કરેલી તેના અનુભવ ઉપરથી ફ્રાંકલિને નૌકાશાસ્ત્રને લગતી નાનીનાની વિગતોમાં પણ ઘણા નવા સુધારાવધારા યોજ્યા હતા. પોતાની નોંધપોથીમાં તેણે હલેસાં વગરની હોડી તથા તેને લગતા ભાગોના સ્કેચ કરેલા તે ઉપર ડાબી બાજુએ બતાવ્યા છે. જમણી બાજુએ, તેણે જુદીજુદી જાતનાં લંગરના નમુનાની નોંધ કરી છે.

જાહેર કર્યું કે એ જળપ્રવાહની ગરમ હવા ન્યૂફાઉન્ડ લૅન્ડની ઠંડી હવાને મળતાં ત્યાંના કિનારા તરફના ભાગમાં કાયમ ઝાકળ રહ્યા કરે છે.

એક વાર ૯૬ વહાણના કાફલા સાથે ફ્રાંકલિન મુસાફરી કરતો હતો. આ મુસાફરી દરમિયાન તેણે જોયું કે કાફલામાંનાં બે વહાણોની આસપાસ પાણી ખુબ શાંત રહે છે. આનું કારણ પુછતાં કૅપ્ટને કહ્યું કે તેના ખલાસીઓએ વહાણમાંનું ચરબીવાળું પાણી દરિયામાં હમણાં જ નાખી દીધું, એનું આ પરિણામ છે! આ જવાબથી સહજ જ પ્રશ્ન ઉભો થયો કે 'આનો અર્થ શો?' થોડાંક જ વર્ષ પછી આવા જ એક બનાવે તેની આગલી સ્મૃતિ પાછી તાજી કરાવી. એક વાર ફ્રાંકલિનને કાને વાત આવી કે તોફાની દરિયામાં ઝોકાં ખાતાં એક વહાણે દરિયામાં થોડાંક ગૅલન તેલ નાખીને આસપાસના પાણીને અંદર આવતું અટકાવ્યું. આ બનાવ સાંભળતાંવેંત જ ફ્રાંકલિનનું મન વિચારે ચડ્યું. Oil on troubled waters (તોફાની જળ પર તેલ)વાળી કહેવત તેને યાદ આવી, ને તરત શીશીમાં થોડું તેલ લઇ ફ્રાંકલિન તળાવે ગયો.

પવનને લીધે તળાવના પાણીમાં ઝીણાંઝીણાં મોજાં ઉઠતાં હતાં. તેણે પવનની સામેની અને પવનવાળી, બંને બાજુએથી પાણી ઉપર તેલનાં થોડાં ટીપાં નાખ્યાં. પાણી ઉપર તેલ પડતાં જ તેમાં ઉત્પન્ન થતાં મોજાં પણ એકદમ શાંત થઇ ગએલાં દેખાયાં. આ શોધથી ફ્રાંકલિન એટલો બધો હરખાઇ ગયો કે એક જાહેર પત્ર દ્વારા પોતાની એ શોધની સૌને જાણ કરી અને ગમે તેવાં તોફાનમાંથી બચવા માટે દરેક વહાણમાં થોડું તેલ ભરી રાખવાની સૂચના કરી. ખરૂં જોતાં આ કંઇ નવી શોધ નહોતી, પણ એક ભુલાઇ ગએલી વાતને તાજી કરી તેણે એ જગજાહેર કરી. આવી જ રીતે તેણે પવનની ઝીક ઝીલે એવાં નવી જાતનાં પતંગના આકારનાં લંગર બનાવ્યાં, તેમજ જુદીજુદી રીતે કાપેલા સઢના નવાનવા આકારો પણ બનાવ્યા, જેથી વહાણની ટોચ ઉપર પવનનું જોર બહુ નડે નહિ. આ બધાને લીધે લોકો તેને હરખભેર 'વહાણવટીઓનો મિત્ર' કહેતા.

મો. લી રોયને લખેલા એક લાંબા પત્રમાં તોફાનને વખતે શું કરવું, વહાણને સહેલાઇથી કિનારે કેમ

લાવવું, અંદર પાણી પ્રવેશ ન પામે એવા ભાગો કેમ બનાવવા, કેવી જાતની ખાવાની વાનીઓ બનાવવી કે જેથી ડોલતાં વહાણમાં પણ તે ઢોળાઇ ન જાય, એવીએવી અનેક સૂચનાઓ અને સુધારાઓની ચર્ચા તેણે કરી હતી. આ સુધારાઓ કંઇ બધા નવા નહોતા, પણ નૌકાશાસ્ત્રમાં ફ્રાંકિલન કેટલો બધો અસ્ખલિત રસ લેતો અને તે માટે કેટલું બુદ્ધિચાતુર્ય વાપરતો તેની આ નિશાની છે.

ફ્રાંકિલન બીજી વાર લંડન ગયો ત્યારે તે કંઈ પહેલાંના જેવા સાધારણ માણસ તરીકે નહિ પણ પેન્સિલવેનિયાના ખાસ પ્રતિનિધિ તરીકે ગયો હતો, અને હવે તો મહાન વિજ્ઞાનશાસ્ત્રીઓ તેના અંગત મિત્રો બન્યા હતા. આ વખતે પાંચ વર્ષ વિલાયતમાં રહીને તેણે અનેક પ્રયોગો કરી જોયા. તેમાં એક પ્રયોગ એવો હતો કે છીછરાં કરતાં ઉંડાં પાણીમાં વહાણ જલદી ચાલે છે. તેણે લાકડાનું એક પીપ લઈ તેનું તળીયું ઉંચુંનીચું થઇ શકે એવું બનાવ્યું. તેમાં પાણી ભરી પાણીમાં કાગળનું વહાણ મુક્યું. વહાણને છેડે દોરીથી એક શિલિંગ બાંધી તેને એક ગરેડી પરથી નીચે ઉતારી. શિલિંગના ભારથી વહાણને ગતિ મળતી. તળિયું ઉંચુંનીચું કરી પીપમાં પાણી વધઘટ કરી તેણે જોયું કે પાણી ઘણું હોય ત્યારે વહાણ જલદી ચાલતું, થોડું હોય ત્યારે ધીમે ચાલતું. આમ એક કુદરતી કાયદાને પ્રયોગ દ્વારા તેણે સિદ્ધ કરી જોયો.

આવા દાખલા તો તેના જીવનમાંથી અનેક તારવી શકાય. કંઇ પણ નવી વસ્તુ જોઇ તો તેને તરત નજરમાં રાખી લેવી, તેના ઉપર પ્રયોગ કરી જોવો અને પછી પોતાના પ્રયોગને લોકો આગળ રજુ કરવો એવું તો તેના જીવનમાં સભર ભર્યું હતું.

ફ્રાંકિલનના હાથને નવરા બેસી રહેવું તો ગમતું જ નહિ. તેને કંઇક ને કંઈક નવુંનવું સર્જવાની ચળ આવ્યા જ કરતી. એ જમાનાનાં, ધુમાડાના થરના થર જામેલાં રસોડાંઓ તેને અસહ્ય થઇ પડયાં અને એથી એના નવરા હાથને નવું સર્જન કરવાની તક મળી ગઈ. તે વખતે વપરાશમાં આવતા હોલૅંડ અને જર્મન જાતના ચુલા નિરૂપયોગી જેવા હતા. આથી પેન્સિલવેનિયા ભઠ્ઠીની શોધ કરવાનું કામ ફ્રાંકિલનને માથે આવ્યું. આ ભઠ્ઠી પાછળથી ફ્રાંકિલન સ્ટવને નામે ઓળખાવા લાગી. એ ભઠ્ઠી બનાવતી વેળા તેની પાસે આગળના અનુભવો અને જ્ઞાનનો ભંડાર તો હતો જ. જુદાંજુદાં હવાનાં દબાણોને લીધે નીપજતી તેમજ બંધ હવા ઉપર પવનનાં તોફાનોની થતી અસરનો સિદ્ધાંત આ શોધ કરવામાં તેને બહુ ઉપયોગી થઈ પડયો. ગરમ હવા ઉંચે જ ચડે એ સત્યનો ઉપયોગ કરવાથી તે ધાર્યું પરિણામ લાવી શકયો. ફ્રાંકિલન સ્ટવના ઉપયોગથી આખો યે ઓરડો એકસરખો અને યોગ્ય પ્રમાણમાં ગરમ રહેતો. ફ્રાંકિલનને ઘણા લોકોએ સલાહ આપેલી કે તેણે પોતાના શોધેલા એ સ્ટવને રજીસ્ટર કરાવી પેટન્ટ મેળવી લેવું. પણ ફ્રાંકિલન એક જ જવાબ આપતો કે બીજાઓનાં જ્ઞાનનો આપણે આટલો બધો લાભ મેળવતા હોઇએ તો આપણે આપણી શોધખોળોનો લાભ બીજાઓને લેવા દેવો જોઇએ.

એક રીતે જોતાં ફ્રાંકિલન જેવો વ્યવહારૂ માણસ આવી વ્યાપારી દૃષ્ટિ વગરની વાતો કરે એ માન્યામાં ન આવે. થોડા જ વખતમાં ફ્રાંકિલનની ભઠ્ઠીનું વર્ણન વાંચીને એક અંગ્રેજે એવી જ બીજી ભઠ્ઠી બનાવી કાઢી. પણ આ વાતની ફ્રાંકિલનને જાણ કરવામાં આવતાં તે ફક્ત હસ્યો. જેને મન આ દુનિયામાં નવાનવા વિચારોની ઉત્પત્તિ કરવી એ રમત વાત હતી એને એવા એકાદ પેટંટની શી દરકાર?

ફ્રાંકિલનને વિષે સૌકોઇ એમ જ ધારે કે તે શાંતિપ્રિય માણસ હતો. પણ તેના સ્વભાવથી એક તદ્દન ઉલટું જ દૃષ્ટાંત એવું મળી આવે છે કે ફ્રાંકિલન થોડો વખત સુધી લશ્કરનો સિપાઈ પણ બન્યો હતો! અમેરિકાના મુળ વતનીઓ સામે લડવા માટે એક લશ્કરની ટુકડી મોકલવામાં આવી હતી, તે ટુકડીના ઉપરી તરીકે તેની ઘણી જ અનિચ્છા હોવા છતાં તે ગયો હતો. લડાઇમાં જઇને પણ તેણે એના વિજ્ઞાનનો ઉપયોગ કરી નવીનવી જાતની ખાઇઓ તથા કિલ્લા બુરજો વગેરે બાંધ્યાં. કોઇ વખત રસ્તામાં જમીન સાફ કરવા માટે ઝાડ પાડવાની જરૂર પડતી. એ વેળા તેની તીવ્ર અવલોકનદૃષ્ટિએ નોંધ લીધેલી કે ૧૪ ઈંચ વ્યાસના ઝાડને નીચે પાડતાં બે માણસોને છ મિનિટ લાગે છે.

(આવતા અંકમાં પુરૂં)

(અંગ્રેજી ઉપરથી)

વેણીલાલ બુચ

હિંમતલાલ

પાત્રો: મોહન નંદ અને પાછળથી કેટલાંક પ્રેત
સ્થળ: બોર્ડિંગ હાઉસ — સમય: સાંજના પાંચ–સાડા પાંચ

[એક ઓરડામાં બેત્રણ ખુરસીઓ, એક કબાટ ને બેત્રણ ટેબલ પડયાં છે. નંદની માએ મોકલેલા લાડુ ખાતાખાતા બંને મિત્રો વાતો કરે છે.]

નંદ: આ તે કાંઇ કમબખ્તી છે! આ ક્રિકેટ-જંગના દિવસોમાં પણ પરીક્ષાની હોળીને કારણે ઘેર બેઠાંબેઠાં વાંચ્યા જ કરવાનું.



મોહન: પણ કરવું શું? બીજો કાંઇ ઉપાય છે? તું જાણે તો છે કે મારા બાપુની નોકરી રહી લશ્કરમાં, ને વળી અમે કાંઇ બહુ પૈસાદાર તો નથી જ. એટલે હું જો આવતી પરીક્ષા પસાર કરીને આ વર્ષે જ સ્કૉલરશિપ ન મેળવું તો દહેરાદુન ભણવા જવા માટેની મારી ઇચ્છા પછી કોઇ દિવસ પાર પડે નહિ. મારા બાપુની અભિલાષા મને મિલિટરી લાઇન-માં જ જોડવાની છે.

નંદ: એ તો મને ખબર છે; પણ દુ:ખ જ આ ભણવાનું છે ને!

[ઘેરથી આવેલા પાર્સલમાંથી નંદ મગજના લાડુ ઉપાડે છે. તે મોહનને આપતાં—]

કેમ એ બીજો ચાલશે ને?

મોહન: હો . . . વે! ખુશીથી.

નંદ: આ ચોથો કે પાંચમો?

મોહન: પાંચમો.

નંદ: તો તો ઠીક. મેં પણ પાંચ લીધા છે. સરખા ભાગ પાડવામાં જ મઝા આવે.

મોહન: મારે તો તારો ઉપકાર જ માનવો રહ્યો. તારા લાડુમાંથી મને સરખો ભાગ આપવો એ તો તારી મોટાઈ જ કહેવાય. .

નંદ: વાહ! તું તો વળી વિવેકનું પુતળું બની ગયો! મને તો મારૂં પોતાનું હોય તો યે એકલા ખાવામાં કદિ મઝા જ નથી આવતી. પણ અત્યારે હવે વધારે નથી ખાવું. આજ રાતે અમારી ક્લબમાં બધા નાસ્તો કરવાના છીએ; એટલે અત્યારે વધારે લેવાશે તો તે વખતે પાછો હાથ નહિ મરાય!

મોહન: (બગાસું ખાઇને) નંદ! જો એક મૅથેમૅટિક્સને મારા મગજમાં ઘુસાડી શકું ને, તો પછી આ પરીક્ષાની જરા યે બીક ન રહે.

[એટલામાં ઘંટ વાગતો સંભળાય છે.]

નંદ: જમવાનો ઘંટ. (ટેબલ ઉપરથી લાડુનો ડબો સંકેલી લેતાં) પણ મોહન! તું આટલો બધો ડરે છે કેમ?

મોહન: ડર? ડર કોનો? ડર જેવી કોઇ વસ્તુને હું ઓળખતો જ નથી. પણ હું નાપાસ થઇશ તો મારા બાપુનું દિલ બહુ જ દુભાશે. એ જોકે મને કાંઇ ઠપકો તો નહિ આપે, પણ એમને લાગી બહુ જ આવશે, ને એટલા માટે જ મારૂં મન રાતદિવસ ઉચક રહ્યા કરે છે.

નંદ: હવે ત્યારની વાત ત્યારે. અત્યારે તો ખાવા ચાલ.

મોહન: ના. પ્રાર્થનાના ઘંટ સુધી તો આમાં મચ્યા રહ્યા સિવાય છુટકો જ નથી. ગમે તેમ કરીને પણ આ મૅથેમૅટિક્સનું ભુસું તો મગજમાં ભરવું જ પડશે. જોકે મને ખાતરી તો છે જ કે આમાં મારો કાંઈ દિ' વળવાનો નથી; પણ છતાં યે મહેનત કર્યા વિના કાંઇ ચાલે છે? અને વળી તારા લાડુથી પેટ ભર્યું છે એટલે હવે વાંધો નથી.

નંદ: ઠીક, રામરામ ત્યારે.

મોહન: રામરામ,—પાંચ લાડુના ઉપકાર સાથે!



[નંદ લાડુનો ડબો લઇને હસતોહસતો ડાબી તરફના બારણેથી જાય છે. મોહન એકલો પડયો એટલે જમણા હાથમાં પેન્સિલ અને ડાબા હાથમાં લાડુ લઇ ખાતાંખાતાં આંકડા લખવા માંડે છે. પણ કાંઈ સુઝ પડતી નથી એટલે ગુંચવાય છે. લખેલું છેકી નાખે છે; ફરી લખે છે; વળી પાછું છેકી નાખે છે. કાંઇ સુઝતું ન હોય તેમ પેન્સિલ મુકી દઇ, ગુસ્સામાં બંને હાથથી માથાનાં ઝુલ્ફાં ઉંચાં કરી ટોલવા માંડે છે.]

નંદ: ઓ પ્રભુ! માથામાં તો જાણે પવનચક્કી ફરવા માંડી! સાદા સરવાળા કરતી વખતે પણ આટલી પંચાત પડે છે ત્યારે યુક્લિડનો વારો આવશે ત્યારે તો કોણ જાણે કેટલી યે કમબખ્તી થશે! ઓ પરીક્ષા! તોબાહ તારાથી તો!

[બગાસાં ખાતોખાતો ટેબલ આગળ જઇ બેસે છે અને હાથ ખુરસી નીચે લટકતા રાખી આળસુની માફક માથું નીચું રાખી બેસે છે. ફરી પાછું બગાસું ખાઈ ઝોકાં ખાય છે. હાથ ટેબલ ઉપર મુકી તેના ઉપર માથું રાખી અર્ધનિદ્રામાં પડી જાય છે થોડી વાર સંપૂર્ણ શાંતિ.

પછી એકાએક બારીબારણાં ઉઘડી જાય છે, પવનનો સુસવાટો સંભળાય છે અને યુક્લિડનું પ્રેત કબાટમાંથી કુદકો મારી ટેબલ ઉપર ચડી જાય છે. ત્યાંથી બીજા ટેબલ ઉપર કુદકો મારે છે, ને હાથમાં રાખેલી બે આંકણીઓ ટેબલ ઉપર જોરથી પછાડે છે.

ત્યાં વળી ઍલ્જિબ્રા ડાબી તરફના ટેબલની નીચેથી નીકળી ટેબલ ઉપર ચડી જાય છે. ગણિત જમણી તરફના ટેબલ નીચેથી નીકળી તે પર ચડી જાય છે. ત્રણે પ્રેતો ભયંકર અવાજ કરે છે, ને જંગલી રીતે નાચે છે. થોડા વખત સુધી અવાજ કર્યા પછી યુક્લિડ ફરી વાર ટેબલ ઉપર જોરથી આંકણી પછાડે છે.]

મોહન: (ચમકીને) અરે રામ! આ વળી કોણ બલા!

[યુક્લિડ કુદતોકુદતો આવી મોહનના માથા ઉપર આંકણી ફેરવે છે; ગણિત તો નાચ્યા જ કરે છે; ઍલ્જિબ્રા પગ ઉપર પગ ચડાવી ટેબલ પર બેસે છે.]

યુક્લિડ: આ બલા તો તારો ટોટો પીસી લેવાની છે, યાદ રાખ! તું મારો રોજ કચ્ચરઘાણ કાઢે છે. પણ આજે જોઇ લેજે હવે ભાઇના ઝપાટા!

ઍલ્જિબ્રા: (યુક્લિડને બોલતો અટકાવી) સબુર, ભાઇસાહેબ; મારે પણ આ નાલાયક છોકરા સાથે થોડું કામ છે. (મોહન સામે જોઇ બુમ પાડીને) કમબખ્ત છોકરા! તું જાણે છે, X તો મારી આંખોનું રતન છે! એ X શોધી કાઢવાનું તારે માથે કેટલી યે વાર આવ્યું છે; પણ તું તો મૂઢની જેમ પડી રહ્યો છે. તેં કોઈ દિવસ સાચો જવાબ કાઢયો છે?

મોહન: (બીકથી થોથરાતો) પણ હું કરું શું? મારાથી કેમે ય એ X શોધી જ શકાતો નથી. હું મથીમથીને મરી ગયો.

ઍલ્જિબ્રા: (ટેબલ ઉપરથી જમીન પર કુદીને) જે ચીજ જડે નહિ તે ગુમાવ્યા બરાબર છે. (મોહન તરફ એક ડગલું આગળ વધે છે અને હાથમાં કાતર જેવો X રાખી દાંત કચકચાવે છે.) તેં મારી આંખોનું રતન ગુમાવ્યું છે; બચ્ચાજી, જોઈ લેજે હવે, કેટલી વીશે સો થાય છે!

ઇતિહાસ: (વિદ્વાન પંડિતના જેવી ગંભીર મુખમુદ્રા રાખીને દાખલ થતાં) વિદ્વાનો અને ભાઇઓ! ફિકર કરો મા. હું વખતસર આવી પહોંચ્યો છું. જોવા તો દ્યો કે તમારે હાથે આજ કેવુંક ખાજ આવ્યું છે! ઓહો! આ તો નાનકડો પોરિયો! તમે બધા જરા એક બાજુ ઉભા રહો, અને એક જણ પેલી માસ્તરની સોટી મને આપો. (કોઈ ખસતું નથી તેથી ગુસ્સે થઇને) મેં કહ્યું તે સાંભળ્યું કે નહિ?

[ગણિતની સામે નજર કરે છે, અને પછી હસી પડીને તેના પડખામાં આંગળીથી ઘોદો મારી—]

કાં ઉલ્લુ! હું બરાબર ટાણે આવ્યો છું ને?

ગણિત: ઉલ્લુ કોને કહે છે?

ઇતિહાસ: તને. પણ જરા કહો તો ખરા તમારી સૌની વચ્ચે હું કેવોક લાગું છું!

ગણિત: (કટાક્ષમાં) ઓહોહો! બહુ જ સુંદર! ઠીક, ચાલો જરા આઘા ખસો.

[ગણિત બધાની વચ્ચે થઈ કોઇ શહેનશાહના રૂઆબથી



યુક્લિડ



ઍલ્જિબ્રા

પસાર થાય છે, અને મોહન પાસે જઇ પોતાના બંને હાથ વતી મોહનના મોઢા ઉપર ઉઝરડા ભરવા જેવું કરે છે.]

મોહન: (ગભરાટથી) ઓ બાપરે! આ વળી કોણ ?

ગણિત: (કટાક્ષ કરીને) વાહ રે વાહ મિસ્ટર! હજી તો આપ મને પીછાનતા યે નથી લાગતા! (આખો ઓરડો ગાજી ઉઠે એટલે મોટેથી હસે છે.) સાંભળો સજ્જનો! મારૂં નામ પડે ત્યારે તો આ ભાઇસાહેબ એમના મિત્રમંડળમાં મારી ખણખોદ કરવા મંડી જાય છે કે એ સાંભળતાં ના કીડા ખરે! અને અત્યારે મહેરબાન મારી ળખાણ માગે છે!

[વિકરાળ આંખોથી મોહનને બીવડાવે છે. એટલામાં કોઇનો ખડખડાટ હસવાનો ભયંકર અવાજ આવે છે. સામેના કબાટમાંથી પરીક્ષા નીકળી આવીને માસ્તરના ટેબલ ઉપર કુદકો મારી ચડી જાય છે અને આમતેમ પોતાના હાથ હલાવે છે. ગણિત આ અવાજ સાંભળી એકદમ થંભી જઇ એક બાજુ ઉભો રહે છે.]

પરીક્ષા: (રૂઆબથી) હવે તમારો સૌનો બકવાટ બંધ કરી હું કહું તે સાંભળો. (મોહન તરફ ાંગળી ચીંધી ગંભીર થઈ બોલે છે.) આ ડરકણ ીંગુસની બરાબર ખબર લેજો; અને થાકો ત્યારે મને ાંપી દેજો. બાકીનો હું પુરો કરીશ. (ધબ્બ દઇને બલ ઉપર બેસી જાય છે.) ચાલો બોલો જોઇએ, ાપણે આની કેવી રીતે ખબર લઇશું ?

યુકિલડ: હું તો એને આ મારી પૅરેલલ લાઇ-નથી અચ્છો મેથીપાક ચખાડવાનો છું.

[હાથમાંની આંકણીઓ આમતેમ ફેરવે છે.]

ઍલ્જિબ્રા: અને હું મારા આ X થી એના રાઇ-રાઇ જેટલા કટકા કરી નાખવાનો. (કાતર જેવો X હલાવે છે.)

ગણિત: મારા તો આ હાથ જ બસ છે. એ ' અટકળ પંચા દોઢ સો ' કરવાવાળાને મચ્છરની માફક મસળી નાખું.



ગણિત

ઇતિહાસ: ના ના, એમ નહિ! (મોહનને) અલ્યા ચેકુસ! બંકિમચંદ્રે મારી હાંસી કરી તે તને યાદ છે? તેમણે નરસિંહબાબુનો એક દીકરો જેણે ' ચિત્તોડના રાજા આલ્ફ્રેડ ધી ગ્રેટનાં દસપંદર પાનાં લખી નાખ્યાં હતાં ' એનું જે બ્યાન વર્ણવ્યું છે તે તને બરાબર લાગુ પડે છે. શું તું એમ માને છે કે મેં તને જોયો ત્યારથી ઓળખ્યો નથી? ભાઇઓ ! આ તો શાહઆલમ પોતે જ છે!

બધાં પ્રેત: હા હા, આતો એ જ—એ જ.

ઇતિહાસ: અને હું? તું શાહઆલમ તો હું નાદિરશાહ! બચ્ચાજી ! આજ કટલાં યે વરસે પાછો તું મારે હાથ આવ્યો છે. હવે તો તારૂં આવી જ બન્યું સમજ.

[ઇતિહાસ વિચિત્ર અવાજો કરતો કુદકા મારી નાચે છે. બીજા બધા ખુશ થઈ તાળીઓ પાડે છે. માત્ર પરીક્ષા જ ગંભીર ચહેરે માસ્તરના ટેબલ ઉપર બેસી રહે છે. છેવટે ઇતિહાસ ' હવે ' એમ બુમ પાડી મોહન પાસે એને પકડવા જાય છે. બીજાં પ્રેતો પણ એક પછી એક આવી મોહનને ઘેરી લે છે. મોહન ગભરાટમાં ચીસ પાડી ખુરસી ઉપરથી ઉભો થઇ પોતાની પછવાડેના ટેબલ ઉપર ચડી જાય છે. બધાં પ્રેતો 'હુ ઉક...'કરતાં તેની તરફ જાય છે એટલે મોહન બીજા ટેબલ તરફ કુદકો મારે છે. એટલામાં બારી આગળનો પડદો ઉઘડે છે ને ત્યાંથી હિમતલાલ દાખલ થાય છે]

હિમતલાલ: (હસીને મોહન પાસે આવી તેની પીઠ થાબડી) મોજ કર, ભાઈ! મોજ કર. ગભરાતો નહિ.

[હિમતલાલને જોઈ બધાં પ્રેતો ચુપાચુપ થઇ લપાતાં લપાતાં ડાબી બાજુએ હારબંધ ગોઠવાઈ જાય છે.]

મોહન: આપ કોણ છો? મિત્ર કે દુશ્મન ?

[એમ કહી પોતાના ટેબલ ઉપરથી કુદકો મારી હિમતલાલની પાસે આવી ઉભો રહે છે.]

હિમતલાલ: (હસતાં હસતાં) કેમ, હું કાંઈ કાબુલી



ઇતિહાસ

જેવો દેખાઉં છું?

મોહન: ના, ના. એમ નહિ.

હિમતલાલ: મારૂં ખરૂં નામ ભારત, યુવક, ઉત્સાહ, ધૈર્ય અથવા હિમત છે.

[આ સાંભળીને બધાં પ્રેતો નિસાસો નાખી ગોઠણભર પડે છે. પરીક્ષા ટેબલ ઉપરથી ધબ્બ દઇને નીચે પડે છે. ઇતિહાસ, બીજા શું કરે છે તે જોઈ નાટકિયાની માફક તેમનું અનુકરણ કરે છે.]

આ નામથી મને બોલાવવાની આ બધાં પ્રેતોની ફરજ છે. અર્થ તો ઘણો સહેલો છે. મારા મિત્રો તો બધા મને હિમતલાલ નામથી જ ઓળખે છે.

મોહન: હું તમારો મિત્ર થઇ શકું?

હિમતલાલ: જરૂર. બધા યુવકોનો હું મિત્ર જ છું.

[મોહનના ચહેરા ઉપર સંતોષ દેખાય છે. ગોઠણભર પડેલાં પ્રેતો સામું જોઇને]

મોહન: જુઓને, અત્યાર સુધી આ બધાં કેવાં નખરાં કરતાં હતાં? હવે થઈ ગયાં છે ને મિંયાની મિંદડી જેવાં?

હિમતલાલ: (ગંભીર મોં રાખીને) થઈ જાય જ તો.

[બધાં પ્રેતો જમીન સુધી માથાં નમાવે છે. એમનામાં હવે બીલકુલ તાકાત રહી જણાતી નથી.]

તું તારા ટેબલ આગળ જા. હવે જોજે ભાઇના ઝપાટા! ઘડીના છઠ્ઠા ભાગમાં બધાને ઠેકાણે કરી દઉં!

[મોહન બીતોબીતો પોતાને ટેબલે જાય છે.]

કાં? નાનકડા કુમળા છોકરાઓને હેરાન કરનારા બહાદુરો! ઉભા થાઓ.

[બધા ઉભા થાય છે. હિમતલાલ ટેબલ ઉપરથી ઉતરી જમણા ખુણામાં જઇ સ્કાઉટ માસ્તરની જેમ હુકમ કરે છે.]

એલર્ટ! નંબર!

[પ્રેતો સ્થિર ઉભા રહી નંબર બોલે છે.]

હિમતલાલ: નંબર વન! કેમ યુકિલડ સાહેબ! અહીં આવીને એક નિર્દોષ બાળકને બીવડાવતાં શરમ નથી આવતી? ખબર છે કે તમારી ઘડીઓ ગણાઇ ચુકી છે?



પરીક્ષા

યુકિલડ: (નરમઘેંશ જેવો થઇને) નામદાર – મહેરબાન! એવાં વેણ ન કહો.

હિમતલાલ: મારે એવાં વિશેષણો નથી જોઇતાં. હું કાંઇ રાજાબાજા નથી. મારૂં નામ છે તે જ બસ છે. હવે બોલ જોઇએ તને આ ધંધો કયાંથી સુઝયો?

યુકિલડ: (કરગરીને) મારે કહેવું હતું એ બધું હું ભુલી ગયો છું. પણ એટલું યાદ છે કે શરૂઆત Therefore (ધેઅરફોર–તેથી)થી થતી હતી.

હિમતલાલ: મને ખબર છે. તારાં થોથામાં સમજાય નહિ એવાં 'ધેઅરફોર' તો કેટલાં યે ભર્યાં છે. તું જ તારા પોતાના શબ્દો યાદ રાખી શકતો નથી, ને બીજા કોઇ તારી લાંબીલાંબી પંડિતાઇ ભુલી જાય તો એને હેરાન કરે છે, કેમ?

યુકિલડ: (નિસાસો નાખીને) પણ હું શબ્દો સામે વાંધો નથી લેતો. શબ્દો માટે મને બીલકુલ ધોખો છે જ નહિ. શબ્દો તો ગમે તે વાપરવાની છુટ છે. પણ આ છોકરા તો મારા શરીરનો ઘાટ જ બદલી નાખે છે! મને ગુસ્સો ત્યારે જ ચડે છે. કોઇ આપનો જ આકાર બદલી ના....

હિમતલાલ: (ગુસ્સાથી) ચુપ, બેઅદબ! મારે વિષે કંઇ બોલ્યો તો મુઓ સમજજે. આકાર માટે પણ આડીઅવળી વાત કરવાની જરૂર નથી. તારૂં શરીર તે વળી એવું કયું રૂપાળું હતું? આ વાતનો તો વીસ વર્ષ પહેલાં આપણે નીવેડો કર્યો છે. તો ય પાછો આજ તું આવ્યો. તારૂં 'ધેઅરફોર' આ ને તારૂં 'ધેઅરફોર' તે! જરીપુરાણા ભૂત! તને તો ડંડે ડંડે પાંશરો કરવો જોઇએ. હા! ઠીક વિચાર આવ્યો. આ તારી પૅરેલલ લાઇન્સ (સમાંતર લીટીઓ) છે તે એ જ કામની છે. તું એનાથી આ છોકરાને ડરાવતો હતો. હવે અહીં આવ. તને પણ દેખાડી

પતાવો ને. . . .

હિમતલાલ: (પરીક્ષા તરફ આંગળી ઉંચી કરી તેને ડારીને) જોકે હું લાંબું વ્યાખ્યાન આપી શકતો નથી,—અને તે પણ મારા પોતાના વિષે તો નહિ જ; છતાં થોડા ખુલાસાની જરૂર જણાવાથી બોલું છું. જથ્થો, ક્ષેત્રફળ કે વજન, જેની ઉપર આ બધાં ભુતડાં ભાર મુકે છે તે માપથી તો મારૂં માપ ન જ નીકળી શકે. મારૂં હૃદય ઘણું જ વિશાળ છે, અને મારામાં એવી શક્તિ છે કે મારા એ હૃદયબળમાંથી ચાહું એટલું બીજાને આપી શકું છું; અને જેમ હું વધારે આપું છું તેમ તે વધતું જ જાય છે.

મોહન: (વચ્ચે બોલતો) મને સમજાઈ ગયું. મને પણ તે ગુણનો થોડો અંશ તમે આપ્યો લાગે છે. તેથી જ તો મારી બીક ફીક બધી અદૃશ્ય થઇ ગઇ લાગે છે. મારામાં અદ્‌ભુત શાંતિ અને દ્દઢતા આવી જણાય છે.

હિમતલાલ: ખરેખર, એમ જ. (પછી આગળ ચલાવતો) મારામાં ઘડપણ તેમજ જુવાની બંને છે. મારી ઉમર કોઈ માપી શકે તેમ નથી.

ચાર હજાર વર્ષ પહેલાં જ્યારે આર્યો તેમનાં બાળકો ને સ્ત્રીઓને લઇ હિમાલયના જીવલેણ બરફથી ઢંકાએલા માર્ગો ઓળંગી આ દેશમાં આવ્યા ત્યારે હું તેમની સાથે જ હતો; જ્યારે એકલા પૌરવે સિકંદરના અજીત લશ્કરને અટકાવવા સિંધુ નદી પાસે છાવણી ગોઠવી ત્યારે પણ હું ત્યાં હાજર હતો; જ્યારે રાજપાટ ખોઇ દુશ્મનોના જુલમથી હિમાચ્છાદિત પહાડોમાં બાબર એકલો ભમતો હતો ત્યારે પણ તેની સાથે હું હતો; જ્યારે ચિત્તોડની વીરાંગનાઓએ પોતાના પતિ, પુત્રો અને ભાઇઓને રજા આપીને હસતે મુખે અગ્નિકુંડમાં પ્રવેશ કર્યો ત્યારે પણ હું હાજર હતો; અને જ્યારે હિંદીઓ જર્મનોની મશિનગનો સામે ઉઘાડી છાતીએ ફ્રાંસમાં દુશ્મનોને પ્રવેશવાનો રસ્તો રોકી પડયા હતા ત્યારે એ લશ્કરમાં પણ હું જ હતો. મને જુવાની, જરા કે મૃત્યુ નથી. પેઢી દર પેઢી હું બાપથી દીકરામાં ઉતરતો આવું છું. અને તેમાંયે જ્યારે ઉત્સાહની

આજનો પોકાર

તમે સાંભળીને તાજુબ થશો કે છેલ્લા દશકામાં વિલાયતના શહેરીની ઉંચાઇ—સરેરાશ અર્ધો ઇંચ વધી છે. ત્યારે આપણો જુવાન ઉંચાઈમાં વામનજી બનતો જાય છે, પહોળાઇ ને જાડાઈમાં સળેખડું બનતો જાય છે. હિંદી પ્રજાને જગતની બીજી પ્રજાઓની સાથે સમાનતાની વ્યાસપીઠ પર ઉભીને હાથ મીલાવવો હોય તો આજની એ મુડદાલ હાલત નહિ ચાલે. બીજા દેશના યુવકોની જેમ હિંદના યુવકે પણ લોખંડનાં હાડકાં ને પોલાદનાં સ્નાયુનો દેહ બનાવવો પડશે.

જગતભરમાં જુની રચનાને જમીનદોસ્ત કરવાને અને તેને સ્થાને આ યુગને તથા ભવિષ્યને અનુકૂળ આવે એવી નવી રચના કરવાને જગતના અગ્રેસરો તેમના યુવકવર્ગ તરફ નજર માંડી રહ્યા છે. યૂરોપનો સારો ચહેરો આજે બદલાઇ રહ્યો છે તે યૂરોપના યુવકોની જ પ્રવૃત્તિનું પરિણામ છે. રશિયામાં ઝારશાહીને સાફ કરી નાખી અને જગતને સોવિયેટ રાજ્યતંત્રનો નવો આદર્શ આપ્યો તે રશિયાના વીર યુવકોની ઉચ્ચ ભાવનાભક્તિનું પરિણામ છે. આજે જર્મની ફરીવાર ટટ્ટાર બની રહ્યું છે અને થોડા દિવસમાં તો જગતની પ્રથમ પ્રજા તરીકે ઉભું રહેશે એ જર્મન યુવકોના અનન્ય રાષ્ટ્રપ્રેમ અને અગાધ પ્રાણબળનું પરિણામ છે. આપણે આપણા એશિયા ખંડની વાત કરીએ તો, આજે ચીનમાં પરદેશીઓના જુલ્મો સામે કોણ સંગ્રામ ખેલી રહ્યું છે? ચીનના જુવાનો મરણિયા બની આજે ૪૦ કરોડ ચીનાઇ પ્રજાને આઝાદ બનાવવા જીહાદ ખેલી રહ્યા છે. આજનું જાપાન એ તો તેના જુવાનોની છેલ્લી અર્ધી સદીની રાષ્ટ્રભક્તિનું પરિણામ છે. જાપાની યુવકોએ જાપાનની રક્ષા અર્થે, જાપાનના રશિયા સામેનાં યુદ્ધમાં, પ્રથમ લોહીના અક્ષરોએ પોતાની સિપાઈ તરીકેની ઉમેદવારી નોંધાવી અને તે દિવસથી જાપાનને એશિયાની સામ્રાજ્ઞી બનાવવાની મહેચ્છા સફળ કરવાનાં સ્વપ્નાં સેવ્યાં. એનું પરિણામ તે આજનું જાપાન.

આજે આપણા રાષ્ટ્રની ઇજ્જતનો ઝંડો ધુળમાં પડ્યો છે. એ રાષ્ટ્રના ઝંડાને ઉચકનારા અને પોતાના વતનની બહેન દીકરીની રક્ષા અર્થે પ્રાણ કુરબાન કરનારા વીર યુવકો માટે આજનો પોકાર છે. વ્યાયામપ્રવૃત્તિ જ એવા યુવક વીરો પુરા પાડી શકશે. સૌરાષ્ટ્રના યુવકો વ્યાયામમંદિરમાં જઇ તાકાત જમાવી, તેમના વજ્રબાહુથી આજના પતિત રાષ્ટ્રધ્વજને ઉંચકી લ્યો, તેને ધારીને-તેને ગગનમાં ફરકતો બનાવીને રાષ્ટ્રનું કીર્તન કરતા કરતા તેમનાં શેરી ચૌટાંઓમાં સિપાઇને પગલે વિજયકુચ કરો અને રાષ્ટ્રદેવના જયજયકારથી દિગન્તને ડોલાવો—એ આજની યુવકપ્રવૃત્તિનો ઉદ્દેશ છે.

—કકલભાઈ કોઠારી

(કા. રા. પરિષદમાં વ્યાયામ પ્રચારના ઠરાવે અનુમોદન આપતાં)

ઍસેમ્બ્લિમાં તેમ જ દેશમાં મારૂં માન ઘણું જ વધ્યું છે.

ઇતિહાસ: વાહ! સાંભળ્યું કે?

ગણિત: આવતું આખું પખવાડિયું મારે વિઠ્ઠલભાઇ પટેલની સાથે ખાણું લેવા જવાનું છે, જેમને ખાતર બીજા બધા સભાસદોએ મારી સાથેનાં 'ઍપૉઇન્ટમેન્ટ' મોકુફ રાખ્યાં છે.

હિમતલાલ: આપને રોકવાનો અમારો આગ્રહ છે જ નહિ, પધારો. અમારી ખાતર રોકાશો મા. ઇતિહાસ! આમને દરવાજો બતાવો.

ગણિત: (અભિમાનથી) વિદ્વાનોના સંગ વિના હું જીવી શકતો જ નથી.

ઇતિહાસ: (બનાવતો હોય એમ નમન કરીને) મહેરબાન સાહેબ! આ રસ્તેથી પધારો. અહીંથી આમ ડાબી તરફ. અને બહાર જઇને જમણી તરફ વળજો. જોજો, પગથિયું જાળવજો. ખમ્મા! મહેરબાન પધારો!

હિમતલાલ: (ગણિતને રૉફથી) મારા આ નાનકડા દોસ્તને તમે હમણાં હેરાન કરતા હતા, ખરૂં? તમારામાં બકબકાટ વધારેપડતો છે. હવે અહીંથી રસ્તે પડો.

ગણિત: (હિમતલાલના મોં સામે હાથના અંગુઠા વતી ચપટી વગાડી) પુહ!

[ગણિત ગંભીર ડગલે બ્લૅક બૉર્ડ પાસે જઈ તેની પછવાડે અદૃશ્ય થઇ જાય છે.]

મોહન: હાશ! પાપ ટળ્યું!

હિમતલાલ: તેનાથી લેશમાત્ર ડરવા જેવું નથી. ફરી તું એને મળ ત્યારે એના ઉપર કાબુ મેળવી લેજે. હું તને મદદ કરીશ.

મોહન: એ તો ઠીક, પણ તમે કોણ છો એ તો મને જણાવો. તમારૂં નામ તો ભારે જબરૂં છે; ને કામ પણ કાંઇ ઉતરતું નથી.

હિમતલાલ: અધીરો થા મા. વખતસર બધું ય જણાઇ રહેશે. આ પરીક્ષા બાકી રહી ગઇ છે એની સાથે બે બોલ બોલી લઇએ.

[પરીક્ષા ટેબલ ઉપર મોઢું ચડાવીને બેઠો છે. શરીર પર ઓઢેલો ચોફાળ ફેંકી દઈ એ ખડખડ હસે છે.]

મોહન: અરે હિમતલાલ! આ તો કોઇ આનંદી જીવડો લાગે છે! અત્યાર સુધી એને હું રાક્ષસી માનતો એ શું સ્વપ્નું જ હતું?

ઇતિહાસ: (મોહન તરફ આંખનો ઇશારો કરી) આપે આજે શું ખાધું હતું?

હિમતલાલ: ત્યારે પરીક્ષાનો દેખાવ વિકરાળ નથી લાગતો, ખરૂં?

પરીક્ષા: (ખુલ્લા દિલથી મોહનને) કાળજે ઠંડક રાખજો, સાહેબ. મારાથી બીવા જેવું છે જ નહિ. પેલા બધા મૂર્ખાધિરાજો, જેને હિમતલાલે નસાડી મુકયા તે તો મારે વિષે કંઇકંઈ વાતો કરે છે. પણ તમારે તે માનવી નહિ. આજથી છ અઠવાડિયા પછી મને મળીને તમે ખુશ થઇ જશો. પેલાં પ્રેતો કાબુમાં આવ્યાં એટલે બસ.

હિમતલાલ: (મોહનને) અને તમે બે મળશો ત્યારે હું તમારી પડખે ઉભો રહીશ, તું નિશ્ચિંત રહેજે. તે વખતે તું મારી સાથે વાત નહિ કરી શકે,–મને જોઇ પણ નહિ શકે. પણ એથી શું? હું તારી પાસે છું એટલી ખબર તો તને પડવાની જ.

મોહન: પણ હિમતલાલભાઇ! તમે મારે માટે આટલી બધી કાળજી રાખો છો, તે તમારી ઓળખાણ તો આપો; તમે છો કોણ?

હિમતલાલ: સાંભળ. ઘણાં વરસ પહેલાં એક છોકરો તારી પેઠે જ પરીક્ષાના ડરનો માર્યો ધ્રુજતો તે વખતે પણ હું આવી જ રીતે વખતસર તેને પડખે જઇ ઉભો રહેલો. પણ મારે કહેવું જોઇએ કે મારે માત્ર એની પીઠ જ થાબડવી પડી હતી. પછી તો એણે ઘણું જ અચ્છું કામ કરી બતાવ્યું ને અત્યારે તો એ મોટો લશ્કરી માણસ થયો છે.

મોહન: તમે કદાચ મારા બાપુની જ વાત કરો છો!

હિમતલાલ: (હસતાંહસતાં) કોણ જાણે! કદાચ હોય!

[હિમતલાલ ફરી હસે છે ને કુદકો મારી બારી પાસેના ટેબલ ઉપર બેસે છે. ઇતિહાસ માસ્તરના ટેબલ પાસે જમીન ઉપર બેસે છે. બધાયની નજર હિમતલાલ ઉપર છે.]

તેં મારી ઓળખાણ માગી, કાં? મારી પુરી ઓળખાણ માટે તો તારે એક લાંબું ભાષણ સાંભળવું પડશે.

મોહન: ભલે, ભલે.

પરીક્ષા: (દોઢ ડાહ્યો થઇ) હવે ટૂંકામાં જ

અને મારી જોડી બંધાય છે ત્યારે અમને બંનેને અટકાવવાને ખુદ બ્રહ્મા પણ સમર્થ નથી. મને ગમે તે નામથી બોલાવોઃ હિમત કે હિમતલાલ. હું અણધારી જગ્યામાં પણ દેખાઈ આવું છું. 'ભારત, યુવક, ઉત્સાહ, ધૈર્ય અથવા હિમત' આ તો બહુ લાંબું નામ છે, પણ તે એક મહાન વસ્તુની નિશાની છે. બીહામણાં પ્રેતો એને દેખી નાસે છે, મોટા સત્તાધીશો તેની પાસે મસ્તક નમાવે છે, કલ્પનાથી ઉત્પન્ન થએલાં ભૂતો ક્ષણવારમાં અદૃશ્ય થઇ જાય છે.

તું ભારતનો પુત્ર છે. હું તારી સહાયે ઉભો છું. પછી તને ડર શાનો હોય? તારાં કાર્યોમાં દૃઢાગ્રહી થા; તેનાથી હારી નિરાશ ન થા.

ઉત્સાહથી મહેનત કર એટલે બધી મુશ્કેલીઓ નાસી જશે. આર્યની શ્રદ્ધા અને ઉત્સાહભર્યો બન.

[અંદરથી ઘંટ વાગે છે. બધા સ્થિર ઉભા રહે છે. હિમતલાલ ગીતાનો શ્લોક બોલે છે:]

'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચ ન.'

'ઉચ્ચોચ્ચ કર્મ કર તું પુરુષાર્થ ભીનાં.'

[શ્લોક સાંભળીને ઇતિહાસ તથા પરીક્ષા ટેબલ નીચે અદૃશ્ય થઈ જાય છે. હિમતલાલ પણ આવ્યો હતો તે જ બારણેથી ચાલ્યો જાય છે.

નંદ પ્રવેશ કરે છે.]

નંદઃ મોહન! તારો કાગળ આવ્યો છે. તું કહેતો હતોને, કે તારા બાપુ વિલાયત જવાના છે. આ વિલાયતની જ છાપ છે. એમનો જ હશે કદાચ.

[પણ મોહન જવાબ આપતો નથી એટલે પાસે જઇને જુએ છે તો એ ઉંઘતો માલુમ પડે છે. તેના વાંસા પર જોરથી થપાટ મારીને—]

ઉઠ રે! ઉંઘણશી! આમ તે દાખલા ગણાતા હશે?

મોહનઃ (આંખો ચોળતો ચોળતો જાગે છે.) અરે અરે, હિમતલાલ!

નંદઃ (આશ્ચર્યથી) હિમતલાલ તે વળી કોણ? હજી ઉંઘ નથી ઉડી? કે દઉં બીજો એક?

[કાગળ ધરે છે.]

મોહનઃ (કવરમાંથી કાગળ કાઢતાં કાઢતાં) મને આજ બહુ જ ખરાબ સ્વપ્નું આવ્યું.

નંદઃ સ્વપ્નું! આ લાડુ ખાઇને જે સુએ તેને સ્વપ્નાં આવ્યાં વગર રહે જ નહિ. મારી બાના હાથમાં એવો ચમત્કાર છે.

મોહનઃ (કાગળમાંથી થોડું વાંચીને) આપણામાં દૂરથી વિચારોનાં આંદોલનો મોકલાય એને શું કહે છે? જોને, માસ્તર સાહેબ કહેતા હતા કે દૂર દેશથી પણ વિચારો મોકલી શકાય છે.

નંદઃ હા. કાંઈક ગોટાળો તો વાળતા'તા; પણ કાતરિયું ગેપ....

મોહનઃ એ તો કોણ જાણે! પણ સાંભળ.

[કાગળ વાંચે છે.]

'પરીક્ષા વિષે તું નિરાશ થઇશ મા. તારા માસ્તર લખે છે કે તને ચાન્સ છે. હિમત રાખજે. ગભરાવાનું કાંઇ કારણ નથી. તું લખે છે કે ગણિત માટે મને ચિંતા રહે છે. પરંતુ એ માત્ર વહેમ છે. એક પણ મુશ્કેલી એવી નથી જે હિમતથી પસાર ન થાય. ગણિત તો નિર્જીવ વસ્તુ છે. તેના પર આપણે કાબુ મેળવીએ, કે તે આપણા પર મેળવે? શ્રદ્ધાથી તારા કામને વળગી રહે. ફળ આપવું–ન આપવું ઈશ્વરના હાથમાં છે.' નંદ! આ બધી વાત હિમતલાલ મને હમણાં જ કહી ગયો.

નંદઃ તારું ભેજુંબેજું ચસક્યું લાગે છે! હિમતલાલ શું? વિચારો મોકલવાની વાત શી? ડાગળી તો ઠેકાણે છે ને?

મોહનઃ (નંદને કાંઈ ખબર નથી એટલે તે સમજશે નહિ એમ વિચારી એકદમ ઉત્સાહથી) નંદ! આ સ્કૉલરશિપ હું મેળવવાનો જ છું. ગદ્ધામજુરી કરવી પડશે તો તે પણ કરીશ.

નંદઃ તું પાસ થવાનો છે એમ તો બધા ય કહે છે. માત્ર તું જ નાહક ફડકો રાખીને ફર્યા કરે છે.


[એટલામાં પ્રાર્થનાનો ઘંટ વાગે છે અને બંને જાય છે. મોહનનું દિલ ઉત્સાહથી ભર્યું લાગે છે; શરીરમાં અજબ સ્ફૂર્તિ આવી દેખાય છે.]

[ભાવનગર બૉયસ્કાઉટ એસોસિએશન પાસેથી સંપાદિત]

મીલમાલેક—તમે મીલના પૈસા વાપરવામાં બહુ ઉદાર થતા દેખાઓ છો!

મેનેજર—ના જી, મેં તો અહીં આવીને મીલનો ઘણો ખર્ચ કમી કરી નાખ્યો છે.

મીલમાલેક—શું કમી કર્યો, કપાળ? આ આગ ઓલવવાનો સંચો તો તમે નકામો જ લીધો છે. જુઓને, આજ બે વરસથી લીધો છે પણ જરા યે કામમાં આવ્યો છે?



આધુનિક વિજ્ઞાનની અજબ શોધ

એક્સ રેઇઝ



છેલ્લાં ત્રીસ વર્ષમાં દાકતરી જ્ઞાનને આગળ વધારી મુકનાર અદ્‌ભુત કિરણો


લેખક: **ડૉ. હરિલાલ મ. દેસાઈ** એફ. આર. સી. એસ., ઇ. ડી., સીએચ. ઓ. અમદાવાદ

તમે કોઇ વખત માંદા માણસોને વાત કરતાં સાંભળ્યા હશે કે શરીરના અંદરના ભાગનો ફોટો વિજળીથી પડાવીને રોગ પરખાવીએ તો કેમ? તમે એમ પણ સાંભળ્યું હશે કે વિજળીથી શરીરની અંદરનાં હાડકાં, હૃદય વગેરે અવયવો જોઇ શકાય છે! કોઇ વખત તમે તમારા સંબંધી ડાકટરને એમ પણ કહેતા સાંભળ્યા હશે કે તમે સવારમાં શું ખાધું છે તે હું 'એક્સ રે'થી તમારૂં પેટ જોઇને કહી શકું!

થોડા વખત પર એક છોકરાએ સોનાનું બટન ચોરેલાં એ પકડાયો એટલે એ બટન ગળી ગયો. પણ 'એક્સ રે'થી એનું શરીર જોતાં તરત બટન એના પેટમાં દેખાયાં!

આ અજાયબી પમાડનાર 'એક્સ રે' શું છે, એ કેમ પેદા થાય છે, એ કોણે શોધી કાઢ્યું એની તમને ખબર છે?


ઇ. સ. ૧૮૯૫ના એપ્રિલ માસની ૩૦મી તારીખે પ્રોફેસર રૉન્જન નામના એક વિદ્વાન ફ્રેંચ ડાકટર વુર્ઝબર્ગમાં એક અંધારી કોટડીમાં બેસી હવા ખાલી કરેલી ક્રુકસની એક કાચની નળીમાંથી નીકળતાં કિરણો તપાસી રહ્યા હતા. આ નળીને એમણે કાળાં પુઠાંથી ઢાંકી દીધી હતી, જેથી દેખી શકાય એવાં કિરણો ટ્યુબમાંથી કોઇ પણ બાજુએથી બહાર આવે તેમ ન હતું. ઓરડી પણ તદ્દન અંધારી કરી હતી એટલે બહારથી લેશમાત્ર અજવાળું પણ આવવાનો સંભવ નહોતો. પછી એમણે એ નળીને વિજળીનું જોડાણ કર્યું. તેથી એક બાજુ થોડે દૂર બેરિયમ પ્લૅટિનો સાયનાઇડ નામનો પદાર્થ પડ્યો હતો તે ઝળકી ઉઠ્યો. પ્રોફેસર વિચારમાં પડ્યા કે ટ્યુબને બધી તરફથી બંધ કરી છે એટલે એમાંનાં કિરણો બહાર આવી શકે એમ નથી, બહારનું અજવાળું પણ આવે એમ નથી; તો પછી આ અજવાળું આવ્યું ક્યાંથી? નક્કી આ ટ્યુબમાંથી જ એવાં કોઇ કિરણો નીકળતાં હોવાં જોઇએ, જે આંખેથી જોઇ ન શકાય તેવાં હોવા છતાં કાળાં બોર્ડને ભેદીને જઇ શકે. આ જ 'એક્સ રે'.




એક્સ કિરણોના શોધક પ્રો. રૉન્જન
જેના નામ પરથી એ રૉન્જન કિરણો પણ કહેવાય છે.

સર વિલિયમ ક્રુક્સ જેવા ઘણા નામાંકિત વિજ્ઞાનીઓ વર્ષો થયાં આવી જાતના અખતરા કરતા હતા; પણ આ અજાયબી જેવાં કિરણોની શોધનું માન તો પ્રોફેસર રૉન્જનને જ મળ્યું ને એમણે આ કિરણોનું નામ 'એક્સ રેઇઝ' (રૉન્જન કિરણો) પાડ્યું.

વધારે અખતરા કરતાં માલુમ પડ્યું કે આ કિરણો શરીરના પોચા ભાગમાંથી, લાકડામાંથી, ને ધાતુ





ઉપરઃ ' એકસ રે ' ઉત્પન્ન કરનારી ટયુબ (નળી). જમણી બાજુએઃ ' એક્સ રે 'થી ફોટોગ્રાફ પાડવાની રીતઃ એમાં દરદીને ટયુબ તથા પ્લેટની વચ્ચે રાખવો (સુવાડવો) પડે છે.


સિવાયના લગભગ બધા પદાર્થોમાંથી પસાર થઇ શકે છે. માત્ર હાડકાં, ચુનાની તથા ચાકની બનાવેલી વસ્તુઓ ને ધાતુમાંથી એ જઇ શકતાં નથી. આ ઉપયોગી શોધથી પ્રથમ શરીરનાં હાડકાં વગેરેના ફોટા પાડવાની શરૂઆત થઇ. અને તે પછી આ અદ્‌ભુત કિરણોએ છેલ્લાં ત્રીસ વર્ષમાં દાક્તરી જ્ઞાનને ઘણું આગળ વધારી દીધું છે. પહેલાં, દર્દીનાં જીવતાં જે જે રોગોની માત્ર અટળક જ કરી શકાતી તે આજે સ્પષ્ટ જોઇ શકાય છે. હવે તો એવા મોટા એક્સ રેના સંચા બનાવવામાં આવે છે કે ભલભલી કઠણ ચીજોમાંથી પણ આ કિરણો જઇ શકે છે, અને તેનો ઉપયોગ દાક્તરી સિવાય બીજાં પણ ઘણાં કામોમાં કરવામાં આવે છે.

આ એક્સ કિરણો કેવી રીતે ઉત્પન્ન થાય છે તે હવે આપણે જોઇએ. ઘરમાં વિજળીના દીવા તો તમે જોયા હશે. તેમાંના દરેક દીવાને બે દોરીઓ (જેની અંદર ત્રાંબાના તાર હોય છે) વડે લટકાવેલો હોય છે. એ બંને દોરીના છેડા દીવો ભરાવવાના પ્લગમાં મળે છે. એમાંથી એક પણ દોરીનો તાર બગડ્યો હોય તો દીવો થાય નહિ. તેમાંની એક દોરી પૉઝિટિવ કહેવાય છે ને બીજી નેગેટિવ કહેવાય છે. એક્સ કિરણની હવા ખાલી કરેલી ટયુબમાં પણ એક પૉઝિટિવ પોલ ને બીજો નેગેટિવ પોલ હોય છે.

હવે આ ટયુબને વિજળીના તાર જોડે સાંધીએ ત્યારે વિજળીક શક્તિ પેદા થઇને પોઝિટિવ પોલ (અથવા એનોડ)માંથી નેગેટિવ પોલ (અથવા કેથોડ)માં જાય છે, ને કેથોડમાંથી એક પ્રકારનાં કિરણો ઉત્પન્ન થાય છે જે એક સેકંડે ૧૯૦૦૦ માઇલના વેગે દોડે છે. આ કિરણો કોઇ પણ કઠણ ધાતુ સાથે અથડાય એટલે ત્યાંથી એક્સ કિરણો પેદા થાય. ચિત્રમાં બતાવેલી ટયુબમાં કેથોડ ' બ 'માંથી કિરણો જઇને ' અ 'નો ટયુબની અંદરનો ભાગ જે પ્લૅટિનમ નામની ધાતુનો બનાવેલો હોય છે તેને વાગે છે, ને ત્યાંથી એક્સ કિરણો ઉત્પન્ન થઇને ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે **perpendicularly** ટયુબની બહાર જાય છે.

હવાવાળી કરતાં હવા વગરની જગ્યામાંથી વિજળીને પસાર થવું બહુ અઘરૂં પડે ને તેમાં વિજળીક બળ પણ વધારે જોઇએ. આપણા ઘરના દીવાનું વિજળીક બળ છે તે કાંઇ ક્રુક્સની હવા ખાલી કરેલી ટયુબમાં કામ લાગે નહિ. આ ટયુબોમાં તો આપણા ઓરડાની હવાના દસ લાખમા ભાગની હવા પણ હોતી નથી. આથી તેમાં વિજળીક બળ વધારવું પડે છે, ને ટ્રાન્સફૉર્મર નામના યંત્રથી આપણા દીવાનું ૨૨૦ વૉલ્ટનું બળ વધારી ૯૦૦૦૦ થી ૧૫૦૦૦૦ વૉલ્ટનું બળ કરીને આ ટયુબમાં દાખલ કરવામાં આવે છે.

હવે એક્સ કિરણથી છબી કેમ પડે છે તે આપણે જોઇએ. એક્સ કિરણથી પાડેલી છબી આપણા કૅમેરાથી પાડેલી છબી જેવી હોતી નથી. એટલે કે તેમાં જે વસ્તુ આપણે જોઇએ તેની આકૃતિ પડતી નથી, પણ જે વસ્તુમાં થઇ એ કિરણો પસાર થઇ શકે તે વસ્તુનો પડછાયો પ્લેટ અથવા ફિલ્મ ઉપર પડે છે. પ્લેટો ને ફિલ્મો તો સામાન્ય ફોટોગ્રાફીમાં વપરાય છે તેવી જ લગભગ હોય છે. ફેર એટલો





'એક્સ રે'થી પાડેલા બે ફોટોગ્રાફો

ઉપર : મૂત્રાશયમાંની પથરીનો ફોટોગ્રાફ: વચ્ચે ગોળ ટપકું દેખાય છે તે પથરી છે.
ડાબી બાજુએ : ભાંગેલાં હાડકાંનો ફોટોગ્રાફ.


જ કે આ પ્લેટો ઉપર સિલ્વર બ્રોમાઈડનું સોલ્યુશન વધારે જાડું લગાડેલું હોય છે. હમણાં નવી નીકળેલી એક્સ રેની ફિલ્મ ઉપર આ રસાયન બંને બાજુએ લગાડેલું હોય છે.

ફોટોગ્રાફીમાં આપણે જે વસ્તુની છબી લેવી હોય તેની સામે કૅમેરા રાખીએ છીએ, જ્યારે એક્સ રેમાં જે વસ્તુની છબી પાડવાની હોય તેને ટ્યુબ તથા પ્લેટની વચ્ચે રાખવી પડે છે. પોચી વસ્તુઓમાંથી તો એક્સ રે પસાર થઇ જાય, પણ જે કઠણ વસ્તુઓ—હાડકાં, ધાતુ વગેરેમાંથી તે જઇ ન શકે તેનો પડછાયો પ્લેટ ઉપર પડે. હાડકાંમાંથી એક્સ રે પસાર નથી થઇ શકતાં એનું કારણ હાડકાંમાં કૅલ્શ્યમ સૉલ્ટ છે એ જ છે.

આ પ્રમાણે એક્સ રેથી શરીરમાંનાં ભાંગેલાં હાડકાં કે પથરી, અથવા તમે કોઇ કઠણ ચીજ—પૈસો, બટન વગેરે-ગળી હોય તે, અથવા બંદૂકની ગોળી વાગી હોય ને શરીરમાં ભરાઇ ગઇ હોય તો તે જોઇ શકાય ને તેનો યોગ્ય ઉપાય કરી શકાય છે. હોજરી ને આંતરડાં પોચાં હોવાથી એની છબી પડી શકતી નથી, પણ જરૂર પડે ત્યારે એનો પણ ફોટોગ્રાફ પાડવાની યુક્તિ વિજ્ઞાનીઓએ શોધી કાઢી છે. હોજરીની અંદર બિસ્મકસ અથવા બેરિયમ નામનો પદાર્થ જાય તો તેની અસરથી એ પોચાં અંગોનો પણ એક્સ કિરણોમાં પડછાયો પડી શકે છે. એટલે એ પદાર્થવાળી ચીજ દરદીને ખવડાવવાથી એ પદાર્થમાંથી એક્સ રે પસાર નહિ થઇ શકવાથી એનો પેટના કે આંતરડાના આકાર પ્રમાણે પડછાયો પડે છે ને તે ઉપરથી આપણે તેની હોજરી, આંતરડાં વગેરેની સ્થિતિ સમજી શકીએ. હૃદય, ફેફસાં વગેરે કઠણ ભાગોમાંથી એક્સ રે સહેલાઇથી જઇ શકે નહિ એટલે એમની છબી તો પડી શકે છે. ફેફસાંની તપાસ આમ સરળ થવાથી ક્ષય જેવા રોગો શરૂઆતમાંથી જ માલુમ પડી શકે છે ને ચાંપતા ઉપાયો લઇ શકાય છે.

જો પ્લેટને બદલે બેરિયમ પ્લેટિનો સાઇનાઇડ લગાડેલો પડદો ધરીએ તો છબી પડ્યા વગર કઠણ ભાગના પડછાયા દેખાય. હૃદયના ધબકારા, હોજરીમાં જતો ખોરાક વગેરે જોવામાં આ રીતનો ઉપયોગ કરવામાં આવે છે.

જે ભાગ ઉપર કિરણો પડતાં હોય તે જ ભાગનો પડછાયો પ્લેટ ઉપર પડે છે. આ ઉપરથી સમજાશે કે જો પ્લેટ આખા શરીર જેટલી મોટી ન હોય ને ટ્યુબ શરીરથી બહુ જ દૂર રાખી ન હોય તો આખા



'એક્સ રે'થી ફોટોગ્રાફ પાડવાનો ઓરડો: એની સંપૂર્ણ સામગ્રી સાથે.

શરીરની છબી પડી શકે નહિ. આમ બનવું કઠણ છે ને એની જરૂર પણ નથી. માણસ કે જાનવરનું મોઢું સાધારણ ફોટોગ્રાફીમાં પડે છે તેમ તો એક્સ રેની છબીમાં ન જ પડે એ સહજ સમજી શકાય એવું છે. ઘણી વખત દર્દીઓ પુછે છે કે, 'સાહેબ, છબીમાં મને કોઇ ઓળખી શકશે?'

એક્સ રેનાં યંત્રો હજી મોંઘાં છે. સાદું યંત્ર પાંચછ હજાર રૂપિયાથી ઓછે ન આવે; ને ટયુબ વગેરે બીજાં સાધનો ખરીદતાં દસબાર હજારનો ખર્ચ થઇ જાય. એક્સ રે પ્લેટો પણ સાધારણ ફોટો પ્લેટો કરતાં મોંઘી પડે છે. છતાં એક માણસે મને પુછેલું કે, 'સાહેબ, કાણેટકર તો આખા શરીરની છબીના ત્રણ જ રૂપિયા લે છે ને તમે એકલા હાથની છબીના આટલા બધા કેમ માગો છો?' એને શો જવાબ આપું? ગુસ્સા સાથે હસવું તો આવ્યું જ. મારા મદદનીશને એ ગૃહસ્થને સમજાવવાનું કઠણ કામ સોંપી હું જતો રહ્યો.

'શું તમે ખરૂં કહો છો કે શેઠ અંદર નથી?' બહારથી આવનારે પુછ્યું.

ઑફિસના છોકરાએ જવાબ આપ્યો, 'કેમ સાહેબ, આપને શેઠના પોતાના શબ્દોમાં પણ શંકા છે?'

દક્ષિણહિંદમાં પ્રવાસ [૨]

હિંદની એક પ્રાચીન જાતિ : ટોડા



સવારમાં પોતાની ભેંસો લઇ નીકળી પડેલો ટોડા

ઉતાકામંડ જતાં જ મારા ખ્યાલમાં હતું કે નીલગિરિમાં આ જાતિ વસે છે અને અત્યારે હયાતી ધરાવનાર એ હિંદની પ્રાચીનમાં પ્રાચીન જાતિ છે. એટલે હું દરેક તકે ટોડા જોવાને આતુર રહેતો હતો. આ આતુરતા ખરી જીજ્ઞાસા હતી, છતાં મારા મિત્રોને તેમાંથી બહુ વિનોદ મળતો. મેં પહેલી વાર એક ટોડાને રસ્તા પર જતાં જોયો કે તુરત પોકાર્યું 'એ . . . ટોડો જાય' અને એ વાક્ય મારા મિત્રોને હથિયાર થઇ પડ્યું! ટોડાઓ કેમ રહે છે, કેમ બોલે છે, શા રીતે નિર્વાહ કરે છે વગેરે જાણવા અમે બધા એકસરખા ઇંતેજાર હતા, પણ નિમિત્ત હું જ રહ્યો.

આ ટોડા જાતિએ જગતના પ્રાચીન શોધકોનું ધ્યાન ખેંચ્યું છે. તેમની સંખ્યા અત્યારે તદ્દન જુજ છે, અને તેમાં યે સ્ત્રીઓ ત્રીજા ભાગની જ છે. આથી તે જાતિમાં એક સ્ત્રીને બહુ પતિ હોઇ શકે. તેઓ બીચારાં ઢોર ચારી ગુજારો કરે છે અને કુન્ડા પ્રદેશની ટેકરીઓ વચ્ચે જે ઝાડીઓ છે તેની ગીચમાં તેમના નેસ બનાવીને રહે છે. દેખાવમાં તેઓ બીજી જંગલી જાતિઓ કરતાં ઘણા જ ઘાટદાર લાગે છે. તેમનાં ઝુંપડાં આપણે ગાડાં પર વાંસનું પાલું બાંધીએ છીએ તે ઘાટનાં હોય છે, પણ તે બનાવવામાં તેઓ બહુ ચાતુરી અને કૌશલ્ય બતાવે છે. તેમની ભાષા આસપાસના બડાગા અને કોટા કરીને ગામડિયા છે તેનાથી સાવ જુદી પડે છે, પણ સહવાસથી તામિલ બોલતા થયા છે. બાળહત્યા, બહુવરા અને મૃત્યુ પામેલાંને ભેંશનો ભોગ આપવાના રિવાજો તેઓમાં છે.

તેમની કહેવત, કથા, ધર્મ એ બધામાં ભેંશનો ઉલ્લેખ હોય જ. ટોડાની ભેંશ અજાણ્યાને ભય રૂપ છે. જો પાછળ પડી તો આવી જ બન્યું જાણો ! ટોડાના ડચકારા વિના તે પાછી વળવાની જ નહિ. આ ભેંશો કદે મોટી હોતી નથી, રંગે ભુખરી હોય છે અને એનાં શીંગડાં શરીરના પ્રમાણમાં અતિશય લાંબાં હોય છે.

કેટલાક ઇતિહાસકારો તેમને સીથિયન લોકોની એક ટોળી ગણે છે. નાસભાગ કરતાં તેઓ અહીં આવી ભરાઇ પડ્યા હોય એમ બને. કેટલાક તેમની ઓઢવાપહેરવાની રીત પરથી તેમને રોમન અંશવાળા ગણે છે. કેટલાક તેમને હિબ્રુ જાતિનો છેલ્લો ટુકડો








(૧) ટોડાનું ઝુંપડું (૨) ટોડા પુરુષો (૩) ટોડા સ્ત્રીઓ

ટોડાના ઝુંપડાનો બીજો પ્રકાર



ટોડાઓમાં આશીર્વાદ આપવાનો વિચિત્ર પ્રકાર

ગણે છે અને ટોડાઓ પોતે તો પોતાને રામચંદ્રના વાનરસૈન્યમાંથી ઉતરી આવ્યા માને છે. એટલી હિંદુ ધર્મની છાપ પડી લાગે છે. બાકી બીજી રીતે તેમનામાં ક્યાં યે હિંદુ ધર્મનો અંશ નથી.

તેઓ સવાર પડતાં મોં પર આંગળાં રાખી વિચિત્ર રીતે સૂર્યને નમસ્કાર કરે અને ભેંશોને લઇ લીલીછમ ટેકરી પર જઇ ચડે. સાંજ પડ્યે નેસમાં આવી, સવારે સૂર્યને નમસ્કાર કર્યા હતા તેવી જ રીતે દીવાને નમસ્કાર કરે અને સુઇ જાય. નવાઇની વાત એ છે કે ભેંશ દોહવાનું, વલોવવાનું કે ઢોરને લગતું કંઇ કામ સ્ત્રીઓને કરવાની મનાઇ હોય છે. તેઓ ઘરનું બીજુંત્રીજું કામ કરે અને ફુરસદે તેમના ધાબળા કે ચોફાળ ઉપર લાલ ભુરી ઊનથી કોર ભરે.

ટોડાઓ વારંવાર પોતાના નેસ ફેરવ્યાં કરે છે અને ફેરવણીનો દિવસ બહુ ઠાઠ અને ધમાલથી ઉજવે છે. તેમના ઇષ્ટદેવો વિષે તેઓ માને છે કે પોતાની જેમ તેમને પણ ભેંશ ને ઘર હોય છે. દેવો ઉંચામાં ઉંચા શિખર પર વાસ કરે છે, પણ માણસોની નજરે પડતા નથી. તેમને અર્પણ કરેલી ભેંશો, જમીન વગેરે સાચવનારા પૂજારીઓનું તેઓ બહુ માન રાખે છે. દરેક ટોળીનો ઇષ્ટદેવ જુદો હોય છે.



ઉતાકામંડની મજુરણ

સૌથી મોટો દેવ ઓં અને મોટી દેવી તીક્રીઝી ગણાય છે. પીથી સૌથી પહેલો માનવી અને તેનો દીકરો એ ઓં. તેણે માણસો, ભેંશો ઉત્પન્ન કર્યાં અને તે મૃત્યુલોકનો રાજા થયો. એક દિવસ ઓં અને તીક્રીઝી કુન્હા ટેકરી પર આવ્યાં અને એક લાંબો લોખંડનો સળિયો મુક્યો. તેને એક છેડેથી ઓંએ ૧૬૦૦ અને તેની પત્નીએ ૧૮૦૦ ભેંશો ઉત્પન્ન કરી. આમાંનો પહેલો જથ્થો દેવતાઇ હતો અને બીજો જથ્થો હાલની ભેંશોની મૂળ જાત હતી. એમાંની છેલ્લી ભેંશની પાછળ એક આદમી નીકળી આવ્યો તે સૌથી પહેલો ટોડા. ઓંએ તેની એક પાંસળી કાઢી ને તેમાંથી એક બૈરી નીપજાવી તે પહેલી ટોડી. ઓંનો દીકરો ડુબીને મરી ગયો તેના દુઃખે તે મૃત્યુલોકમાં જઇને રહ્યો એટલે તીક્રીઝે મુલક સંભાળી લીધો ને ટોડાઓને પોતાની છાયામાં લીધા. તેણે તેમને ટોળીઓ પાડી આપી, ભેંશો વહેંચી આપી અને રિવાજ કરી આપ્યા જે આજ સુધી ચાલુ છે.

તેઓ ઉંચાં ટાવર જેવાં માટીનાં ઘર બનાવે છે ને તેને મુંડ કહે છે. તેમાં તેમના દેવ રહે છે એવું કહે છે, પણ કોઇને તે જોવા દેતા નથી. જુએ તેની આંખો જાય એવું મનાવે છે.

ટોડાની ઝુંપડી બહારથી રમ્ય લાગે છે તેટલી જ અંદર અંધારી ને ખાડાએયાવાળી હોય છે. દાખલ થવા માટે એક નાનકડું બાંકોરું જ હોય છે એટલે ચોપગા થઇને જ જવાય ને નીકળાય. એ બારણા આગળ એ બાજુ ઓટલા જેવું હોય છે. અંદરની બાજુએ અરધી ઝુંપડી ઉંચી અને અરધીમાં ખાડો. તે જ રસોડું અને સ્ત્રીને સુવાની જગ્યા. ઝુંપડીની ચારેપાસ પથરા ગોઠવી કેડ સમી ભીંત કરી લીધેલી હોય છે.

તેમના પોશાકમાં ધોળો પછેડો જ. તેને લાલ કે ભુરો છેડો હોય. નીચે કેડ પર એક નાનો કટકો વીંટેલો હોય. સ્ત્રી પુરુષ બંને માથાં ઉઘાડાં જ રાખે અને તેને તેલઘીથી તરબોળ રાખે. આથી તેમનું શરીર ચીકણું અને વાસ મારતું લાગે છે. ટોડા એકબીજાને મળે છે તે વખતની રીત બહુ વિચિત્ર છે. ઉમ્મરમાં કે અધિકારમાં નાનું હોય તે નીચે બેસી ઘુંટણીએ પડે એટલે મોટેરો તેના માથે પગ મુકી આશીર્વાદ આપે. તેમનો નાચ તો બીજી જંગલી જાતો જેટલો જ વિચિત્ર છે. મરદો એકબીજાના ગળામાં હાથ નાખી કુંડાળું વળે અને 'હા હા હૂ હૂ' એવો અવાજ કરતા કદમ ઝીલતા ફરે, પણ અવાજ બદલાય જ નહિ. ટોડીઓ ગાય ત્યારે 'એં ઉં એં ઉં' એક જ સ્વર ચાલુ રાખે અને આપણને તો રોતી જ લાગે. તેઓ તો કદિ નાચ કરવાની જ નહિ.

એમની ભાષામાં 'ચેન પેર ઇલાન' એટલે મારું નામ ઇલાન એવો અર્થ થાય. 'તો તીરૂ થીયા' કહે એટલે હું જન્મ્યો છું એમ સમજવું.

એકથી વધારે પતિ કરવાનો રિવાજ તેમનામાં આવવાનું કારણ એ કે ખોરાકની તંગીને લીધે કમાઇ ન શકે એવાં ભાર રૂપ બાળકોનો તેઓ નાશ કરે છે અને એ રીતે કન્યાઓ પહેલો ભોગ થાય છે. એથી પુરુષોનો વધારો જ થાય અને બહુ પતિનો રિવાજ સ્વીકારવો જ પડે. એ રિવાજનું બીજું કારણ તેઓ મલબાર કિનારાથી ખસતાખસતા આવે છે એ પણ હોય. મલબારમાં હજુ એવા રિવાજો છે.



ઉતાકામંડની બજારમાં ફળફુલ વેચવા આવતી સ્ત્રીઓ

અત્યારે એ કોમ નાબુદ થતી જાય છે. હવે તો તેઓમાં દારૂની બદી પણ પેઠી છે અને આથી પૈસાની તંગીને લીધે તેઓ દેવાદાર બને છે. લુંબા કરીને વેપારીઓ તેમને નાણાં ધીરે છે, અને નાદાર નીવડતાં તેઓ તેમની ભેંશ વગેરે મિલ્કત જપ્ત કરી લે છે.

આ ગરીબ અને રાંક જાતિ અજ્ઞાન અને દારિદ્રયમાં આપણી સામે જ માનવ ઇતિહાસમાં કેટલી પાછળ દેખાય છે?

સ્વીકાર

'વસન્ત'-રજતમહોત્સવ-સ્મારક ગ્રંથ: પ્રકાશક, 'વસંત' ર. મ. સ્મા. ગ્ર. કમિટી, ગુજરાત વર્નાક્યુલર સોસાએટી અમદાવાદ; કીમત રૂા. ૩-૮-૦

શુભસંગ્રહ ભાગ બીજો: ટુંકા અને ઉપયોગી ર૬૦ લેખોનો સંગ્રહ, પ્રકાશક સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ. કીમત રૂા. ર-૮-૦

આદર્શ દ્રષ્ટાંતમાળા: ભાગ બીજો. અનુવાદક અને પ્રયોજક, પંડિત શિવપ્રસાદ દલપતરામ; પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી મુંબાઈ ર; કી ૧-૦-૦, પાકું પુઠું ૧-૪-૦.

પ્રતિજ્ઞા પાલન: લેખક અને પ્રકાશક, ઝવેરી કાન્તિલાલ સારાભાઈ, કસુંબાવાડાની પોળ, અમદાવાદ; કી. ૧-૦-૦

તંદુરસ્તીના ઉકેલો: લેખક, સ્વામીરાવ; પ્રકાશક, મંત્રી ગણેશ ક્રીડા મંડળ ભાવનગર; કી. મરજીરૂપ.

શ્રી ભક્તિમાર્ગીય દ્રષ્ટાંતમાલા (ભાગ ૧) લેખક, દીનસેવક; પ્રકાશક, કનૈયાલાલ માણેકલાલ ભટ્ટ; કણઝરી; કીમત ૦-૮-૦

સી. ટી. સ્વામીનારાયણ એ. વી. સ્કૂલ અને એમ. જી. બોર્ડિંગ હાઉસ-વસાઇનો રીપોર્ટ.

શ્રી વરણામા સેવા સમાજનો પાંચમો-છઠ્ઠો વાર્ષિક રીપોર્ટ.

શ્રી મુંબાઇ ગુજરાતી રાષ્ટ્રીય કેળવણી મંડળનો ૧૯૮૩-૮૪નો વાર્ષિક વૃત્તાંત.

શ્રી પાલેજ સેવા મંડળનો રેલ સંકટ નિવારણ ફંડનો હિસાબ તથા રીપોર્ટ.

બેસનાર—(ગાડીવાળાને) અલ્યા, તારૂં નામ શું છે?

ગાડીવાળો—મોહનદાસ.

બેસનાર—વાહ! એ નામ તો આજે ઘેરઘેર જાણીતું છે!

ગાડીવાળો—(અભિમાનથી) કેમ ન હોય, સાહેબ? સત્તાવીસ વરસથી ગાડી હાંકું છું!

બાપ—(ગુસ્સામાં) તું હમેશાં છેલ્લો જ કેમ રહે છે?

છોકરો—(શાન્તિથી) પણ બાપા, એમાં કશો જ વાંધો નથી. માસ્તર પહેલા-છેલ્લા બધાને સરખું ભણાવે છે!

ખોખરામાં કૅમેરા

ભાવનગરની તખ્તેશ્વરની ટેકરી ઉપર ચડીને જોતાં દક્ષિણમાં દૂરદૂર આકાશનાં વાદળાંઓ સાથે મળી જતી નાની ટેકરીઓની એક સુંદર માલા દેખાય છે તે જ ખોખરાના ડુંગર! એ ટેકરીઓની વચ્ચેની ખીણમાં માલનાથ મહાદેવની રમણીય જગ્યા છે. ચોમાસાના હરિતનીલ આચ્છાદનથી આ ટેકરીઓની શોભા ઘણી જ વધી જાય છે. પુષ્કળ ઉગી ગએલ આ વનસ્પતિના કેવળ નીલ રંગમાં કોઇકોઈ સ્થળે અમલ જલના મંદમંદ વહી જતા ધોધ સૂર્યચંદ્રનાં કિરણે રૂપેરી બની જાણે આછી ઝાંખી કોરભાત પાડી જાય છે. ઉંચી ટેકરીનાં શિખર ઉપરથી દૂર ક્ષિતિજ સુધી દેખાતાં નાનાં નાનાં ઝાડ, નાની નાની પગવાટ, નાનાં નાનાં ગામડાં, અને દીવાળીમાં હવાઇ ફોડતાં ઘેરાં આકાશની અંદર જેવો સુરંગી પ્રકાશનો ચીલો પાડી જાય તેવી કોઇકોઇ નદી એ બધાં દૃશ્યો આહ્લાદજનક છે.

પુણ્યમાસ શ્રાવણના અંતમાં શ્રી દક્ષિણામૂર્તિ ભવનના કેટલાક શિક્ષકો ને વિદ્યાર્થીઓ આ ટેકરીઓની યાત્રાએ ગયા હતા. સુંદર દૃશ્યોની છબી પાડી લેવાના હેતુથી એક કૅમેરા પણ સાથે લીધો હતો. આ લેખમાં મુખ્યત્વે ફોટોગ્રાફીની દૃષ્ટિએ આ પ્રવાસ કેવો હતો તે જ વાતોનો ઉલ્લેખ કરીને, ઘણું લખી શકાય તેવા આ વિષયને મર્યાદિત કરવો યોગ્ય ધાર્યો છે.


ચોમાસું એ ફોટોગ્રાફ માટે સૌથી મુશ્કેલ છતાં સૌથી મોહક ઋતુ છે. ડુંગરા પણ કૅમેરાના શોખીનોનું એટલું જ આકર્ષણ કરે છે. પણ બંને વિષયોમાં અનુભવ એવો થયો છે કે કેટલીક વાર જે દૃશ્ય સુંદર હોય છે તેનો ફોટોગ્રાફ સુંદર પડતો નથી; અને ફોટો સુંદર લાગે તે દૃશ્ય સુંદર હોતું નથી! અને આ બંનેનો સમન્વય સાધનોની ખોટ છતાં કરવો મુશ્કેલ પડે છે. ફોટોગ્રાફની ભાષામાં કાળા અને સફેદ સિવાય બીજા રંગો છે જ નહિ એ

જ્ઞાન ઉચ્ચરતા કૅમેરાપતિને ઘણું મોડું થાય છે એ અનુભવ ત્રણ વખત થયો. માલનાથ સવારના પહોરમાં અમે ચાલ્યા. એક ટેકરીના શિખર ઉપર જરા સપાટ પ્રદેશ આવતો હતો. અનંત નિર્જનતા અને નિઃશબ્દતાની વચ્ચે એક ઉન્નત શૃંગ ઉપર આટલા બધા લોકોનો સહસા ભરાવો અને કોલાહલ જોઇ નક્કી ત્યાંનાં તમરાં–કંસારીઓ વિહ્વલ થઇ ઉઠ્યાં હશે. એ દૃષ્યની છબી પાડી. (ક) પરિણામે જે નેગેટિવ અમારી પાસે છે તે કાળી ચૌદશની રાત્રિએ ધારાનગરીના સ્મશાનમાં ખવીસોના નાચનું વર્ણન આવે છે તેને લાયકની અથવા સારા માણસનું ખૂન કરવા માટે કાળો ઝભ્ભો પહેરીને થીએટર ઉપર ખરાબ માણસના મિત્રો આવે છે તેની છબી જેવી લાગે છે. એક ટેકરી ઉપર વડ છે અને એ વડ ઉપર ચડનારા લગભગ બધા જ અંદર સમાઇ જાય એટલે દૂરથી એક બીજી છબી પાડી. તે પર્વત ઉપર ચડતા માણસોની છબી લાગવાને બદલે રાફડા ઉપર સાકર ભભરાવ્યાથી ઉભરાઇ નીકળેલા મંકોડાની છબી જેવી લાગે છે.

સુંદર દશ્યો જોવા અને ફોટોગ્રાફ લેવા માટે ઘણે દૂર ચાલીને જવું એ ટેવ બહુ સારી છે એમ ઘણા કહે છે. મને તેમ લાગતું નથી. વસ્તુતાએ કાશ્મીર કે બ્રાઝિલ જેવું કુદરતી સૌંદર્ય ચાલીને જવાથી જ માત્ર જોવા મળે તો તે પણ ત્યાજ્ય છે એ મત મને વધારે ઉપયોગી લાગે છે. માલનાથથી થોડે દૂર વીસ કે ત્રીસ હાથ ઉપરથી એક જગ્યાએ પાણીનો ધોધ પડે છે અને તેની જ નીચે એક રમ્ય જલાશય બની ગયું છે. મુ. નાનાભાઇએ પાણીના સાદૃષ્યને લક્ષીને એ સ્થાનનું નામ આપ્યું આચ્છોદ સરોવર. સ્થાન બધી રીતે સુંદર હતું, તેમાં કુદરતી વિભૂતિના ઘણા ગુણો પણ હતા. છતાં દોષ માત્ર એ હતો કે તે દૂર હતું. આથી એ સ્થાનનો ફોટો પાડવા એટલે દૂર સુધી જવાની હિમત થઇ નહિ ! કર્મવાદીઓ કહે છે કે તેનું પરિણામ સારૂં ન આવે. પણ મારો તો અનુભવ તેથી ઉલટો નીવડયો. એક ખરાબ નેગેટિવનો આથી વધારો થતો અટકયો; કેમકે સ્થાન સુંદર હોવા છતાં ફોટોગ્રાફ પાડવા માટે એ નકામા જેવું હતું.

જો માત્ર માલનાથના ફોટોગ્રાફના અનુભવો ઉપરથી એક સામાન્ય સત્ય ઉપજાવવું હોય તો એમ કહી શકાય કે ફોટોગ્રાફી એ અસત્ય દર્શન કરાવનાર માયા છે ! મુ. નાનાભાઇ (પોતે કુલનાયક હોવા છતાં) હજામત કરતા હતા તેની છબી લીધી. પણ છબીના ગ્રે કોઈ દેવ હશે તેથી, કે કોણ જાણે શાથી, પૂજા કરતા હોય તેવો ફોટો આવ્યો છે. ટેકરી ઉપરના વડની વાત આવી ગઇ. તેની વડવાઇ ઉપર કોઇક હીંચકા ખાતું હતું તેની છબી જોતાં એમ જ લાગે છે કે જાણે સબમરીનમાં બેસીને કે બીજી રીતે મરજીવા દરિયાને તળિયે અન્વેષણ કરતા હોય ! ત્રીજો અનુભવ એથીયે વધારે ક્રોધકારક હતો. ફિલ્મની છેલ્લી છબી લેવી બાકી રહી હતી. તે માટે દશ્યની શોધ માટે વિચાર કરતાંકરતાં કૅમેરા હાથમાં રાખી અમે પીપળા સામે બેઠા હતા. તે વખતે કેટલાંક બાળકો ડાળી ઉપર ચડીને રમત કરવા મંડયાં. ચીડાઇને જ એક નઠારી છબી પણ લેવાના આશયથી અમે ફોટો પાડયો. જ્યારે નેગેટિવ બહુ સારી જોઇ ત્યારે એ જ ક્રોધ ચઢ્યો કે આવું સરસ પરિણામ આવશે એમ આગળથી જાણ્યું હોત તો આટલી બેદરકારીથી તો છબી ન લેત !

માલનાથની સફર પુરી કરી માલેશ્રી નદીને કાંઠે ભંડારિયા ગામે રાત રહી બીજે દિવસે અમે નાગધણીબા ગયા. નાગધણીબા ભાવનગરથી દક્ષિણે બારેક માઇલ ઉપર અને ઘોઘાથી નૈઋત્ય (નૈઋત્ય જ હશે ને ?) કોણમાં દસ માઇલ દૂર આવેલ નાનું પણ સુંદર ગામ છે. ગામનું મુળ નામ હતું નાગધ્વનિ. કચ્છના ભુજ ગામને નામ આપનાર ભુજીયા નાગનો વંશજ એક નાગ આ સ્થળે પહેલાં રહેતો હતો અને ગામની પાસેની નાગધાર નામે ટેકરી ઉપર એનો નિવાસ હતો. હજી પણ નાગધારની ટેકરી પર ઉભા કરેલા પાળાઓની નાગપાંચમને દિવસ પૂજા થાય છે. છતાં હવે નાગનાં દર્શન થતાં નથી. પણ પહેલાં તો વરસમાં એક વાર એ નાગ પોતાનાં દર્શન આપતા. ત્યાં એક ખોડિયાર માતાનું મંદિર છે. પૂજારીના આગ્રહથી આ મંદિરની અને માતાજીની અમે છબી પાડેલી, પણ માતાજીનો પરચો એવો કે તેની છબી બરાબર પડી જ નહિ !



ઉપલી હાર (૧) માલેશ્રી નદી: નાગધણીબા (૨) ખોડિયારનું મંદિર (૩) માલનાથઃ પીપળો. વચલી હાર (૧ની નીચે) ડ્રરડ્રર ખોખરા (૨-૩ની નીચે) મસાણના ખવીસો. નીચલી હાર (૧) ખુદ ખોડિયાર માત (૨) પૂજા કે હજામત! (૩) વડલા પર હીંચકો

પહેલાં તો આ મંદિરમાં એક તાંત્રિક મદારી હતો. તે અને તેની ખુબસુરત કન્યા બંને તંત્રવિદ્યામાં કુશળ હતાં. તેણે એક દિવસ પોતાના મંત્રબલથી નાગને બહાર આવવાની ફરજ પાડી. પણ બહાર આવ્યો ત્યારે તે નાગ એટલો ગુસ્સે થયો કે તેણે એ મદારીને મારી નાખ્યો. મદારીની દીકરી આ વાત સાંભળી ખુબ ગુસ્સે થઈ. તે પણ નાગધાર ઉપર ગઇ અને નાગને બહાર આવવાની ફરજ પાડી. તેના મંત્રો એટલા તો પ્રબળ હતા કે નાગ શરણે આવ્યો. મદારી કન્યકાએ નાગને પોતાના પિતાને મારી નાખવાનું કારણ પુછ્યું. નાગે ઉત્તર આપ્યો કે મદારીએ તેને ભરનિદ્રામાંથી જગાડયો હતો એટલે ગુસ્સામાં તેણે મારી નાખ્યો હતો. કન્યકાએ કહ્યું કે હું તને મારા પિતાનું વેર લેવા માટે હમણાં જ ભસ્મ કરી નાખીશ. અને તેણે ફરી મંત્ર ભણવા શરૂ કર્યા. મંત્રમુગ્ધ કે રૂપમુગ્ધ થઇને નાગે ક્ષમા અને દયાની યાચના કરી અને મદારીને જીવતો હાજર કરવાનું વચન આપ્યું. જ્યારે બાપ જીવતો થઇને કન્યા સમક્ષ ઉભો ત્યારે કન્યા તેને પગે પડી અને ચરણરજ લીધી. આ પિતૃભક્તિથી નાગ એટલો બધો ખુશ થયો કે તેણે મોટેથી બુમ પાડી. આ ધ્વનિ તે નાગધ્વનિ. વાર્તાનો બાકીનો ભાગ પ્રસ્તુત નથી.

આ ગામ પાસે માલેશ્રી નદી બીજાં ઝરણ સાથે સંગમ પામે છે. ખોડિયાર માતાના મંદિરની આસપાસનું આખું યે સ્થાન સુંદર છે. ઘણી નાની નાની ટેકરીઓને સ્પર્શ કરતીકરતી પાસે જ નદી વહી જાય છે. માતાની આસપાસ સુંદર ફુલઝાડનો નાનો બગીચો છે અને જરા દૂર ખોખરાની શૈલરાજી કાળા તંબુની છાવણી નાખી પડેલા લશ્કર જેવી દેખાય છે. આ માતાને મંદિરે શ્રાવણ માસમાં ખરક લોકો અને બીજાઓ પોતાના સુરધનને બલિ ચડાવવા આવે છે.

આવું એક ટોળું અમારા નિવાસ દરમિયાન પણ આવી ગયું હતું. તેમની સ્ત્રીઓ રાસડા સુંદર લે છે.

[અનુસંધાન આગળ પાન ૭૨ મે]

સુરતના યુવકસપ્તાહમાં સિપાહી ઈન્દુલાલનો સાદ

યુવકોની આ પ્રવૃત્તિ આ દેશમાં હવે નવીન નથી. એનાં મુળ તો ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી જે મહાન વિગ્રહ ચાલ્યો તેમાં રહેલાં છે. ૧૯૧૮ માં મહાયુદ્ધની છેલ્લી બંદુક ફુટી અને લોહીના અક્ષરે પારીસમાં તહનામું થયું ત્યાર પછી પહેલી યુવક પ્રવૃત્તિ જર્મનીમાં શરૂ થઇ. જર્મનીના યુવાનો વર્ષો સુધી અગ્રેસરો અને રાજપુરુષોના અફીણના નશા જેવા પ્રચારકાર્યમાં જકડાયા હતા. તેઓ એ નશામાંથી જાગ્યા. મુઠ્ઠીભર રાજપુરુષોની ધનલોલુપતા અને સ્વાર્થવૃત્તિને પોષવા ખાતર જ દરેક દેશમાં ખુનામરકી થાય છે એ જર્મનીના યુવાનો સમજ્યા. તેઓ એ પણ સમજ્યા કે આપણા ભાવિનું સુકાન મોટા પાઘડાવાળા કે ટોપ હૅટવાળા રાજપુરુષો કે આજના જમાનામાં પાછળથી દોરી સાંચા ખેંચનારા મુડીદાર વેપારીઓના હાથમાં સલામત નથી. પછી તો આવી પ્રતીતિ બધે ફેલાઇ, દેશદેશાંતરના યુવાનો જાગ્યા. આમ આ યુવકસપ્તાહ અને હિંદના યુવકોની પ્રગતિ એ પરદેશોની યુવક ચળવળોના પડઘા રૂપે છે.

યૂરોપીય દેશોના જુવાનોમાં રાજકીય અસંતોષ ફેલાયો છે. તેમને જુની રાજપદ્ધતિ નથી જોઇતી, તેમ તેમને જુની સમાજરચનામાં પણ સદંતર પરિવર્તન જોઇએ છે, નવી વ્યવસ્થા જોઇએ છે. અને એમ કરવું એ યુવાનોનો પવિત્ર ધર્મ છે. છેલ્લાં દશ વર્ષથી હિંદમાં ચાલતી રાજકીય ચળવળ બતાવી આપે છે કે હિંદના યુવાનોમાં પણ રાજકીય અસંતોષ છે. છેલ્લી મદ્રાસની મહાસભાએ સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ કર્યો છે અને દેશે એ ઠરાવને વધાવી લીધો છે. પરંતુ જો ફક્ત અસંતોષ અને નવા રાજ્યની કલ્પનામાં જ આપણે ધુરચ્યા કરીશું તો આપણે ખરો હેતુ સાધી શકવાના નથી.

આપણે માત્ર રાજકીય અસંતોષની બુમો પાડી બીજાં અંગોને જરીપુરાણાં રહેવા દઇએ તો એથી અર્થ નહિ સધાય. આપણે નવા જમાનાનું લશ્કર અને નૌકા સૈન્ય તૈયાર કરવાં પડશે અને નવી રૂઢિ પ્રમાણે ખેતી અને હુન્નરઉદ્યોગને ખીલવવાં પડશે. જાપાન અને ચીન જેવા દેશોની હોડમાં ઉતરવું પડશે, અને એ બધું કરવા માટે પૈસા જોઇશે. અને દેશની આબાદી નહિ હોય તો નાણાં કયાંથી આવશે? એટલે આજની આપણી રહેણીકરણી, ખેતી, વેપાર અને સામાજીક જીવનમાં પલટો કર્યા વિના આપણને નાણાં યે નથી મળવાનાં અને સ્વરાજ પણ નથી મળવાનું.

આપણા સામાજીક તંત્રમાં તો બધા વિભાગમાં તળિયાંઝાટક પરિવર્તન કરવાની જરૂર છે. આપણી શારીરિક અવનતિમાંથી પણ આપણે નીકળવું પડશે. બ્રિટિશ રાજતંત્રને શયતાની કહેવામાં આવે છે તેમ હું કહીશ કે આપણું સામાજીક તંત્ર એથી યે વધુ શયતાની છે—લોહીચુસ છે, પ્રજાની શક્તિનો હ્રાસ કરનારૂં છે. તમારે જો જુવાનીનો જુસ્સો ખીલવવો હોય તો તમારે માત્ર રાજતંત્ર નહિ પા[ણ] આપણા જીવનના પ્રત્યેક વિભાગ સામે અસંતોષ પ્રકટ કરવો પડશે, પરિવર્તનના પ્રયાસો આદરવા પડશે.

આપણી શારીરિક સ્થિતિનો વિચાર કરો. મુંબાઇના અંગ્રેજી લત્તામાં હું રહું છું ને ફરૂં છું. મેં ત્યાંના અંગ્રેજ છોકરાઓને ફરતા જોયા છે અને ગીરગામ પર ફરતા ગુજરાતી જુવાનો પણ જોયા છે. એમ કરતાં મને સહેજે સરખામણી કરવાનું મન થાય છે. એટલું તો પહેલેથી જ કહી દઈશ કે જે અંગ્રેજ આલમની હું વાત કરૂં છું તે અંગ્રેજ સમાજનો કચરો હશે. મારી દૃષ્ટિએ તેમની કોડીની કીમત નથી. છતાં બારબાર ચૌદચૌદ વર્ષના એ જુવાનોને ફુટબૉલ કે હૉકી ખેલતા જોયા હોય તો દિલ ઠરે. આપણા છોકરાઓની સરખામણીમાં તો તેઓ સિંહ જેવા લાગે. અને બાવલાના ખૂન પ્રસંગે ખરૂં રક્ષણ આપનાર પણ એક અંગ્રેજ લશ્કરી અમલદાર જ હતો ને? એપોલો બંદર પર બનેલો એક બનાવ કહું. એક માણસ અચાનક દરિયામાં ગરી ગયો. એ પ્રસંગે એ અંગ્રેજ (ફરીથી કહું છું કે મારી દષ્ટિએ જે કોડીની કીમતનો હતો) મરણિયો બન્યો! એણે દરિયામાં ઝુકાવ્યું. અંગ્રેજ લોહીમાં જ એક અજબ સંસ્કાર છે. એક ગોરો છોકરો પણ ભલભલાને ડારી શકે છે. મને એમ થાય છે કે આપણી શરીરશક્તિ ઓછી છે તે સાથે આપણામાં હિંમત અને મર્દાનગી પણ નથી. ઘોર અત્યાચારો નજર સમક્ષ થતાં છતાં આપણું લોહી ઉકળતું નથી કે બદન કાઢી આપણે કુસ્તી કરવા તૈયાર થઈ જતા નથી.

આપણી સંસ્કૃતિનાં વખાણ તો આપણે ઘણાં કર્યાં. વિદેશીઓની સંસ્કૃતિ કોડીની હશે અને આપણું બીજ સોનાનું હશે. પણ તે ચીમળાએલી દશામાં છે અને તેથી જ આપણે નાની બાબતોમાં પાછા પડીએ છીએ—ઝાંખા થઇએ છીએ. આ સંજોગોમાં યુવકોના સંઘ હોય તો તે શું કરી શકે એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. ગુજરાતમાં કેટલા અખાડા થયા? નડિયાદ, ભરૂચ અને વડોદરાના અખાડાથી મને સંતોષ નથી. એમાં દંડ, બેઠક અને બીજી કસરતોનો જ સમાવેશ થાય છે. એ બેશક જરૂરનાં છે પણ તે સાથે 'ફીલ્ડ સ્પૉર્ટ' (મયદાની રમતો)માં જુવાનોએ પાવરધા થવાની જરૂર છે. એવી ખુલ્લાં મેદાનોમાં રમાતી રમતોથી જુસ્સો આવે છે, ભેગા મળીને કામ કરવાની શક્તિ મળે છે અને સીપાઈગીરીની તાલીમ મળી રહે છે. એ સ્પૉર્ટિંગ સ્પિરિટ કેળવવા કેવળ ક્રિકેટ નહિ ચાલે. તે માટે હું ફુટબૉલ અને હૉકીની રમતની ભલામણ કરૂં છું.

તમે ઘોડેસવારી કેમ ન શીખી શકો? એની ખાસ આવશ્યકતા છે. મોટરો ભલે આવે પણ તે મોંઘી છે. કૉલેજયનોએ તો યૂ. ટી. સી. માં જોડાવાની તકનો ઉપયોગ કરવાની

ગુજરાતના શહેરેશહેરમાં શક્તિ-આશ્રમો સ્થાપો

પણ જરૂરત છે. સાંતાક્રુઝમાં હમણાં એનો કૅંપ છે. ત્યાં મારી પિછાનના કે જેને હું ભટોળિયાં માનતો તે આજે બૅયોનેટ અને રાઇફલનો ઉપયોગ કરતા થઇ ગયા છે. હથિયારોની રમત ભુલાઈ છે તે આપણે ફરી શીખવાની જરૂર છે. આ યૂ. ટી. સી. ની સેના લાકડાની તલવાર જેવી છે એ હું જાણું છું. પણ એમાંથી નવો જુસ્સો મળે છે, સંઘશક્તિ કેળવાય છે. મહાસભા જેવા મોટા સંઘમાં વ્યવસ્થાની કચુંબર થાય છે તે માટે આવા યુવકોના તાલીમબદ્ધ સંઘ હોય તો સુંદર કામ થાય. બધા યૂ. ટી. સી. માં કે સ્કાઉટિંગમાં ન જોડાઇ શકે પણ રજાના દિવસોમાં ટુકડીઓ પાડી ગામડામાં તો જઇ શકે, ને ત્યાંની પ્રજામાં સંસ્કાર પાડી શકે.

હવે આપણી સામાજીક સ્થિતિ જોઇએ. રૂઢિ-રાક્ષસીઓની શયતાનિયતની મણા નથી. અત્રે રૂઢિનાં કલંકોનો હું વિસ્તાર નહિ કરૂં. પણ બાળલગ્ન, કન્યાવિક્રય, પુનર્લગ્ન, જ્ઞાતિઓના અસંખ્ય વિભાગો—આ બધું સુધારવા છેલ્લાં ૫૦ વર્ષથી હલચલ થાય છે પણ આપણે હજી ત્યાં જ છીએ. પોતાના સ્વતંત્ર સામાજીક વિચારો જાહેર કરતાં ડૉ. સાવરકરની ગરદન ભયમાં આવી પડ્યાના દાખલા હજી બને છે. આપણી સમાજનું ખમીર રુઢિચુસ્ત છે. નવાઈની વાત તો એ છે કે આ જ રૂઢિપૂજકો પાછા રાષ્ટ્રીય પ્રશ્નોમાં છેક છેલ્લે પાટલે જઇ સંપૂર્ણ સ્વરાજની વાતો કરે છે. પણ આ રૂઢિપૂજકોને ક્યાં ખબર છે કે ઇંગ્લંડ અને જર્મનીમાં તો માબાપો સિંહ સિંહણો કેળવે છે; જ્યારે આપણે તો આપણાં સંતાનોને શિયાળવાં બનાવીએ છીએ-તેમનાં લોહી ચુસીએ છીએ. આમ સ્વરાજ નહિ મેળવાય. આવી નિર્માલ્ય સંતતિ સ્વરાજ માટે જોઇતાં બલિદાનો નહિ આપી શકે.

ગાંધીજીના ઉપદેશથી ચરોતરમાં એક સંઘ થએલો. બાળલગ્નો, મરણ પાછળના વરા વગેરેમાં ભાગ નહિ લેવાનો એ જુવાનોએ ઠરાવ કરેલો. અને છોકરા ન જાય તો મોટેરા કેમ જાય? કંઈ ફરજ તો પડાય જ નહિ. કોળિયો જ કેમ પેસે? આમ પ્રેમથી મોટાંનું માન જાળવી અચુક સુધારા કરી શકાય. આપણા યુવક અને યુવતીઓ આવા સંઘ રચે અને મરણની નાતનાં જમણો, બાળલગ્નો અને કજોડાં સામે સત્યાગ્રહ માંડે. આવા ઠરાવમાં તેમને બ્રહ્મા પણ નથી અટકાવી શકવાનો. વડીલો અટકાવે તો સવિનય ભંગ કરી શકાય. આ દિશામાં સચોટ કાર્ય થાય તો દસ વર્ષમાં સમાજની કાયાપલટ થઇ જાય એમ મારૂં ચોક્કસ માનવું છે. એમ કરવું મુશ્કેલ છે. ઘરમાં ધાંટાધાંટ થશે, હીંચકાની સાંકળો ખખડશે, પણ તે આજની અધમ દશા કરતાં સહ્ય હશે. જો યુવાનો કંઈ કરવા તૈયાર હોય તો તેમણે આ દિશામાં ધીરેધીરે ક્રમવાર, સંગીન, ચોક્કસ અને દારૂણ પગલાં લેવાં એવી મારી સૂચના છે.

સાધુ વાસવાણીએ હિંદભરમાં દસ હજાર શક્તિ-આશ્રમો સ્થાપવાની જાહેરાત કરી છે. એ કેટલે અંશે શક્ય થશે એ જુદી વાત, પણ આવો એકેક શક્તિ-આશ્રમ ગુજરાતનાં શહેરો તો જરૂર સ્થાપે. આ સાત દિવસના ઉત્સાહને વેડફી નાખતા નહિ. સાત દિવસ પૈસા ખર્ચી જલસા કરવાથી કંઇ નથી વળવાનું. માત્ર પરપોટા જેવી ઉપલક પ્રવૃત્તિથી નહિ ચાલે. નાના પાયા પર પણ કાયમી મંડળ કરો અને સાધુ વાસવાણી, શ્રી. સુભાષ બોઝ અને જવાહરલાલ નહેરૂ જેવા પ્રાણવાન નેતાઓની દોરવણીથી તમે સમાજમાં માનભરેલું સ્થાન પ્રાપ્ત કરી શકશો.

ઇન્દુલાલ યાજ્ઞિક

શક્તિમંદિરો ઉઘાડો

આજે ચારે બાજુ આપણો નિર્બળ યુવકવર્ગ જાણે મૃત્યુનાં બગાસાં ખાઈ રહ્યો છે. તે દયાપાત્ર જીંદગીમાંથી ઉગરવાનો એક જ માર્ગ છે;—ઠેરઠેર અખાડાઓ સ્થાપી તેને શરીરવિકાસનો સંદેશ આપવાનો. મારી ખાત્રી છે કે આપણા દેશનેતાઓ આપણા યુવકને પ્રાણવાન બનાવવાની પ્રવૃત્તિ ઉપર ફક્ત ત્રણ દશકા સુધી જ પુરતું ધ્યાન આપે તો ભારતની આ પવિત્ર ભૂમિ ઉપર ત્રીસ વર્ષ પછી એવા યુવકો પાકશે કે જે જગતના કોઈ પણ દેશના યુવકો સામે શક્તિ અને સાહસમાં હોડ ખેલી શકશે.

આપણે ઢોરોની ઓલાદ સુધારવાનો વિચાર કરીએ છીએ, આપણે ગામેગામ વૃક્ષારોપણની પ્રવૃત્તિ આદરીએ છીએ, પણ આપણે આપણી પોતાની ઓલાદ સુધારવાને, આપણા પોતાના યુવકોને તેજસ્વી અને તાકાતદાર બનાવવાને કોઈ દિવસ કંઇ વિચાર કરીએ છીએ ખરા? આપણે ત્યાં સંખ્યાબંધ આરોગ્યભુવનો સ્થપાય છે; અનેક દવાખાનાંઓ ચાલે છે; રોગી અને અશક્ત માણસોને આશ્રય આપવા અનેક સંસ્થાઓ નભે છે ને તેની પાછળ આપણા લાખો રૂપિયા ખર્ચાય છે: પણ જેને અભાવે એ બધી વસ્તુઓની જરૂરત ઉભી થાય છે તે વસ્તુ—શક્તિ આપણા જુવાનોને આપવા માટે આપણે કંઈ જ પ્રયાસ કરતા નથી. મારી માગણી છે કે આપણે ત્યાં આજે આરોગ્યભુવનો અને ઔષધાલયોને સ્થાને અખાડાઓ ઉઘાડવાની જરૂર છે. આપણે આપણા નવયુવકોને મર્દનું જીવન જીવાડવા ઇચ્છતા હોઇએ, તો આપણા ધનપતિઓએ તેમનું ધન વ્યાયામમંદિરોનાં મુહૂર્ત કરવામાં ખર્ચવાની ઘડી આવી પહોંચી છે. એવાં વ્યાયામમંદિરો ઠેરઠેર ઉઘડે તો તે શક્તિમંદિરોમાં આપણા યુવકો શક્તિની સાધના કરીને દેશના સાચા સિપાહીઓ બની શકે, અને વખત આવ્યે દેશના પુનરૂત્થાન અર્થે પોતાની આહૂતિ આપીને ધન્ય બને. ભાવી પ્રજાના ઘડતરનો આ એક જ સાચો માર્ગ છે.

—સ્વામી રાવ

[કા. રા. પરિષદમાં વ્યાયામ પ્રચારનો ઠરાવ પેશ કરતી વખતે]

[અનુસંધાન પાન ૬૯થી ચાલુ]

સમુદ્રના તરંગો અને ભવ્યતાનું સંગીતમાં જેઓ દર્શન ઇચ્છે તેમણે રાસડા અને રાસો જોવા જોઇએ. અનેક અવાજ મળીને એક અવાજ, અનેક હીલચાલોની એક સરખી એક ધારી ગતિ એ બધું રાસમાં જ એકત્ર જોવાનું મળે છે. આ ગાનારાંઓની સંખ્યા થોડી હતી, પરંતુ એ આખી હીચનો તાલ, તેનું માપ, તેનું આંદોલન પ્રત્યેક ગાનારની જુદીજુદી હીલચાલ ઉપર એક સરખી જ અસર કરતાં હતાં. તેની છબી અમે પાડી.

ત્યાર પછી અમે ત્યાંથી ઉપડયા. હજી માલનાથનાં સુંદર દૃશ્યો, એ નાના નાના પર્વતોનું મૂક ગાંભીર્ય અમને વિમુગ્ધ કરતાં બંધ રહ્યાં ન હતાં. જતાંજતાં બધાંની છબી પાડી તેમનું સંસ્મરણ રાખવાની ઇચ્છા ન રોકાય તેવી હતી. મુ. નાનાભાઇને આગળ ઉભા રાખી એ ચારપાંચ માઇલ દૂરની ટેકરીઓની અમે છબી લીધી. પરિણામે પાસે ઉભેલા નાનાભાઇ ફોકસની બહાર રહ્યા; અને ડુંગરા જેવા આત્મવિશ્વાસવાળા પદાર્થો તો અમારા કૅમેરાની ફિલ્મના છઠ્ઠા ભાગ જેટલી ટૂંકી જગ્યામાં આવે જ શાના ? અમને ખાત્રી થઇ ગઇ કે ડુંગર એ ઈશ્વર નથી; કેમકે ઈશ્વર જ 'અણોરણીયાન મહતો મહીયાન' છે! ડુંગર અણોરણીયાન ન થઇ શક્યા એ જ તેમની અનીશ્વરતાનો સચોટ પુરાવો છે !

આ સત્યના જ્ઞાન પછી પાર્વતી સુંદરતાની છબી લેવાનો મોહ ઉતર્યો. **મુનિકુમાર મ. ભટ્ટ**

અસંતોષનો હુતાશ

સામાજિક, આર્થિક અને રાજકીય અત્યાચારોથી પીડાતી હિંદી પ્રજાના અંગેઅંગમાં નવું ચેતન પુરવાને અસંતોષનો હુતાશન પ્રગટાવવાની ભારે જરૂર છે. હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંનો આર્તનાદ યુવાનોની સેવા યાચી રહ્યો છે. કંગાળ, કૃશ ને ભુખે મરતાં એ ભાંડુઓ—માનવરૂપી એ ભુતપ્રેતો, હાલતાંચાલતાં એ હાડપિંજરોની કરૂણ કથા કયા યુવાને નથી સાંભળી ? છતાં આપણે બેપરવા રહ્યા છીએ. સ્વરાજનો કીમિયો મળ્યે સૌ સારાં વાનાં થશે એવું શક્તિહીનોને છાજે એવું આપણે આશ્વાસન લીધું. આજે આપણાં પડળ ખુલ્યાં છે. યુવાનોએ ગ્રામ્યસુધારણાથી શરૂઆત કરવા નિશ્ચય કરવો જોઇએ. યુવાનોએ શહેરી જીવનના વિલાસવૈભવ છોડી, ગ્રામવાસીની ગરીબી સ્વીકારી હિંદની ગરીબાઇના ઇલાજ શોધવા જોઇએ. (સૌરાષ્ટ્ર)

સપ્તર્ષિ મંડળ

અમે બોર્ડિંગમાં હતા ત્યારની વાત છે.

અમારા આગલા ધોરણમાં ભણતા છોકરાઓનું એક મંડળ હતું. તોફાન તેમજ બીજા દરેક કાર્યમાં તેઓ જ નેતા હોય. હેડ બોર્ડર અને સેક્રેટરી વગેરે સૌ કોઇ એમાંથી જ ચુંટાય. કોણ જાણે કેમ, તેઓ બહુ જ આગળ પડતા હતા. એ મંડળનું નામ હતું F. 4 એટલે કે Funny four (રમુજી ચોકડી). ને ખરેખર, તેઓ એ નામને યોગ્ય જ હતા.

અમે બોર્ડિંગમાં આવ્યા ત્યારે અમને આ મંડળની જાણ થઇ. અમારામાંના એક ભાઈ પોતાને બહુ જ મશ્કરા ને તોફાની માનતા. એને પણ આ મંડળમાં જોડાવાની ઇચ્છા થઈ આવી. પરંતુ એ મંડળમાં જોડાવા માટે બહુ આકરી કસોટીમાંથી પસાર થવું પડતું.

એમને જઇને કહીએ કે અમારે મંડળમાં દાખલ થવું છે એટલે એ લોકો કાંઇ પણ બોલ્યા વગર અમુક તારીખ નક્કી કરે. આ ઉપરથી આપણે એમ જાણવાનું કે એ તારીખે આપણા ઉપર કાંઇક મશ્કરી કે તોફાન ઉતરશે. એમાંથી જો આપણે છટકી શકીએ તો એ મંડળમાં દાખલ થઈ શકીએ; નહિતો મૂર્ખા ઠરીએ. આવા પ્રયોગો તો ઘણાની ઉપર થએલા, પણ કોઇ દાખલ થવા માટે પાસ થએલો નહિ. એવો એક દાખલો કહું.

એક જણને તારીખ ૧૬મી ને રવિવાર અપાએલો. છોકરો પણ પક્કો હતો એટલે રૂમમાં જ બેસી રહેલો, જેથી એને માથે કોઇ પ્રયોગ અજમાવાય નહિ. જમવાનો ઘંટ થયો અને એ જમવા ગયો. ત્યાં પણ બેસતાં પહેલાં પાટલો તપાસી જોયો. ખાવાનું પણ બરોબર જોઇને ખાધું.

મંડળ પુરેપુરૂં મુંઝાયું કે આ નક્કી આપણામાં ભળવાનો. છેવટે એમાંના એકે એને હરાવવાનું કામ માથે લીધું.

રાત્રે એ પેલા છોકરાની ઓરડીએ ગયો. જુએ તો નાનું તાળું વાસેલું. ફરીને એ બારીએ ગયો તો બારી અધખોલી હતી. બારી વાટે એ રૂમમાં પેઠો. રૂમમાં બત્તી બળતી હતી. પહેલવહેલું કામ એણે બત્તીમાંથી થોડું ગ્યાસતેલ કાઢી લઈ તેમાં અર્ધો-

પોણો કલાક ચાલે એટલું જ ગ્યાસતેલ રાખવાનું કર્યું. વાટ કાપીને અર્ધી કરી નાખી ને બત્તીમાં થોડું પાણી રેડયું. પાણી ઉપર ગ્યાસતેલ તરતું ને બત્તી બળતી. પછી ટેબલ, ખુરસી વગેરે સરસામાન બધો એણે રૂમની વચ્ચોવચ ભેગો કર્યો ને એ ખડકલાની ટોચે પાણીનું માટલું ગોઠવ્યું. છેલ્લે બારણા આગળ કેળાની છાલો બીછાવી દઇ એ ભાઇ સીધાવી ગયા.

અર્ધાંક કલાક પછી પેલા ભાઇશ્રી અંદર આવ્યા. જોયું તો બત્તી બળતી હતી પણ તડતડ અવાજ કર્યાં કરતી. પોતે આ યુક્તિમાં ન ફસાયા એ માટે પોતાને ચતુર માનવા લાગ્યા. બત્તી લઈ એમણે હલાવી. ગ્યાસતેલને બદલે પાણી ઉપર ચડવા માંડયું અને બત્તી હોલવાઇ ગઈ! ભાઇ ધ્યાન રાખી બહાર નીકળવા ગયા ને એમાં સફળ પણ થયા. F. 4ના મેમ્બરને ત્યાં બોલાવી લાવી જણાવ્યું કે પોતે નથી ફસાયા. F. 4 તથા બોર્ડિંગના સૌ છોકરા ભાઇના બારણા આગળ ભરાયા. F. 4 ના એક મેમ્બરે કહ્યું કે 'મિસ્તર, હવે અંદરથી બત્તી લઇ બહાર આવો ને તમે અમારા મેમ્બર.' ભાઇ હરખમાં ને હરખમાં ગયા. પણ અંધારામાં કેળાંની છાલ ઉપર પગ પડયો ને લપસ્યા. લપસતાં ટેબલને ટેકવા ગયા. ટેબલ ધ્રુજ્યું, ઉપરની ખુરસી ધ્રુજી ને ધબ્બ દેતું માટલું નીચે પડયું. ભાઇ નાહી રહ્યા! F. 4માંના એકે એમના પર Flash light (વિજળીની બત્તીનું અજવાળું) ફેંકી. ભાઇના દીદાર દેખી બધા ખડખડાટ હસી પડયા અને F. 4ના પ્રમુખે જણાવ્યું કે તમે પુરતા કાળજીવાળા નથી એટલે દાખલ નથી કરતા. બીચારો!

આ પ્રસંગથી અમને બીક લાગેલી અને અમારામાંથી એકેયમાં એ કસોટીમાંથી પસાર થવાની હિંમત રહેલી નહિ. હું ને રમુ બંને ચિંતામાં પડયા કે હવે કરવું શું? કઇ રીતે F. 4 હેરાન થાય, અથવા એમનો જ એકડો રહે છે તે બાતલ થાય?

એક દિવસ હું, રમુ ને પેલા હારેલા ભાઇ જેમનું નામ મોહન હતું એ સાથે બેઠા હતા. વાત તો એ જ હતી–F. 4 ની. છેવટે મોહનને એક સરસ વિચાર આવ્યો કે જો એમણે F. 4 સ્થાપ્યું છે તો આપણે પણ આપણું એક મંડળ સ્થાપીએ. સર્વાનુમતે આ ઠરાવ પસાર થઈ ગયો ને એનું નામ પાડવાની વિધિ પણ ત્યાં જ થઈ ગઈ. એ મંડળનું નામ પડયું J. 3 એટલે કે Jolly three (આનંદી ત્રગડી). અમે ત્રણેએ જેમતેમ કરી હાઉસ માસ્તરને સમજાવી સાથે રૂમ લીધી અને રૂમના બારણા પર લખ્યું: J. 3. આવતાંજતાં દરેક વાંચે ને એનો અર્થ પુછે. થોડા દિવસમાં તો F. 4 સાથે J. 3નું નામ પણ બોર્ડિંગમાં બોલાવા લાગ્યું.

પણ ખરી રીતે J. 3 તો અનુકરણ માત્ર ગણાતું ને કોઇને મન એની કશી કીમત નહોતી. બોર્ડિંગની શરતોમાં આ વખતે ૧ માઇલની શરતમાં મોહન, ૧૦૦ વારમાં હું અને હનુમાન તથા અંગદ કુદકામાં રમુ પહેલા આવેલા. આ રીતે અમે થોડાઘણા તો પ્રખ્યાત થયા હતા પણ એટલાથી કાંઇ વળે એમ નહોતું. F. 4 ને એક વાર કાન પકડાવીએ કે J. 3 પણ ખરી, ત્યારે સંતોષ વળે એમ હતું.

અમે દરરોજ જુદીજુદી મશ્કરી ને તોફાન શોધવા માંડ્યા કે જેથી અમારી પણ તોફાનીમાં ગણત્રી થાય ને J. 3ની આબરૂ વધે. દરેક રમતમાં પણ અમે અમારો એકડો સામેલ કરાવવા લાગ્યા. છતાં F. 4 હજુ અડગ જ હતી. એના ચારે ચાર જણા બોર્ડિંગનાં ઑનરરી અધિકારીઓ તરીકે ચુંટાયા હતા ત્યારે અમારામાંથી એક મોહન જ વ્યાયામ વિભાગના ઉપરી તરીકે ચુંટાયો હતો. મોહન વ્યાયામનો અધિકારી થયો એટલે પેલાઓએ જુદી કસરત કરવા માંડી અને કસરતમાં ફક્ત જરૂરી કલાકો જ ભરી ચાલ્યા જવા લાગ્યા. અમને તો આ ગમ્યું, કેમકે એથી તેઓ હેરાન થતા ને અમારો ઉદ્દેશ પાર પડતો. પણ રમુએ કહ્યું કે 'નહિ. આપણે લીધે એ કસરતના યંત્રથી વંચિત રહે એ ખોટું.' અમે દલીલ કરતા કે આપણે ક્યાં એમને ના પાડીએ છીએ? પણ રમુ માનતો નહિ. J. 3નો એક કાયદો હતો કે અમુક ચાલુ બાબત ઉપર એક જણ વાંધો ઉઠાવે તો ચિઠ્ઠી નાખવી ને એમાં આવે એ મુજબ વર્તવું. મોહનને લાગ્યું કે ચિઠ્ઠી નાખવી ને પછી ધાર્યું ન થાય ત્યારે રાજીનામું આપવું, એના કરતાં પહેલેથી જ પોતાના વ્યાયામ અધિકારીના હોદ્દાનું રાજીનામું આપી દેવું અને J. 3ની આબરૂ જાળવવી. રમુ રાજી થયો અને મોહને રાજીનામું આપ્યું. હાઉસ માસ્તરે મોહનને સમજાવ્યો, પણ એણે તો બધી



બહારથી એકે એના પર ફ્લૅશ લાઈટ ફેંકી

વાત કહી રાજીનામું પાસ કરાવ્યું.

આ બનાવથી હાઉસ માસ્તરની કંઈક કૃપા અમારા ઉપર ઉતરી. અમારી બોર્ડિંગમાં હૉકી હજુ હમણાં જ દાખલ થઈ હતી અને એની બે ટીમમાંથી એકનો કૅપ્ટન પાછો મોહન ચુંટાયો. મોહને સામી ટીમ સાથે મૅચ માગ્યો. રમુ, હું અને મોહન તો રમનારામાં હતા જ. મૅચ શરૂ થયો ને રમુ એક વાર ખોટી બાજુ પર રમવા લાગ્યો. સામાવાળો કૅપ્ટન આથી ખીજાયો ને પાસે આવી, દડાને મારવા જતાં વાગી ગઇ હોય એવો દેખાવ કરી રમુના પગમાં એક લાકડી ધરી દીધી. રમુ બેસી ગયો. ખોટી બાજુ હતી એટલે લાચાર. રમુને તંબુમાં લઈ ગયા અને અમે અવેજી ભેરૂ ગોતવા લાગ્યા. એની બદલીમાં કોઇ ન જડ્યું. F. 4 નો ચીમન સારૂં જાણતો પણ એણે ના પાડી—F. 4ના દરેક મેમ્બરે ના પાડી. ફરીથી વિનવ્યા પણ ઘસીને ના પાડી. અંતે અમે તો એકાદ સાવ અણઘડને લઇ મૅચમાં ઉતર્યા પણ છેવટે હાર્યા. મોહન આથી ખીજાઇ ગયો અને આ વાત હાઉસ માસ્તરને કહી. હાઉસ માસ્તરે વાતવાતમાં એક વાર કહી દીધેલું કે આવા હરીફાઇના ખોટા વિચારથી બોર્ડિંગની આબરૂ જાય છે. મંડળો અને ટોળીઓ બોર્ડિંગની વ્યવસ્થા, ચારિત્ર્ય અને નામને ઉજ્જવલ કરવાના વિવિધ ઉદ્દેશથી રચાવાં જોઇએ. એમની રીતમાં ભલે અટકચાળાપણું કે વિચિત્રપણું હોય, પરંતુ હેતુમાં હલકાઇ ન ન હોવી જોઇએ.

પણ આવો જ એક અનુભવ F. 4ને પણ તરતમાં જ થયો. F. 4નો ક્રિકેટનો મૅચ હતો. છેલ્લે દિવસે અકસ્માત એના ત્રણ જણ ગેરહાજર રહ્યા. એ મુંઝાયા અને તદ્દન અણઘડને લેતાં મૅચમાં હારવાના એ પણ નક્કી હતું. અંતે શરમાતાં શરમાતાં એમણે અમારી માગણી કરી. અમારે શુદ્ધ ઉદ્દેશ બતાવવાની આ ખરી તક હતી. અમે ખુશીથી હા પાડી. અમે ત્રણે ગયા અને મૅચ જીતાયો.

આ પછી F. 4 ને અમારે માટે ભાવ થયો. છોકરાઓમાં પણ ધીમેધીમે અમારી શાખ સારી બેઠી હતી.

એક રાત્રે અમે બેઠા હતા ત્યાં F. 4 ના કૅપ્ટને આવીને દરખાસ્ત મુકી કે અમારે એમની સાથે ભળી જવું. મોહન ભળવા આતુર હતો, પણ રમુએ ના પાડી. હું પણ વિરૂદ્ધ હતો. અમારો વિચાર J. 3નું વ્યક્તિત્વ ગુમાવવાનો ન હતો. છેવટે એમ નક્કી થયું કે બંને મંડળોએ સાથે રહીને કામ કરવું. અને બીજે દિવસે સવારે બંનેની રૂમ પર J. F. 7 લખાઇ ગયું. હવે તો અમે એકબીજાના પાકા મિત્રો થઇ ગયા.

જોતજોતામાં વરસ વીતી ગયું. આજ અમારી આ સાતની ટુકડીનો જન્મદિન હતો એટલે કોઇ પણ રીતે તે આનંદથી ઉજવવાનો અમે નિરધાર કર્યો. રાત્રે મારી રૂમમાં બધાએ નાસ્તો કરવો એવો કાર્યક્રમ નક્કી થયો.

બોર્ડિંગમાં દસ વાગ્યે સૌએ સુઇ જવાનો ફરજિયાત નિયમ હતો. પણ અમારે તો અગિયાર વાગ્યા પછી જ જમાવવું હતું, કેમકે વહેલું કરીએ તો આખી બોર્ડિંગ ભેગી થાય. આને માટે બબ્બેની ટુકડીઓ ગોઠવાઇ ગઇ. હું અને રમુ બહારથી નાસ્તો લાવી રકેબીઓ ગોઠવવામાં, કાસમ અને કેશુ ખુરસીઓ તથા ટેબલ વગેરે બેઠકો ગોઠવવામાં, બાકી

સુરેશ, મોહન અને સતુ બીજા કોઇ અમને જોઇ ન જાય એની ચોકી રાખવામાં,—આમ બધાની નિમણુકો થઇ ગઇ.

હું ને રમુ નાસ્તો લેવા ઉપડ્યા. મારા મનમાં થયું કે દરરોજ બીજાની મશ્કરી તો કરીએ છીએ, પણ આજ આપણો જન્મદિન છે માટે આપણામાંના બાકીનાને જ બનાવવા. રમુને પણ આ વિચાર ગમ્યો. બંનેએ મળીને નિર્ણય કર્યો કે બહારનો નાસ્તો સંતાડી રાખવો અને ટેબલ ઉપરની રકેબીઓમાં પથરા ને ધુળ રાખવાં અને તેના ઉપર સુંદર નેપકિન ઢાંકી રાખવાં.

બધું ગોઠવાઇ ગયું. ખરેખર, કાસમે ને કેશુએ આજ કમાલ કરી હતી! ટેબલ પર સ્વચ્છ પલંગ પોશ બિછાવી દીધેલો ને ખુરસીઓ પર પણ સફેદ ટુવાલ અચ્છી રીતે ઢાંકેલા કે જેથી અમારી બોર્ડિંગની જરી-પુરાણી ખુરસીનું નેતર ન દેખાય. પછી એમને કહ્યું કે તમે બહાર જાઓ એટલે અમે રકાબીઓ ગોઠવી ટેબલ પર મૂકીએ. પણ એ કહે 'નહિ; તમને અહીં એકલા રહેવા દઇએ તો અમે ગોઠવેલું બધું ફેરવી નાખી અમારી મહેનત પર પાણી ફેરવો. ખબર છે આ ફુલદાન ગોઠવતાં અમારૂં ભેજું ખવાઇ ગયું છે?' અંતે અમારે પડખેની રૂમમાં જવું પડ્યું. સંકેત મુજબ રકાબીઓ ગોઠવી ઉપર નેપકિન ઢાંકી દરેક ખુરસી આગળ એકેક રકેબી, ટેબલ પર મુકી દીધી. અગિયાર વાગવા આવ્યા હતા એટલે અમે બધા પેલા ત્રણ જણાની રાહ જોતા બેઠા. એટલામાં બહાર પગલાંનો અવાજ થયો. સતુ, સુરેશ ને મોહન અંદર આવ્યા, પણ આ શું? એમની જ પાછળ હાઉસ માસ્તરને ઉભેલા જોઇ અમે ધ્રુજી ઉઠ્યા. હાઉસ માસ્તર અંદર આવ્યા, જરાક મિઠું હસ્યા ને રમુનો હાથ પકડી કહે કે 'I Congratulate you on your birthday.' (તમારા જન્મદિને હું તમને અભિનંદન આપું છું.) સાનંદાશ્ચર્ય અમે ટેબલની એક બાજુની પહેલી ખુરસી એમને આપી અને મોહને F. J. 7ની પ્રાર્થના ગાઈ સૌને બેસવા કહ્યું.

પણ બેઠા ત્યાં તો સૌ આખા ને આખા ખુરસીમાં જ ઉતરી ગયા. માસ્તર સાહેબ પણ એ જ દશાને પામ્યા! સાહેબ સમજ્યા કે પોતાની મશ્કરી કરવા આ લોકોએ તાગડો રચ્યો છે એટલે એ ખીજાઇ ઉઠ્યા. પણ એ બેઠા થયા એટલે કાસમ અને કેશુએ નરમાશથી માફી માગી આજનો નાસ્તો શા માટે છે એ યાદ આપ્યું. અંતે બીજી ખુરસીઓ લાવી બધા બેઠા. પેલા ત્રણે કહ્યું કે આજનો દિવસ સફળ કરવા માટે જ એ હાઉસ માસ્તરને તેડી આવેલા કે જેથી અમે જરા થથરીએ ને પછી ખબર પડતાં ભોંઠા પડીએ. રકેબીઓ ઉપરથી નેપકિન ઉપડ્યા. નીચેનો સરંજામ જોતાં સાહેબ જરા ખચકાયા. પણ આ વખતે તો તુરત સમજી ગયા. અમે એકબીજાના સામું જોઇ ખુબ હસ્યા. છેવટે નાસ્તાને ઇન્સાફ મળ્યો.

પછી સાહેબ ઉભા થયા અને બોલ્યા કે 'છોકરાઓમાં આવો તોફાની સ્વભાવ હોય એ બહુ પસંદ કરવા જોગ છે, પણ જ્યારે કોઇ પણ ચીજ અતિ થઈ જાય છે ત્યારે એ ખરાબ જ બને છે. તમે આ બે મંડળ સ્થાપ્યાં અને એનું એક બનાવ્યું, પણ એથી બોર્ડિંગને કાંઇ નામના નથી મળી; ઉલટું ખર્ચ વધાર્યું. એકાદબે ખુરસી ને ટેબલ તુટ્યાં, ફાનસ બગડ્યાં અને બીજાં તોફાનો જુદાં.

યુવાન તોડે એ ઇચ્છવાજોગ છે પણ એને તોડવાનાં સંસારનાં બંધનો, જુની રૂઢિઓ અને પ્રણાલિકાઓ ક્યાં થોડાં છે કે આવામાં સમય ગુમાવવો જોઇએ? તમારે તો ઉલટું આખી બોર્ડિંગમાં આદર્શ રૂપ થવું જોઇએ. તમે ધારો એટલી અસર કરી શકો. અને હું ઈચ્છુ છું કે તમે આજના દિવસની ઉજવણીમાં એવું વ્રત લેશો કે હવેથી અમે બધા નિર્દોષ તોફાન જ કરીશું અને અમારાથી બનશે એટલો બોર્ડિંગમાં સુધારો કરીશું. અને એ વ્રત તમે પાળશો એમ માની, આવાં ઢાલની એક જ બાજુ બતાવનારાં નામ J. 3 કે F. 4 કાઢી નાખી તમારા મંડળનું નામ સપ્તર્ષિ મંડળ રાખું છું.'

અમને બધાયને આ વાત ગળે ઉતરી અને કંઇક નવી જ દિશા મળી. જોકે ત્યાર પછી પણ તોફાન તો ચાલુ જ રહ્યાં પણ સાથેસાથે બોર્ડિંગનો દરેક છોકરો ખાદી જ પહેરે, કસરત કરે અને પોતે યુવાન છે એ વાતમાં ગર્વ લે એવું કરવા પ્રયત્નો કરવા માંડ્યા.

વિનોદ



માધુકરી

ઉછળે નસનસમાં તાજું, વીરશોભન તમ શોણિત;
ને શ્વાસોચ્છ્વાસે ગાજ્યું, શુચિ આત્મિક જોમ પુનિત:
એ બળ, શોણિત ને હાડમાંસ, સૌ ખપાવી સાધો ધ્યેય—
ગજવી હરહર મહાદેવ.

તમ જ્વલન્ત જીવન-જ્યોતિ, હૈયે મર્દાની હીર:
એ દૈવી શક્તિઓથી, તોડો જનની-જંજીર:
ને કુખ, કુળ, નરદેહ દીપાવો કાળ હઠાવીને ય—
ગજવી હરહર મહાદેવ.—**કેશવ હ. શેઠ**

વસંત

'. . . . કમળોએ મોહક રતાશ ધારણ કરી છે, અને કૃષ્ણ મર્માળું હાસ્ય હસે ને એના મુખ પર જે શેરડા પડે એવી આછી શ્યામલ લકીરો એ કમળોની કોઇકોઈ પાંખડીએ તણાઈ છે. વિયોગિનીના ભગ્ન હૃદય જેવાં અશોક, ચંપો, બકુલ ને કેતકી આતુરતાથી, એકીટશે કોઈની રાહ જોઇ રહ્યાં છે. બાળકોના કાલાકાલા શબ્દો જેવો ઘાયલ અનિલ ત્યાં રઘવાયો થઇ ફર્યા કરે છે. નારદની વીણાના મનહર સૂર સમો દ્વિરેફોનો મીઠો ગુન્જારવ ગુંજે છે. સતીના 'નાથ' શબ્દ જેવો કોકિલા સુખકર ટહુકાર કરે છે. . . આ બધું જોઇ કવિને હૃદયે કવિતા સ્ફુરે છે; પણ હજી કોઇનો વિયોગ સાલતો હોય એમ કવિનું હૃદય વિરહની મધુરી આંચે બળ્યા કરે છે.' (કૌમુદી)



વિજેતા ગામા


'ગામાના હાથમાં હિંદુસ્તાનની વીરશ્રીનું સૌભાગ્ય છે. . . . આર્ય સંસ્કૃતિના આ દેશના પ્રથમ વહેણના સમયથી સરળ ચાલતી આવેલી મલ્લવિદ્યાનો અર્વાચીન સ્વામી ગામા છે. અમૃતસરનો અહમદબક્ષ, જાલંધરનો ગમ્મુ વગેરેની સાથે રહી ઇંગ્લંડ અને અમેરિકાના પહેલવાનોનો નશો ઉતારી નાખનાર એ ગામાના નામથી જગતના કુસ્તીબાજો ત્રાસી ઉઠે છે. કૃષ્ણચંદ્રે કેળવેલી, કૌન્તેય ભીમ, જરાસંધ, હનુમાન ને જામ્બુવાનાદિએ સજીવ રાખેલી મલ્લવિદ્યાનું ગૌરવ આ દેશમાં અત્યારે ગામાના હાથમાં છે. ભાવિની પ્રબળતા કઈ તરફ સુવર્ણકળશ ઢોળશે એ તો કોણ જાણે.'

આજથી તેર માસ પૂર્વે 'કુમાર'ના ૩૭મા અંકમાં ઝિબિસ્કો અને ગામાનો પરિચય કરાવીને એ બંને વચ્ચે થનારી કુસ્તી વિષે એના લેખક **શ્રી** હરિનારાયણ આચાર્યે એ લેખના અંતમાં ઉપરના જે ઉદ્ગારો આલેખેલા તેનો નિર્ણય જાન્યુઆરીની ગઈ ૨૯મી તારીખે આવી ગયો છે. જે પરિણામ જાણવા મહીનાઓથી લોકો ઉત્કંઠિત હતા તે ગઇ ૨૯મી તારીખે ચાળીસ હજાર માણસની મેદની વચ્ચે પતિયાલામાં, માત્ર અરધી જ મિનિટમાં આવી ગયું. ગોરી પ્રજાની દુનિયાના એ ચૅમ્પિયન કુસ્તીબાજ ઝિબિસ્કોને ગામાએ માત્ર ત્રીસ જ સેકંડમાં મહાત કરી જગતભરના ચૅમ્પિયન-અજીત-મલ્લનું બિરુદ પ્રાપ્ત કર્યું છે અને હિંદના ગૌરવનો દિગંત ડંકો વગાડ્યો છે.

વીસુવિયસનો વિસ્મયભંડાર

જ્વાળામુખી પર્વતનું નામ સાંભળીને લોકો કંપારી અનુભવે છે. તેના ધડાકા, ધુમાડા અને અગ્નિરસનાં દર્શન જેમણે કર્યાં છે તેમનાં કાળજાં થરથરી ઉઠ્યાં છે. એ ધરતીકંપ, એ કડાકા, મકાનોનાં માળખાંની એ જમીનદોસ્તી, હજારો માણસોનો એ કચરઘાણ—આ સઘળું 'જ્વાળામુખી' શબ્દના બોલવા સાથે કલ્પનામાં તરવરે છે. અને છતાં, જ્વાળામુખીએ જગતનાં જ્ઞાન, વિજ્ઞાન અને માહીતીમાં અદ્ભુત પ્રગતિ આણી છે.

ધરતીના પડ ઉપર આશરે ૪૦૦ જ્વાળામુખીઓ ધગધગતી રાખ, અગ્નિ અને લાવારસ ઉછાળ્યા કરે છે. પણ એ સૌ રુદ્ર પર્વતોમાં શીરોમણિ એવો યૂરોપનો જ્વાલા-



અગ્નિજ્વાળા ઉડાડતું વીસુવિયસનું મુખ

મુખી વીસુવિયસ છે. વીસમી સદીની સંસ્કૃતિના કેન્દ્ર સમા યૂરોપ ખંડમાં તે આવેલો છે એટલે વિજ્ઞાન અને જ્વાળામુખીના શાસ્ત્રમાં એણે જેટલો ફાળો આપ્યો છે તેટલો બીજા કોઇ અગ્નિ-પર્વતે આપ્યો નથી.

રુદ્ર કે રમણીય? વીજ્ઞાનવીરોને કુદરતની મનસ્વી લીલાનું ભાન કરાવતો આ અગ્નિભંડાર સમો વીસુવિયસ રુદ્ર રૂપ છે તેમ રમણીય પણ છે. એણે અગણિત બલિદાનો લીધાં છે. નેપલ્સના અખાતને કિનારે એણે ભયંકર ખરાબી કરી છે. માણસોને ત્રાહી ત્રાહીના પોકાર પડાવ્યા છે. પણ તે જેટલો ભયંકર છે તેટલો જ રમણીય પણ છે. માનવ સત્તા સામે તે બીજા જ્વાળામુખીઓ જેવું પ્રચંડ બંડ નથી જગાવતો. એટલે જ આજે તેની ટોચ નજદીકની ટેકરીઓ ઉપર જગતની સૌથી મોટી અગ્નિમુખી વેધશાળા સ્થાપી શકાઇ છે.

એનો છેલ્લામાં છેલ્લો નોંધવાલાયક પ્રકોપ ૧૯૦૬ની એપ્રિલના ચોથે દિવસે સળગ્યો હતો. સત્તર દિવસ સુધી તેણે નેપલ્સની આસપાસ માનવતાનો સોથ વાળી નાખ્યો હતો. ધરતીકંપના ભયંકર ધડાકાઓએ મહેલાતોને જમીનદોસ્ત કરી હતી. નેપલ્સના માણસોમાં એટલી ગભરામણ પ્રસરી હતી કે એક લાખ શહેરીઓ શહેર છોડીને જીવ લઇ નાઠા. આખા શહેર પર ગાઢ અંધકાર છવાયો. ભયમાં થરથરતા જનોની ચીસો ગગનને ભેદતી હતી. જ્વાલામુખીના જડબામાંથી ફેંકાતી ધગધગતી રાખના બોજ નીચે નેપલ્સનાં છાપરાં કડડભુસ બેસી જતાં હતાં અને છતાં એ સમયે—એવે ભયંકર સમયે પણ વિજ્ઞાન-પ્રગતિની ઝંખના કરતા કંઇક મહાવીરો પોતાના સંશોધનમાં મસ્ત હતા. મરણના ભય વચ્ચે પણ તેમને આ જ્વાળામુખી રમણીય ભાસતો હતો, કારણકે તેના તાંડવ નૃત્યમાંથી તેમને ઘણું યે જાણવાનું અને દુનિયાને જણાવવાનું મળતું હતું.

વીસુવિયસની પ્રાચીનમાં પ્રાચીન રુદ્રલીલાની નોંધ છેક ઇ. સ. ૭૯ના વરસની મળી આવે છે. ઇ. સ. ૧૬૬૧માં તેનો એક મોટામાં મોટો ધડાકો થયો હતો. એ વખતે તેના અગ્નિરસે ૧૮,૦૦૦ માણસોની કાયાને બાળીને ભસ્મ કરી નાખી હતી. એ પછી એની સંહારલીલામાં પલટો આવ્યો છે. મોટામોટા ધડાકા લાંબે સમયે કરવાને બદલે હવે તે વારંવાર નાનાનાનાં નખરાં કરે છે. ૧૬૬૧ પછીનાં વરસોમાં નોંધવાલાયક મોટા ધડાકા ૧૭૬૬-૬૭, ૧૭૭૯, ૧૭૯૪, ૧૮૨૨, ૧૮૭૨ અને ૧૯૦૬ માં થયા છે. ૧૯૦૬ પછી તેણે પુરાં સાત વર્ષ સુધી પુરી શાન્તિ સેવી હતી.

વીસુવિયસનું સાન્નિધ્ય સુધરેલી પ્રજાને લાભ આપે છે તેમ ગેરલાભ પણ આપે છે. વૈજ્ઞાનિક વિલોકન કરનારાઓ માટે તે દુરારોહ નથી, એટલે ઘણાં યે વર્ષોથી તેના ઉપર ભૌતિક શાસ્ત્રીઓ અખતરા અજમાવી રહ્યા છે. તેના નાના

કદને લીધે, ભયંકરતાની કંઇક અલ્પતાને લીધે, તેના સમૃદ્ધ ખનીજ ભંડારને લીધે, વીસુવિયસ 'કેબિનેટ વૉલ્કેનો' કહેવાય છે. તેનો દરેક ધડાકો, તેની એકેએક સ્વચ્છંદી કે સંયમી પ્રવૃત્તિ જ્વાળામુખીશાસ્ત્રના સિદ્ધાંતોમાં ઉમેરો આપે છે.

વીસુવિયસ ઉપર દુનિયાની મોટામાં મોટી વેધશાળા-ઑબ્ઝરવેટરી-માંની એક છે. એની સ્થાપના થયે એંશી વર્ષ વહી ગયાં છે, અને એ સમયપ્રવાહમાંથી અણમુલો જ્ઞાન-ભંડાર નીપજ્યો છે. નેપલ્સમાં ૧૯૧૪માં ડૉ. એમેન્યુઅલ ફ્રેડલાંડરે જ્વાળામુખી-પ્રયોગશાળા સ્થાપી છે. નેપલ્સની વિદ્યાપીઠમાં આંતરરાષ્ટ્રીય ભૌતિક સમાજના જ્વાળામુખી શાસ્ત્રના વિભાગની ઑફિસો છે. ત્યાં આ નવીન શાસ્ત્રને લગતું ગંજાવર પુસ્તકાલય પણ ઉભું કરવામાં આવ્યું છે.

વીસુવિયસની વેધશાળા મધ્યપર્વતની પશ્ચિમ કિનારી ઉપર વિજ્ઞાનપ્રગતિની આલબેલ દેતી ઉભી છે. અહીં આગળ અગ્નિરસથી તે ઘણે ભાગે અલિપ્ત રહી શકે છે, કારણકે જ્વાળામુખીના જડબામાંથી નીકળતો એ રસ તો ઘણોખરો બાજુની ખીણોમાં વહી જાય છે. છતાં ભૂકંપથી તે વેધશાળાને ઘણીવાર હેરાનગતિ તો ભોગવવી જ પડે છે.

એ વેધશાળામાં કામ કરતાં, કંઈક વિજ્ઞાનવીરોએ જગતને જ્ઞાન આપવા માટે પોતાની અણમોલ જીંદગીઓ ફના કરી છે. એનો પ્રથમ સંચાલક મેલોની હતો. તેણે ઇ. સ. ૧૮૫૪માં વિજ્ઞાનપ્રગતિ માટે જીવનનું બલિદાન આપ્યું. ઇ સ. ૧૮૭૨ના પ્રચંડ પર્વતકંપ અને ધડાકા વખતે મેલોનીનો અનુગામી પાલમેરી પોતાના સ્થાનક ઉપર અવિચળ ઉભો રહ્યો અને રોજેરોજ દુનિયાને એ જ્વાળામુખીના સંદેશા પાઠવ્યા કર્યા. આખરે એ પણ હોમાયો. તેના પછી આવ્યો મેચ્યુસી, જેણે ૧૯૦૬ના જબર પ્રકોપ વખતે વેધશાળામાંથી બેધડક નિરીક્ષણ કરેલું. એ વખતે તેના ઉપર ધગધગતી રાખનાં વાદળો ફરી વળતાં. પરિણામે તે પણ પોતાના પૂર્વગામીઓના પંથે ચાલ્યો ગયો.

પણ આ બહાદુર નરોએ દિવસોના દિવસો સુધી જ્વાળા-મુખીની ચોકી કરતી વખતે પોતાના અનુભવો અને નિરીક્ષણોનાં જે વૃત્તાન્તો તૈયાર કરીને રોજરોજ નીચે મોકલ્યાં કર્યાં હતાં તે છપાઈછપાઇને જગતને એ ધડાકા, ધુમાડા, રાખ અને અગ્નિરસનો અદ્ભુત રસદાયક ઇતિહાસ આપતાં ગયાં.

૧૯૦૬ના ધડાકાએ વીસુવિયસની ટોચનો ૩૫૦ ફીટ જેટલો જબર જથ્થો ઉડાવી દીધો. એ પ્રચંડ પર્વતશૃંગના ચુરેચુરા હવામાં વેરાઈ ગયા, અને ડુંગરનું જડબું જબર-દસ્ત બન્યું. આ વિકરાળ અગ્નિમુખમાંથી નીકળતો લાવા હવે પૂર્વ દિશાએ આવેલી પાતાળકુક્ષી (વૅલી ઑફ હેલ)માં ઢોળાઇ જાય છે, અને એ બાજુના તેરઓંગો ગામને વારંવાર સાફ કરી નાખવા ધ્રુજારી આપે છે.

હજી પણ આ વીસુવિયસનો વિસ્મયભંડાર દુનિયા આગળ ઠલવવા માટે વિજ્ઞાનના શોખીનો ભયંકર સાહસે ખેડી રહ્યા છે. ૧૯૧૧માં જ્યારે આ જ્વાળામુખીનું જડ ૧૦૦૦ ફીટ ઉંડું હતું, ત્યારે તે માંહે ઉતરી તળિયાની તપાસ કરવાના અખતરા વિજ્ઞાનશાસ્ત્રીઓએ કર્યા હતા. ઘણાક તે અરધે જતાં જ શેકાઈ ગયા હતા. ૧૯૧૨માં પ્રો. આલેસાનોએ પોતાના સાથીઓ સાથે એ જ્વાળામુખીના ગર્ભમાં ઉતરીને પહેલી સફળતા મેળવી. ચામડીને દઝાડે એવી ગરમી વચ્ચે રહીને, ગુંગળાવતા ગૅસ વચ્ચે દોરડા ઉપર શરીરો લટ-કતાં રાખીને એ સાહસશૂરોએ કેટલા યે ફોટોગ્રાફ લીધા અને દુનિયાને છક્ક કરી નાખી. એમણે અંદર રહીને ગરમીનાં માપ કાઢયાં, શીશીઓ અને નળીઓમાં ગૅસ એકઠો કર્યો અને કેટલી યે ખનીજ વસ્તુઓના નમુના લીધા. એ અજા-યબ સાહસ અને શોધખોળ પછી જગતના જ્ઞાનમાં જબરી ભરતી થઇ છે. —છેલશંકર વ્યાસ (હિંદુસ્તાન)

દાંત

શરીરના સામાન્ય આરોગ્યમાં દાંતના આરોગ્યનું સ્થાન બહુ ઉંચું છે. દાંત એ તો આખા જઠરનો ખાસ અંગરક્ષક. એ સાજો હોય ત્યાં સુધી તો એ સાહેબ સુધી કોને જવા દેવા, કેવા રૂપમાં જવા દેવા, કોને પાછા કાઢવા એ બધું નક્કી કરે. પણ એ માંદો પડે ત્યારે ખલાસ! ઘણી વાર એ માંદો ન હોય ત્યારે પણ બેઠોબેઠો ઉકળ્યા જ કરે છે એટલે સાહેબને ભારે પીડા થાય છે ને ખીજાય છે પણ ખરા!

દાંતનું આરોગ્ય જાળવવા માટે આપણે શું શું કરીએ?

દાંત મુખ્યત્વે ત્રણ રીતે બગડે છે: (૧) દાંતમાં પદાર્થો ભરાઇ રહેવાથી; (૨) કોહી ગએલા પદાર્થો ખાવાથી; (૩) અતિ ઉના, અતિ ટાઢા, અતિ ખાટા, અતિ તીખા એવા પદાર્થો ખાવાથી.

દાંતમાં પદાર્થો ભરાઇ ન રહે તે માટે જમ્યા પછી દાંતને ખુબ સાફ કરવાની જરૂર છે. સવાર સાંજ જમ્યા પછી બત્રીયે દાંતને ઘસીને બરાબર સાફ કરવા, જરૂર પડે તો મીઠાથી સાફ કરવા અને પેઢાના ભાગોમાં પણ કાંઇ ભરાઇ ન રહે માટે આંગળી નાખી પેઢાંને સાફ કરવા એ જરૂરનું છે. જે લોકોને મુખવાસ લેવાની ટેવ હોય તેઓ મુખવાસ લીધા પછી પણ પાણીથી મોંને સાફ રાખે તો જ ઠીક છે. જેઓ મુખવાસને નામે આખો દિવસ મસાલેદાર પાનપટ્ટી, તમાકુ, જીનતાન વગેરે ચાવ્યા કરે છે તેઓ પોતાના દાંતને હાથે કરીને બગાડે છે.

દાંત બગડવાનું બીજું કારણ કોહી ગએલા પદાર્થોનું સેવન છે. વાશી શાક અને બગડી ગએલાં ફળો દાંત બગા-ડવામાં ભારે મદદ કરે છે. એ જ શાક તાજું હોય ત્યારે દાંતનું સંરક્ષણ કરે છે. આપણે કરકસરની ખોટી દૃષ્ટિથી આવાં

કદને લીધે, ભયંકરતાની કંઇક અલ્પતાને લીધે, તેના સમૃદ્ધ ખનીજ ભંડારને લીધે, વીસુવિયસ 'કેબિનેટ વૉલ્કેનો' કહેવાય છે. તેનો દરેક ધડાકો, તેની એકેએક સ્વચ્છંદી કે સંયમી પ્રવૃત્તિ જ્વાળામુખીશાસ્ત્રના સિદ્ધાંતોમાં ઉમેરો આપે છે.

વીસુવિયસ ઉપર દુનિયાની મોટામાં મોટી વેધશાળા–ઓબ્ઝરવેટરી–માંની એક છે. એની સ્થાપના થયે એંશી વર્ષ વહી ગયાં છે, અને એ સમયપ્રવાહમાંથી અણમુલો જ્ઞાન-ભંડાર નીપજ્યો છે. નેપલ્સમાં ૧૯૧૪માં ડૉ. એમેન્યુઅલ ફ્રેડલાંડરે જ્વાળામુખી-પ્રયોગશાળા સ્થાપી છે. નેપલ્સની વિદ્યાપીઠમાં આંતરરાષ્ટ્રીય ભૌતિક સમાજના જ્વાળામુખી શાસ્ત્રના વિભાગની ઑફિસો છે. ત્યાં આ નવીન શાસ્ત્રને લગતું ગંજાવર પુસ્તકાલય પણ ઉભું કરવામાં આવ્યું છે.

વીસુવિયસની વેધશાળા મધ્યપર્વતની પશ્ચિમ કિનારી ઉપર વિજ્ઞાનપ્રગતિની ચાલએલ હેલી ઉભી છે. અહીં આગળ અગ્નિરસથી તે ઘણે ભાગે અલિપ્ત રહી શકે છે, કારણકે જ્વાળામુખીના જડબામાંથી નીકળતો એ રસ તો ઘણેખરે બાજુની ખીણોમાં વહી જાય છે. છતાં ભૂકંપથી તે વેધ-શાળાને ઘણીવાર હેરાનગતિ તો ભોગવવી જ પડે છે.

એ વેધશાળામાં કામ કરતાં, કંઈક વિજ્ઞાનવીરોએ જગતને જ્ઞાન આપવા માટે પોતાની અણમોલ જીંદગીઓ ફના કરી છે. એનો પ્રથમ સંચાલક મેલોની હતો. તેણે ઇ. સ. ૧૮૫૪માં વિજ્ઞાનપ્રગતિ માટે જીવનનું બલિદાન આપ્યું. ઇ. સ. ૧૮૭૨ના પ્રચંડ પર્વતકંપ અને ધડાકા વખતે મેલોનીનો અનુગામી પાલમેરી પોતાના સ્થાનક ઉપર અવિચળ ઉભો રહ્યો અને રોજેરોજ દુનિયાને એ જ્વાળામુખીના સંદેશા પાઠવ્યા કર્યા. આખરે એ પણ હોમાયો. તેના પછી આવ્યો મેચ્યુસી, જેણે ૧૯૦૬ના જબર પ્રકોપ વખતે વેધશાળામાંથી બેધડક નિરીક્ષણ કરેલું. એ વખતે તેના ઉપર ધગધગતી રાખનાં વાદળો ફરી વળતાં. પરિણામે તે પણ પોતાના પૂર્વગામીઓના પંથે ચાલ્યો ગયો.

પણ આ બહાદુર નરોએ દિવસોના દિવસો સુધી જ્વાળા-મુખીની ચોકી કરતી વખતે પોતાના અનુભવો અને નિરી-ક્ષણોનાં જે વૃત્તાન્તો તૈયાર કરીને રોજરોજ નીચે મોકલ્યાં કર્યાં હતાં તે છપાઈછપાઇને જગતને એ ધડાકા, ધુમાડા, રાખ અને અગ્નિરસનો અદ્દભુત રસદાયક ઇતિહાસ આપતાં ગયાં.

૧૯૦૬ના ધડાકાએ વીસુવિયસની ટોચનો ૩૫૦ ફીટ જેટલો જબર જથ્થો ઉડાવી દીધો. એ પ્રચંડ પર્વતશૃંગના ચુરેચુરા હવામાં વેરાઈ ગયા, અને ડુંગરનું જડબું જબર-દસ્ત બન્યું. આ વિકરાળ અગ્નિમુખમાંથી નીકળતો લાવા હવે પૂર્વ દિશાએ આવેલી પાતાળકુક્ષી (વૅલી ઑફ હેલ)માં ઢોળાઇ જાય છે, અને એ બાજુના તેરઔંગો ગામને વારંવાર સાફ કરી નાખવા ધ્રુજારી આપે છે.

હજી પણ આ વીસુવિયસનો વિસ્મયભંડાર દુનિયા આગળ ઠલવવા માટે વિજ્ઞાનના શોખીનો ભયંકર સાહસો ખેડી રહ્યા છે. ૧૯૧૧માં જ્યારે આ જ્વાળામુખીનું જડબું ૧૦૦૦ ફીટ ઉંડું હતું, ત્યારે તે માંહે ઉતરી તળિયાની તપાસ કરવાના અખતરા વિજ્ઞાનશાસ્ત્રીઓએ કર્યા હતા. ઘણાક તો અરધે જતાં જ રોકાઈ ગયા હતા. ૧૯૧૨માં પ્રો. આલે-સાનોએ પોતાના સાથીઓ સાથે એ જ્વાળામુખીના ગર્ભમાં ઉતરીને પહેલી સફળતા મેળવી. ચામડીને દઝાડે એવી ગરમી વચ્ચે રહીને, ગુંગળાવતા ગૅસ વચ્ચે દોરડા ઉપર શરીરો લટ-કતાં રાખીને એ સાહસશૂરોએ કેટલા યે ફોટોગ્રાફ લીધા અને દુનિયાને છક્ક કરી નાખી. એમણે અંદર રહીને ગરમીનાં માપ કાઢ્યાં, શીશીઓ અને નળીઓમાં ગૅસ એકઠો કર્યો અને કેટલી યે ખનીજ વસ્તુઓના નમુના લીધા. એ અજા-યબ સાહસ અને શોધખોળ પછી જગતના જ્ઞાનમાં જબરી ભરતી થઇ છે. —છેલશંકર વ્યાસ (હિંદુસ્તાન)

દાંત

શરીરના સામાન્ય આરોગ્યમાં દાંતના આરોગ્યનું સ્થાન બહુ ઉંચું છે. દાંત એ તો આખા જઠરનો ખાસ અંગરક્ષક. એ સાજો હોય ત્યાં સુધી તો એ સાહેબ સુધી કોને જવા દેવા, કેવા રૂપમાં જવા દેવા, કોને પાછા કાઢવા એ બધું નક્કી કરે. પણ એ માંદો પડે ત્યારે ખલાસ! ઘણી વાર એ માંદો ન હોય ત્યારે પણ બેઠોબેઠો ઉંઘ્યા જ કરે છે એટલે સાહેબને ભારે પીડા થાય છે ને ખીજાય છે પણ ખરા!

દાંતનું આરોગ્ય જાળવવા માટે આપણે શું શું કરીએ?

દાંત મુખ્યત્વે ત્રણ રીતે બગડે છે: (૧) દાંતમાં પદાર્થો ભરાઇ રહેવાથી; (૨) કોહી ગએલા પદાર્થો ખાવાથી; (૩) અતિ ઉના, અતિ ટાઢા, અતિ ખાટા, અતિ તીખા એવા પદાર્થો ખાવાથી.

દાંતમાં પદાર્થો ભરાઇ ન રહે તે માટે જમ્યા પછી દાંતને ખુબ સાફ કરવાની જરૂર છે. સવાર સાંજ જમ્યા પછી બધા યે દાંતને ઘસીને બરાબર સાફ કરવા, જરૂર પડે તો મીઠાથી સાફ કરવા અને પેઢાના ભાગોમાં પણ કાંઇ ભરાઇ ન રહે માટે આંગળી નાખી પેઢાંને સાફ કરવા એ જરૂરનું છે. જે લોકોને મુખવાસ લેવાની ટેવ હોય તેઓ મુખવાસ લીધા પછી પણ પાણીથી મોંને સાફ રાખે તો જ ઠીક છે. જેઓ મુખવાસને નામે આખો દિવસ મસાલેદાર પાનપટ્ટી, તમાકુ, જીનતાન વગેરે ચાવ્યા કરે છે તેઓ પોતાના દાંતને હાથે કરીને બગાડે છે.

દાંત બગડવાનું બીજું કારણ કોહી ગએલા પદાર્થોનું સેવન છે. વાશી શાક અને બગડી ગએલાં ફળો દાંત બગા-ડવામાં ભારે મદદ કરે છે. એ જ શાક તાજું હોય ત્યારે દાંતનું સંરક્ષણ કરે છે. આપણે કરકસરની ખોટી દૃષ્ટિથી આવાં

હલકાં શાકોને અને ફળોને સ્વીકારી ન લઇએ. હા, આપણી સ્થિતિ ન હોય તો શાક વિના ચલાવી લઇએ.

બહુ ઉનું ખાવાથી પણ દાંત બગડે છે. જેઓ ઘરમાં ઉનીઉની ફુલતી રોટલી ખાય છે તેઓ દાંતને નુકસાન કરે છે. એ જ પ્રમાણે જેઓ બહુ જ ઠંડા બરફ જેવા પદાર્થો ખાય છે તેઓ પણ દાંતને નુકસાન કરે છે. બજારનાં ગરમાગરમ ભજીયાં દાંતને બગાડે છે. અમેરિકામાં આઇસ-ક્રીમે પ્રજાના દાંત નબળા કરી નાખ્યા છે. અતિ તીખા મરચાંવાળા પદાર્થો તથા દાંત અંબાઇ જાય તેવી કાચી કેરી પણ દાંતને નુકસાન જ કરે છે. માટે આવી અતિશયતાઓનો પણ ત્યાગ કરવો જોઇએ.

આ તો દાંતને બગડવા ન દેવાની વાત થઇ. સાથે દાંતને મજબુત કરવાની સહેલી બે વાતો પણ કાં ન વિચારીએ?

શરીરના બીજા ભાગોને જેમ કસરતની જરૂર છે તેમ દાંતને પણ છે. એટલા માટે ચાવીચાવીને ખાવું એ દાંતને મજબુત રાખવાનો મુખ્ય ઉપાય છે. આપણે આજે ચાવીને ખાવું ભુલ્યા છીએ. ખાસ કરીને, દાંતને જરા કસરત મળે એવા ભાખરી જેવા કઠણ પદાર્થો ભોજનમાં થોડાઘણા હોવા જ જોઇએ. ખાવાના બધા પદાર્થો સાવ પોચા હોય એ સારૂં નથી. પ્રસંગો-પાત તો શેરડી, ભુંજેલા ચણા વગેરેની સાથે પણ દાંતને કુસ્તી મળવી જોઇએ. આપણા દાંતને આપણે એઠાડુ કરી નાખ્યા છે.

તાજાં શાક, તાજાં ફળ, ગોળીઉતાર છાશ, લીંબુ, તલનું તેલ ને લવીંગ એ પદાર્થો દાંતને મજબુત બનાવવામાં ઉપયોગી છે. બેશક, લવીંગ જેવા પદાર્થો તો અત્યંત પરિમિત જ વપરાય.

જેના દાંત બગડેલા જ હોય તેને માટે તો ડોક્ટરની દવા શરૂ કરવી એ જ રસ્તો છે. બાકી જેમના દાંત બગડેલા નથી તેમના હવે પછી બગડે નહિ તે માટે પગલાં લેવાં જોઇએ.

(છાત્રાલય)

અનેક ગ્રાહકો અને સજ્જનોએ ખાનગી પત્રો લખીને તથા સામયિકપત્રોએ જાહેર નોંધો વડે અમારા ગયા દીવાળીના અંકની યોગ્ય કદર કરી, તે માટેના પોતાના અભિપ્રાયો ને અભિનંદનો આપી અમને ઉપકૃત કર્યા છે. આ સૌમાંથી આગળ તરી આવતો માત્ર એક જ પત્ર અહીં રજુ કરતાં અમને આનંદ થાય છે. જગતભરમાં જાણીતા થએલા, પૌર્વાત્ય કલાના અનન્ય ને વિખ્યાત ત્રૈમાસિક 'રુપમ્' તરફથી તેના વિદ્વાન તંત્રી અને સમર્થ કલાવિવેચક શ્રી અર્ધેન્દ્ર કુમાર ગંગુલી 'કુમાર'ના એ અંકને માટે અભિનંદન આપતાં નીચે મુજબ લખે છે:

21st November 1927

RUPAM
A QUARTERLY JOURNAL OF ORIENTAL ART
CHIEFLY INDIAN

6 OLD POST OFFICE STREET,
CALCUTTA, INDIA.

Dear Mr Raval,

I want ~~you~~ to thank you very cordially for a copy of "Kumar", the Dipavali no. It is indeed an excellent number & I congratulate on its production.

I have nothing but praise for it.

I greatly value the work you are doing in attempting to awaken interest in Art amongst the youths of Gujrat, through the medium of your excellent monthly

Yours sincerely
O. C. Gangoly

પ્રિય ભાઇ રાવળ,

'કુમાર'ના દીપાવલિ અંકની નકલ માટે હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનવા ઇચ્છું છું. એ ખરેખર ઉત્કૃષ્ટ અંક થયો છે ને એ ઉપજાવવાને માટે હું અભિનંદું છું. તેને માટે પ્રશંસા સિવાય મારે કશું જ કહેવાનું નથી.

તમારા એ ઉત્કૃષ્ટ માસિક દ્વારા ગુજરાતના તરુણોમાં કલાપ્રેમ જાગૃત કરવાના પ્રયત્નો માટે તમે જે કાર્ય કરી રહ્યા છો તેની હું બહુ ઉંચી કીમત આંકું છું.

અંતરથી તમારો
ઓ. સી. ગંગુલી

માઇકલ ઍન્જેલોના ટાંકણે ઘડાતી મૂર્તિને અઠવાડિયા પહેલાં જોઇ ગએલા એક મિત્રે આવી એને કહ્યું કે આ અઠવાડિયામાં તેં કાંઇ જ કામ કર્યું નથી. ત્યારે શિલ્પીએ કહ્યું કે 'મેં એની પાછળ સખત પરિશ્રમ લીધો છે. કપાળની કરચલી જરા ઉંડી કાપી છે. આંખનાં ભવાં બદલી નાખ્યાં છે ને ચહેરા ઉપર નવી રેખા ઉમેરી છે.' મિત્રે કહ્યું કે એ બધા બહુ ઝીણા ફેરફારો છે. માઇકલે ઉત્તર દીધો 'પણ એવી ઝીણવટથી જ કામ સંપૂર્ણ બને છે.'

જોડણીની સામાન્ય ભુલો

પુનરોદ્ધાર નહિ પણ	પુનરુદ્ધાર
કોટ્યાવધિ નહિ પણ	કોટ્યવધિ
પુનરાવલોકન નહિ પણ	પુનરવલોકન
તત્વ નહિ પણ	તત્ત્વ
ઐકયતા નહિ પણ	ઐક્ય કે એકતા

પૉલિશ કે વાર્નિશ કરેલા ફર્નિચર ઉપર બીડી કે દીવાસળીના પડેલા ડાઘ કાઢવા તેના પર લીંબુની ફાડ ઘસવી ને પછી પાણીથી ભીંજવેલા કપડા વતી ઘસીને લુછી નાખવું.

ચંદ્રને બરાબર તપાસવો હોય તો એને દેખી શકાય એવી રીતે અરિસો ટાંગો. પછી અરિસામાં દેખાતું ચંદ્રબિમ્બ જાડા ગોળ (મૅગ્નિફાઇંગ) કાચ વતી તપાસશો તો ચંદ્રનો આકાર તથા દેખાવ બહુ સુંદર લાગશે.

૯×૯+૭=૮૮
૯×૯૮+૬=૮૮૮
૯×૯૮૭+૫=૮૮૮૮
૯×૯૮૭૬+૪=૮૮૮૮૮
૯×૯૮૭૬૫+૩=૮૮૮૮૮૮
૯×૯૮૭૬૫૪+૨=૮૮૮૮૮૮૮
૯×૯૮૭૬૫૪૩+૧=૮૮૮૮૮૮૮૮
૯×૯૮૭૬૫૪૩૨+૦=૮૮૮૮૮૮૮૮૮
૯×૯૮૭૬૫૪૩૨૧−૧=૮૮૮૮૮૮૮૮૮૮

પીળા પડી ગએલા દાંતને ઉજળા બનાવવા તેના પર લીંબુનો રસ ઘસીને મોં પાણીથી બરાબર સાફ કરી નાખવું.



કાગળ કાપીને બનાવેલી બે આકૃતિઓ

સાધારણ કાળી શાહીમાં નાઇટ્રિક ઍસિડનાં થોડાં ટીપાં નાખવાથી તે અદૃશ્ય શાહી બને છે. એનાથી લખાએલા કાગળને પાછો અમોનિયાની હવા લગાડીને વાંચી શકાય છે.

સરનામાં કરવામાં સામાન્ય રીતે પહેલાં મહોલ્લા, પોળ કે શેરીનું નામ લખી પછી ગામનું નામ લખવાનો બધે રિવાજ હોય છે; પણ જર્મનીમાં એથી ઉલટું છે: પહેલાં ગામનું નામ ને પછી શેરીનું. જેમકે: રવિશંકર રાવળ, અમદાવાદ, બાઉઆની પોળ.

પીઆનાની અંદરના ભાગમાં એક માઇલ જેટલો લાંબો તાર વપરાય છે.



વપરાશમાં ન આવતા હોય એવા બુટને પણ વધુમાં વધુ પખવાડિયે એક વાર તો સાફ કરવા જ જોઇએ. નહિ તો દરરોજ વપરાશમાં આવવાથી ઘસાય એટલા જ પડ્યા પડ્યા ઘસાઇ જાય છે.

કહેવાય છે કે વીંછીના ડંખ ઉપર મધ ઘસવાથી ફાયદો થાય છે.

કચુંબરને ખાવા પહેલાં એક દિવસ અગાઉ કાપીને તેના પર પાણી છાંટી રાખ્યું હોય તો સહેલાઇથી પચી જાય છે.

૧૩મી ફેબ્રુઆરી: મિસિસ સરોજિની નાઇડુની જન્મતિથિ. ૧૯મી ફેબ્રુઆરી: કર્મયોગી ગોપાળ કૃષ્ણ ગોખલેની અવસાનતિથિ.

'રિવાજ પડવો' એ અર્થમાં વપરાતો ખરો શબ્દ 'ધાટી પડવી' છે. એને બદલે ભુલથી 'ધાટી પડવી' લખાય છે તે ખોટું છે.

આ બેમાંથી કોની ઉમર મોટી હશે? શું ધારો છો? જમણી બાજુ ઉભેલો ઉંચો દેખાતો બાળક સાત વર્ષનો છે; જ્યારે ડાબી બાજુના ઠીંગુજી મિ. કે. ઓબાલારાવ ૨૯ વર્ષના છે! એ મદ્રાસી વામનજી જુદીજુદી અનેક ભાષાઓ બોલી શકે છે, તે ઉપરાંત વિવિધ ભાષણકર્તાઓ, પ્રાણીઓ અને ચીજોનાં અનુકરણ પણ કરી શકે છે. એમના શરીરના પ્રમાણમાં એમને ખોરાક પણ બહુ જુજ જોઇએ છે, અને કામ પણ થોડાક જ કલાક કરી શકે છે.

શાર્ક માછલી કલાકના ૧૭થી ૨૦ માઇલની ઝડપે દરિયામાં તરી શકે છે.